
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૨મું
સપ્ટેમ્બર - ૨૦૧૭
અંક : ૪૭૨
મંગલ મંદિર ● સપ્ટેમ્બર-૨૦૧૭ ● ૧
(કુલ પાના : ૭૨)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર


## મિચ્છામી દુક્કડમ્






: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુથ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# તદ્દન નવાં પ્રકાશનો




NAVNEET
**GLOBAL**
DICTIONARY
**Price : ₹ 400.00**




NAVNEET
**CONCISE GLOBAL**
DICTIONARY
**Price : ₹ 320.00**

**મુખ્ય વિશેષતાઓ :**

- વર્તમાન સમયમાં અંગ્રેજી ભાષાની અગત્યને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા સર્વાંગસંપૂર્ણ કોશ.
- અંગ્રેજી સ્પેલિંગ **'બ્રિટિશ ઇંગ્લિશ'** પ્રમાણે અને તેના ગુજરાતીમાં અર્થ **'સાર્થ જોડણીકોશ'** પ્રમાણે આપવામાં આવેલ છે.
- લગભગ **25,000 મૂળ શબ્દો** અને **40,000 સાધિત શબ્દો** મળીને કુલ **70,000 શબ્દોના** વિશદ અર્થોનો ગુજરાતી તથા અંગ્રેજી એમ બંને ભાષામાં સમાવેશ.
- જ્યાં મૂળ શબ્દ ક્રિયાપદ છે, ત્યાં તેના ભૂતકાળ (p.t.) અને ભૂતકૃદંત(p.p.)નાં રૂપોનો પણ સમાવેશ.
- જરૂરિયાત પ્રમાણે શબ્દો અને રૂઢિપ્રયોગોનો અંગ્રેજીમાં વાક્યપ્રયોગો દ્વારા સરળ સ્પષ્ટીકરણ સાથે સમાવેશ.
- સ્પેલિંગના ઉચ્ચારોનું International નિયમ મુજબ નિર્દેશન જેમ કે, Budget ('બજિટ્), Development (ડિ'વેલપમન્ટ્), Grandmother ('ગ્રૅન્ડ્મધર્).
- રોજિંદા જીવનમાં વપરાતી વિવિધ વસ્તુઓ તેમજ આસપાસ જોવા મળતી વસ્તુઓના વિપુલ શબ્દભંડોળનો પરિશિષ્ટમાં સમાવેશ.

NAVNEET®
Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED


**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad-380 052, India.
**phone :** (079) 6630 5000 • 66305001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@Navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

IADC

# સ્મૃતિશેષ નવીનભાઈ શાહ (પોલડિયા)ને

## અશ્રુસભર શ્રદ્ધાંજલી



મૂળે તલવાણા (કચ્છ)ના વતની અને સુપ્રસિદ્ધ નવનીત ગ્રુપના ડિરેક્ટર તથા સ્વનામધન્ય પરિવારના સ્વજન **સ્વ. નવીનભાઈ નાનજી પોલડિયા**ની અણધારી અને અકાળ વિદાયથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તીવ્ર આઘાત અનુભવે છે. આવા કરુણાવંત શ્રેષ્ઠીના કરુણ અંતથી આખા ગુજરાતે આંચકો અનુભવ્યો હતો. શ્રેષ્ઠીવર્ય મળતાવડા સ્વભાવના મહાજન હતા અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા. એમણે સમાજના ટ્રસ્ટી તરીકે અને હોદ્દેદાર તરીકે આપેલી અણમોલ સેવાઓ જાણીતી છે. એમની વિદાયથી નવનીત પરિવારને અને સવિશેષ એમનાં જીવનસંગિની ગં.સ્વ. કંચનબહેનને પડેલી ખોટ ક્યારેય પુરાઈ શકે એમ નથી. એ પણ કેવો યોગાનુયોગ કે મૃત્યુ પૂર્વે બે માસ અગાઉ સ્વ. નવીનભાઈએ એમનાં ધર્મપત્નીને પોતાની એક કિડની આપીને બચાવી લેવાની પવિત્ર ફરજ બજાવી હતી. આ ઘટના ઘણી પ્રેરક છે. જ્યાં સ્વજનને જરૂર પડે ત્યારે પોતાનું જ અંગદાન કરવાની તક ઝડપી લઈ આ શ્રેષ્ઠી મહાજને સમસ્ત સમાજને એક મૂઠી ઊંચેરો આદર્શ ચીંધ્યો છે.

દિવંગત આત્માને પરમાત્મા પરમ શાંતિ અર્પે અને પરિવારને પડેલી ખોટ સહન કરવાની ક્ષમતા અને સમતા અર્પે એ જ પ્રભુ પ્રાર્થના.

**ઋણ સ્વીકાર સહ,**

**સમસ્ત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી**

| | |
|---|---|
| **પ્રતાપ નારાણજી દંડ** | **કે. આર. શાહ** |
| **પ્રમુખ** | **માનદ્ મંત્રી** |

છેલ્લા ૪૧ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- આફત કહીને નથી આવતી : દિવ્ય કૃપા, સાવચેતી અને વિવેકબુધ્ધિ જ ઉગારી શકે ........ ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૮

**લેખ વિભાગ**

**ધારાવાહિક નવલકથા**

- છોરાંવછોઈ – (૧૧) અષાઢી બીજે મણિલાલ આવ્યો ........ **હંસરાજ સાંખલા** ....... ૯

**કચ્છી કથા**

- સતી મારઈ ........ **સ્વામી સચ્ચિદાનંદ** ..... ૧૧

**કચ્છી પ્રતિભા વિશેષ**

- પ્રૉ. કે.ટી. શાહ : વિશ્વવિખ્યાત અર્થશાસ્ત્રી ........ ૧૪

**સંસ્મરણ**

- મુંજી મીઠી માડી : મડઈ (કચ્છ માંડવી મુકામેના બચપણની યાદ) ........ **ઇશ્વર પરમાર** ..... ૧૫

**ઇતિહાસ**

- કસ્તૂરબાની જીવલેણ માંદગી અને અંગ્રેજ સરકારની આડાઈ ........ **જિતેન્દ્ર દવે** ..... ૧૮

**વિશ્વ પર્યટન દિવસ : ૨૭મી સપ્ટેમ્બર**

- વિશ્વ બંધુત્વની ભાવના સાથે સામાજિક - સાંસ્કૃતિક આદાન પ્રદાનનો દિન ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૨૨

**વાર્તા**

- ઝેર ........ **રજનીકુમાર પંડ્યા** ..... ૨૫
- પુરાવા ........ **ગિરિમા ઘારેખાન** ..... ૨૮
- વિરોધ ........ **જનક નાયક** ..... ૩૧

**પ્રેરક કથા**

- સત્યનો સાથ ........ **હર્ષદ પંડ્યા** ..... ૩૪
- ભગવાન પર ગુસ્સો ........ **ડૉ. આઈ.કે. વીજળીવાલા** ..... ૩૬

**લોક કથા**

- કાળજે વાગી ગયું ........ **રાઘવજી માધડ** ..... ૩૮

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


**મંથન**

- નવા વર્ષને આનંદમય બનાવીએ .................... ફાધર વર્ગીસ પોલ ..... ૩૯
- કેવા હોવા જોઈએ તમારા માર્ગદર્શક! .................... દિવ્યેશ વેકરિયા ..... ૪૧

**વિચાર વિમર્શ**

- હું કોણ? .................... ભાનુબેન એન. સાવલા ..... ૪૨

**ચિંતન**

- ક્યાં છે મારો માણસ? .................... જગત મિત્ર ..... ૪૩

**સમાજ ચિંતન**

- સંબંધોના સથવારે : સમસ્યા સૌની .................... ઇલા. કે. શાહ ..... ૪૪

**પંચતંત્ર**

- અનુભવ .................... રાજન પટણી ..... ૪૫

**લઘુ કથા**

- એક નાનકડી વાત .................... ડૉ. સુધીર ચી. મોદી ..... ૪૭

**સ્વાસ્થ્ય**

- સ્વાઈન ફ્લુ .................... વલ્લભજી હીરજી 'કેવલ' ..... ૪૮
- ચિત્તભ્રમની બીમારી : સારવાર — (૨) .................... ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ ..... ૪૯

**હાસ્ય**

- હૃદય ઉપર મર્મ-ઘાતી હુમલો .................... ડૉ. નલિની ગણાત્રા ..... ૫૧

**નિયમિત વિભાગો**

- આંજો કાગર .................... ૫૨
- બાલુડેં જ્યું ગાલિયું .................... ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૫૩
- જાણવા જેવું .................... સંકલન : રજનીકાંત પારેખ ..... ૫૪
- *Nano Nine* શબ્દ રમત-૧૩૨ .................... સંકલન : રજનીકાંત પારેખ ..... ૫૫
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૮૯) .................... સંકલન : રજનીકાંત પારેખ ..... ૫૭
- વલોવતન .................... સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ ..... ૫૯
- સમાજ દર્પણ .................... ૬૧
- સંસ્થા સમાચાર .................... ૬૨
- ઊડતી નજરે .................... ૬૮


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# આફત કહીને નથી આવતી :
# દિવ્યકૃપા, સાવચેતી અને વિવેકબુદ્ધિ જ ઉગારી શકે

સ્વનામ ધન્ય નવનીત - ગાલા પરિવારના સ્વજન અને શ્રેષ્ઠી મહાજન શ્રી નવીનભાઈ શાહની દુઃખદ વિદાયથી આખા સમાજમાં આઘાત અને શોકનું મોજું ફરી વળ્યું છે. જે રીતે તેઓ છેતરપિંડીનો શિકાર બન્યા છે એ જાણ્યા પછી તો ગુજરાત પણ બિહારના માર્ગે જઈ રહ્યું હોય એવા જ અણસાર મળે. અજાતશત્રુ જેવા જૈન શ્રેષ્ઠીની ભલમનસાઈનો કેવો ગેરલાભ ઉઠાવાયો! ગોરબંધ હોટલ સામે પોતાની કારમાંથી ઊતરી જઈ બીજી લક્ઝુરિયસ ગાડીમાં ગોઠવાતી વખતે એમને સ્વપ્ને પણ કલ્પના નહીં હોય કે એમનું અપહરણ કરવાના બદઈરાદાથી એ દુષ્ટ પરિચિતોએ કમકમાટી ઉપજાવે એવો કારસો રચ્યો હતો. આખરે એમના અપહરણની પાછળ માતબર ખંડણી અંકે કરવાનો જ આશય હશે, પરંતુ એનો જે અંજામ આવ્યો એ આપણી આંખ ઉઘાડનારો છે. વધુ પડતો વિશ્વાસ કે આત્મવિશ્વાસ ક્યારેક માણસને અણધારી આફતમાં ફસાવી શકે છે. નવીનભાઈ આવા વિશ્વાસ અને આત્મવિશ્વાસનો ભોગ બની ગયા. સમાજે એક સાલસ પ્રકૃતિના મહાજન ગુમાવ્યા અને નવનીત પરિવાર માટે તો આ કારમી ઘટના પેઢીઓ લગી પીડાનું પોટલું બની રહેશે. આવી દુર્ઘટનાઓ ગુજરાતની પ્રકૃતિને અનુકૂળ નથી. પરંતુ આવા આશ્વાસનથી આપણે સાવ બેદરકાર રહીએ એ પણ બરાબર નથી. અન્ય પ્રદેશોમાં તો સમૃદ્ધ પરિવારો પોતાની સુરક્ષા પાછળ માતબર રોકાણ કરીને ચોવીસે કલાક સલામતી કવચમાં રહેતા હોય છે. ગુજરાતમાં હજી આવી હિંસક વારદાતો જૂજ પ્રમાણમાં જોવા મળે છે. છતાં હવે સમય બદલાયો છે, માણસનું મન વધારે સ્વાર્થી બન્યું છે. બધાને રાતોરાત કરોડપતિ થઈ જવાના અભરખા જાગ્યા છે. આવી વિષમ પરિસ્થિતિમાં માનવીય સંવેદના અને નૈતિક મૂલ્યો નેવે ન મુકાય તો જ નવાઈ. જરૂર છે સાબદા બનવાની, સાવચેત રહેવાની. ઘરઘાટીથી લઈ ડ્રાઈવર કે નોકર સુધી બધા પ્રત્યે દયા - માયા અને ઉદારતા દાખવવી એ માનવતા છે; પરંતુ સાથે જ તેમના વ્યવહાર - વર્તનની ઝીણી નજરે તપાસ પણ કરતા રહેવું પડે તે સમયનો તકાદો છે. સ્વ. નવીનભાઈ શાહ (પોલડિયા)ની વિદાયથી સમાજને ક્યારેય ન પુરાય એવી ખોટ ઉપરાંત ક્યારેય જેનું સમાધાન ન જડે એટલો ઊંડો આઘાત પહોંચ્યો છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી અમે સૌ દિવંગતના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાય અને પરિવારજનોને આવી પડેલી અણધારી આફત સહન કરવાની ક્ષમતા તેમજ સમતા સાંપડે, એવી પ્રાર્થના કરીએ છીએ અને હાર્દિક શ્રદ્ધાંજલી પાઠવીએ છીએ.

ગુજરાતના અમુક વિસ્તારોમાં આ વખતનું ચોમાસું આશીર્વાદને બદલે અભિશાપ સમું નીવડ્યું છે. ઉત્તર ગુજરાત સામાન્ય રીતે ઓછા વરસાદવાળો પ્રદેશ ગણાય છે. પરંતુ આ વખતે ઋતુચક્ર અને કાળચક્રની વિપરીત ગતિએ બનાસકાંઠા, પાટણ અને અરવલ્લી જિલ્લાઓમાં કાળો કેર વરતાવ્યો છે. મેઘરાજાની મહેર જ્યારે કહેરમાં ફેરવાઈ જાય ત્યારે કાળા માથાના માનવીનો કોઈ જ ઉપાય ચાલતો નથી એનું પ્રત્યક્ષ

પ્રમાણ બનાસકાંઠામાં જળપ્રલયથી મચેલી તબાહી સ્વરૂપે જોવા મળ્યું છે. કચ્છને પણ આ જળપ્રલયના કારણે ગુજરાત સાથે વખત પૂરતું વિખૂટું પડી જવું પડ્યું હતું. મોરબીની મચ્છુ ડૅમની દુર્ઘટનાનું પુનરાવર્તન થતાં રહી ગયું, પરંતુ રાજસ્થાનમાં પડેલા ઉપરવાસના વરસાદે ઉત્તર ગુજરાતનું ધનોતપનોત કાઢી નાખ્યું. હજારોની સંખ્યામાં અબોલ જીવો અને અસંખ્ય દુખિયારા પરિવારોનો ભોગ લેવાઈ ગયો. એક જ પરિવારના સત્તર સભ્યો ધસમસતાં પૂરમાં ગરકાવ થઈ ગયા હશે ત્યારે કેવી કાળી કળેળાટી મચી ગઈ હશે! કેન્દ્ર અને રાજ્ય સરકાર ઉપરાંત વિપક્ષ તથા અનેક સ્વૈચ્છિક સંસ્થાઓએ મન મૂકીને સહાય આપી છે. વડાપ્રધાન અને મુખ્યમંત્રી ઉપરાંત કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષે રૂબરૂ મુલાકાત પણ લીધી છે. ગુજરાતની કરુણા આવી કુદરતી આફતો વખતે મન મૂકીને કોળી ઊઠે છે, એનો પરચો આપણને કચ્છના ઐતિહાસિક ભૂકંપથી લઈ બનાસકાંઠાના વર્તમાન જળતાંડવ વખતે થયો છે. ઘણી વખત આપણી અનુકંપા કશીય ગણતરી વગરનાં આંધળૂકિયાં કરાવે છે. આવી કુદરતી હોનારતો વખતે શક્ય એટલી વધુમાં વધુ સહાય વહેલામાં વહેલી તકે પહોંચાડવાનો શિરસ્તો વખાણવાલાયક છે અને એ તો આપણા ગરવા ગુજરાતીઓની વિશેષ ઓળખાણ છે. પરંતુ સહાય પહોંચાડવામાં પણ વિવેકભાન રાખવાની જરૂર છે. જરા ઝીણવટપૂર્વક જે-તે સ્થળે કઈ ચીજવસ્તુ પહોંચાડવી જરૂરી છે એનું આકલન કરવાથી એક જ પ્રકારની આઈટમોના ઢગ ખડકાતા અટકાવી શકાય અને દુખિયારાં ભાંડુને સૌથી વધારે જેની જરૂર હોય એવી વસ્તુઓ, ખાદ્ય પદાર્થો, દવાઓ, કપડાં, વાસણ વગેરે પહોંચાડી શકાય. આવી આફત વખતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પણ યથાશક્તિ સહાય પહોંચાડી માનવધર્મ બજાવવાનો લહાવો લીધો, એનો સંતોષ છે. પરમ કૃપાળુ પરમાત્મા આ જળ પ્રલયનો ભોગ બનેલા તમામ જીવોને શાતા અર્પે એ જ અભ્યર્થના. ■

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● તા. ૧૨-૯-૨૦૧૭થી તા. ૧૫-૯-૨૦૧૭ | | વયસ્ક સમિતિ | રાજસ્થાન યાત્રા પ્રવાસ. |
| ● રવિવાર, તા. ૨૪-૯-૨૦૧૭ રાત્રે ૮.૦૦થી ૧૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | ગરબા કાર્યક્રમ (ચોથું નવરાત્ર) |
| ● ગુરૂવાર, તા. ૫-૧૦-૨૦૧૭ રાત્રે ૮.૦૦થી ૧૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | ગરબા કાર્યક્રમ (શરદ પૂનમ) |
| ● શુક્રવાર, તા. ૧૩-૧૦-૨૦૧૭ બપોરે ૪.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | અદ્‌ભુત રંગારંગ કાર્યક્રમ. |
| ● શુક્રવાર, તા. ૨૦-૧૦-૨૦૧૭ સાંજે ૫.૦૦થી ૭.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | નૂતન વર્ષ મિલન સમારંભ |
| ● શનિવાર, તા. ૪-૧૧-૨૦૧૭ | સ્થળ – નક્કી થયેથી | સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ | સમાજના યુવક-યુવતીઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમ. |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૧૧)

હંસરાજ સાંખલા

## અષાઢી બીજે મણિલાલ આવ્યો

પટેલબાપાની વાડીએ કામ કરતી રતનને મરકતી આવતી દીકરી જ્યોતિને એકલી જોઈ આશ્ચર્ય થયું. નજીક આવતાં 'એકલી આવોરી તે કોકી કેના કને મૂકી આવી?'

'બાઈ, મારા બાપુજી આયા હે. હાલો ઘરે.' જ્યોતિએ રતનની વાત સાંભળી ન સાંભળી કરી બાપુજી આવ્યાની વધામણી આપી. ઉમંગમાં જ્યોતિ માટે એની માએ પૂછેલો પ્રશ્ન ગૌણ બની ગયો.

'કોણ આયુ હેં?' આંખ ઝીણી કતાં રતને પૂછ્યું.

'મારા બાપુજી આયા હે બોડી (બહેરી) સાંભળતી નથી?' જ્યોતિએ કહ્યું.

'જા જા છટારી. દીકરી થઈને તું યે શું મશ્કરી કરતી હઈશ?' રતને ગાલે ચૂંટલી ભરતાં કહ્યું.

'મારા હમ ખોટું બોલતી હોં તો! હાલ હવે જલદી.' જ્યોતિએ કહ્યું.

'મા ઘરે હતાં?'

'ના ઈતાં મજૂરે ગ્યાં હે!' જ્યોતિ.

રતનને જ્યોતિની વાત માથે વિશ્વાસ ન તો બેસતો. પણ હાચું હોયતો? મનમાં થોડી ચિંતાયે થઈ. હાજા-માંદા થૈને તો નીં આવ્યા હોયને? એનાથી જલારામ બાપાનું સ્મરણ થઈ ગયું. રતનને વિચારમાં પડેલી જોઈ, સાથે કામ કરતી ધનબાઈએ ચોલાણું કર્યું.

'જા ને હવે બીજી વાતું ને વિચાર કર્યા વગર. 'રણમાં વીરડી' જડી ઈ કેતી નથી, જધ્ધી હવે રાજી તાં'થા.'

'રાજી તાં થઈ જ હૈશને પણ તમને બધું થોડું કેવાય. તમને એવું કીં તો તમે આખું વર ચોલાણાં કરો.' રતન મનમાં બોલી. આ રીતે સાથે કામ કરતી બધી બહેનો એકબીજાનાં ચોલાણાં કર્યું, ને પોતાની અને સૌની વિયોગી એકલતાને હળવી કર્યું.

આ રીતે ચોલાણાં કરવાથી થાકે ન લાગે ને દિવસ કેમ પૂરો થઈ જાય એ ખબર પણ ન પડે. આવું સૌનું દેશી મનોવિજ્ઞાન હતું.

નહીં તો પ્રિય પાત્રના વિયોગની વેદનાને પંપાળે તો દિવસ તો ઠીક, રાત વીતાવવી વસમી થાય. અહીં તો આ રીતે એકાદ રાત નહીં મહિનાઓ, અરે બાર બાર મહિના અને કોઈને તો દોઢ દોઢ બબ્બે વરસ પણ વિયોગી એકલતામાં વીતાવવાં પડતાં.

પટેલબાપાની વાડીએથી ઘરે જવાની રજા લઈ જ્યોતિ સાથે વાતો કરતી પણ મનમાં છૂપા આનંદ સાથે રતન ઘરે પહોંચી.

આંગણામાં લીમડાના છાંયે બેઠેલા મણિલાલનું ખુશમિજાજ અને ચમકતું મોંજોઈ એને જે હાંજમાંદની બીક હતી તે જતી રહી. એણે જલાબાપાનો મનોમન આભાર માન્યો.

'જયશ્રી કૃષ્ણ,' કહી એ મણિલાલને પગે લાગી અને કહ્યું, 'કા ઓચિંતી મેરબાની કરી?'

'કાં નવાઈ લાગેરી?' સ્મિત સાથે મણિલાલે કહ્યું.

'નવાઇ તાં લાગે જ ને? નૈ વાદળાં, નૈ વીજળી ને ઓચિંતા મીં?'

'ગરમી હોય તો મીં તાં આવે જ ને? તને ક્યાં ખબર નથી.' મણિલાલે હસતાં ચહેરે કહ્યું.

'ઉકળાટ હોય તો બરાબર હમજ્યા પણ મને આ લૂખવાળો તડકો લાગતો તો એટલે...!' – રતને કટાક્ષ કર્યો.

'તું રોજ યાદ કરતી'તી એટલે આવવું જ પડેને' મણિલાલે રતનની વાત કાપતાં કહ્યું.

'તમને યાદ નીં કરીએ તો કેને કરશું? તમને રોજ હીકડી આવતી હશે. હાચું કઉં, આ વખતે મને એકેવાર હીકડી નો'તી આવી. લાગેર્યું તમને અમે યાદ નો'તાં આવતાં? તમને હું એકલી યાદ નો'તી કરતી. આ ચાર માતાજીયુંયે યાદ કર્યુંત્યું. લ્યો વાતું પછી કરશું. હું ચાય મૂકું.'

કહી રતન ચાય મૂકવા ગઈ ત્યાં મરઘાંમા ડેલીમાં દાખલ થયાં. મણિલાલને જોઈ, 'એ મારો દીકરો કૈંયે આયો? તું આવનારો હોઈ અમને ખબરે નથી.' કહી મરઘાંમા મણિલાલને ભેટીને મલ્યા. મણિલાલ પગે લાગ્યો. ને મા દીકરો ખાટલે બેઠાં.

'મારું ઓચિંતું જ આવવાનું થ્યું. વેલાં ફઈનો કાંતિ કે 'મને હુરધનબાપાની ઉજમણી માથે કચ્છમાં જવું હે. તુયે હાલ. આમ તો શેઠ રજા નોતા દેતા પણ કાંતિએ હાચું ખોટું બોલી રજા લેવરાવી દીધી.'

'ધજ કર્યું. અમે બધાં હંભારતાં'તાં. હમણાં તાં તારા કાગળનાંય ઠેકાણાં નથી. મૈના માહે એકાદ પતું લખતાંય તમને

શીયાણું શું મારા પડેર્યાં? અમે ઇયાં તમારા કાગળ હારું લોછીયેં પડ્યાં. એના આધારે તાં જીવીયેર્યાં. એમાંય તમે ભગવાન જાણે કેવા કાંમે ભેલાણા હો કે તમને એક પતુયે લખવાનું ટેમ નથી. શેઠનું બધું કરાય પણ રોજ હવાર-હાંજ ટેમ કાઢીને ઘેર કાગળ લખવો ખપે. શું કરેર્યાં ફુઆવાળાં? મળે કે ન મળે?' મણિલાલ ફુઆ કનેથી છૂટો થઈ ગયો હતો તે મરઘાંમાને ખબર હતી.

'મળે. આપણે જઈએ તો. કામ વગર થોડું જવાય!' – મણિલાલે કહ્યું.

'ફુઆ કને કામ વગર કાં ન જવાય?'

'એવાં હેત હોય તો ને?'

'કાં...? તો તેં વઢીને રજા લીધી હે એવું જ કેને' મરઘાંમાએ કહ્યું.

'ના એવું કાંય નો'તું. પગાર વધારતા નોતા. પૂછજો વેલાં ફઈના કાંતિને! કામ પ્રમાણે પગાર ખપે કે નૈ? હમણાં એના જ ભાઈબંધ કને કામ કરૂર્યો. ફુઆ કરતાં ડબલ જેવો પગાર હે ને કામે ઓછું!'

'તોય હગાને છોડીને ત્ર્યાટ (ત્રાહિત) કને થોડું જવાય? ક્યાંક ભીડે અભીડે હગાં જકામ આવે. ત્ર્યાટ થોડા કામ આવશે. ઈ તમને છોરાંને કેમ હમજાવવું. હવે તમને ઠીક લાગે ઈ હાચું!'

ત્યાં આઘેરું ઓઢી રતન ચાયની કીટલી ને રકાબી લઈ આવી.

મા અને મણિલાલને ચાય આપી.

મણિલાલ ચાય પીને રકાબી નીચે મૂકતો તો ત્યાં માએ કહ્યું, 'વઉં ચાય હોય તો મારા દીકરાને ધ્યો. રસ્તામાં થાક્યો હશે.'

'બસ મા, તમે પીઓ. અમે નખત્રાણા ચાય પીધી'તી.'

'ઘો ઈતાં ના કે. પીધી હશે પણ ઘરના દૂધના જેવી થોડી હશે.'

મરઘાંમાની વાત સાંભળી રતન મણિલાલ સામે જોઈ મુરકી. આ જોઈ મરઘાંમાથી ન રહેવાયું.

'વઉ એમાં શું ખેલોરી? (હસે છે?)'

'બાઈજી દીકરા માથે હજી કેટલા દી જીવ બાળશો? હવે ઈ નેનકડા ગગા નથી.'

'જેનો છોરાં માથે જીવ બળે ઈ જ મા કેવાય. છોરં ભલે પેચ્ચા (= પચાસ) વરનાં થાય પણ માબાપને ઈ નેનકડાં છોરાં જ લાગે. ઈતાં તમે મોટાં થશો તૈયે તમારાય જીવ એવા જ થઈ જશે. મણા તું મંદિરે ગ્યો તો? ન ગ્યો હો તો જઈ આવને ગામમાં બધાંને મળી આવ.'

મણિલાલ ચોક બાજુ ગ્યો. લીલાવહુ હજુ મજૂરેથી ઘરે નતી આવી. આ મોકો જોઇ મરઘાંમા નાનાના ઘરમાંથી પાંચ-છ જણને થઇ જાય એટલી સેવું ને ગોળ ઘી લઈ આવ્યા. રતનને દેતાં કહ્યું, 'વઉ લ્યો હાંજે બધા હારું ભિરંજ કરજો.' મરઘાંમા રતનના ઘરમાં શું છે અને શું નથી તે જાણતા હતા.

રતનને બોલ્યાચાલ્યા વિના વિલા મોંએ એ લઈ લેવું પડ્યું. મરઘાંમાએ સેવું ને ગોળ વગેરે ન દીધું હોત તો મહેમાન માટે આજે ઘરમાં બીજું વિશેષ કંઈ નોતું. મણિલાલ તરફથી હમણાં ત્રણ-ચાર મહિનાથી કંઈ આવ્યું ન'તું. પછી ગામની છૂટક મજૂરીમાંથી આવું બધું ક્યાંથી હોય? રતન પોતાની દાનકીના પૈસાથી અને ઉધાર ઉછીના આધારે ગાડું ગબડાવતી હતી.

*(ક્રમશઃ)*

## વિચાર શક્તિ

૧. કાર્ય કરવું તે ઘણું સારું છે. પણ કાર્ય વિચારમાંથી ઉદ્‌ભવે છે. તેથી મગજને ઊંચામાં ઊંચા વિચારોથી, શ્રેષ્ઠ આદર્શોથી ભરી દો. તે વિચારો અને આદર્શોને દિવસ-રાત તમારી સમક્ષ રાખો. તેમાંથી જ મહાન કાર્યો જન્મશે.

૨. એક જ વિચારને પકડો. એક જ વિચારથી તમારું જીવન સર્વસ્વ બનાવો. તેના વિશે જ વિચાર કરો. તેના જ સ્વપ્ના સેવો. એ વિચાર પર જ જીવો. તમારું મગજ, સ્નાયુઓ, માંસપેશીઓ, જ્ઞાનતંતુઓ, તમારા શરીરના એક એક અવયવને એ વિચારથી ભરપૂર કરી દો અને એ સિવાયના બીજા દરેકે દરેક વિચારને બાજુએ મૂકો. સફળ થવાનો આ જ માર્ગ છે.

૩. જો તમે પાંચ વિચારોને પચાવ્યા હોય અને તેમને તમારા જીવન અને ચારિત્ર્યમાં ઉતાર્યા હોય, તો જે માણસે આખી લાઇબ્રેરી ગોખી લીધી હોય તેના કરતાં તમે વધુ કેળવાયેલા છો.

૪. નિરંતર પવિત્ર વિચારો કર્યે રાખો. ખરાબ સંસ્કારોને દબાવવાનો એકમાત્ર ઉપાય એ જ છે.


૫. ખરાબ વિચારો ભૌતિક દૃષ્ટિએ જોતાં, રોગના જંતુઓ છે.

૬. શરીર તો અંદર રહેલા વિચારો મુજબ ઘડાય છે. આ રીતે દરેક રાષ્ટ્ર, તે પ્રજાના વિચારોની અભિવ્યક્તિ છે.

૭. જે લોકો આ જીવનમાં નિરંતર નિરાશ અને નિરુત્સાહી રહે છે, તેઓ કશું કરી શકતા નથી.

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

"ROLEX" Brand



**Rushabh**
**STEEL CENTRE**

G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072**

MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

કચ્છી કથા

# સતી મારઇ

સ્વામી સચ્ચિદાનંદ

પ્રાચીનકાળમાં બહુપત્નીત્વની છૂટ વિશ્વભરમાં હતી. ભારતમાં પણ આવું જ હતું. એકપત્નીત્વનો નિયમ અંગ્રેજોના અહીં આવ્યા પછી 'હિંદુ કોડ બિલ' પાસ થયા પછી લાગુ થયો. હિંદુ કોડ બિલ માત્ર હિંદુઓ માટે જ હતું, મુસ્લિમો માટે ન હતું. મુસ્લિમો આજે પણ ચાર પત્નીઓ સુધી લગ્ન કરી શકે છે. આપણે ત્યાં શ્રીરામ અને સીતાજીનું ઉદાહરણ એકપત્નીત્વ તરીકે દેવામાં આવે છે, પણ તે આદર્શ દૃષ્ટાંતરૂપ જ છે. વ્યવહાર કરતાં આદર્શ થોડો ઊંચો હોવો જોઈએ, જેથી લોકોને ઉન્નત જીવન જીવવાની પ્રેરણા મળે. પણ આદર્શ જ્યારે અતિ આદર્શ થઈ જાય ત્યારે તેનો વ્યવહારિકતાથી સંબંધ કપાઈ જાય. વ્યવહારિકતાથી જેનો સંબંધ રહે જ નહીં તેવો આદર્શ અપ્રસ્તુત થઈ જાય. જેમ કે લગ્ન કર્યા પછી પણ પતિ-પત્ની બંનેએ જીવનભર બ્રહ્મચર્ય પાળ્યું. આ અતિ આદર્શ કહેવાય, જે અપ્રસ્તુત કહેવાય. લગ્ન પછી પતિ-પત્ની સંયમ પાળે અર્થાત્ માપસરના જ ભોગ ભોગવે તે પ્રસ્તુત આદર્શ કહેવાય. કોઈ પણ ભોગે વ્યવહારિકતાની ઉપેક્ષા કે અવજ્ઞા ન થવી જોઈએ.

જ્યારે સામાન્ય લોકો પણ બહુપત્નીત્વમાં માનતા હોય ત્યારે રાજા-મહારાજાઓ, બાદશાહો, સુલતાનો, નવાબો વગેરેની તો વાત જ શી કરવી? ચાર જ પત્નીઓ કરી શકાય તેવી ધર્મ આજ્ઞાને કેટલાય મુસ્લિમ શાસકો ઘોળીને પી ગયા હતા. ધર્મની વ્યાખ્યા ધર્માચાર્યો સત્તાધીશો નારાજ ન થઈ જાય તે રીતે કરતા હોય છે. ખરેખર તો ધર્મના નિયમો અને સરકારી કાયદાઓ સામાન્ય લોકો માટે હોય છે. બળવાન સત્તાધીશો માટે કાં તો હોતા નથી, કાં પછી છૂટછાટ હોય છે.

પ્રાચીનકાળમાં રાજા - મહારાજાઓની પત્નીઓમાં ચાર ગ્રેડેશન થતાં : (૧) પટરાણી, (૨) મહારાણી, (૩) રાણી અને (૪) રખાત. પટરાણીના પુત્રને પાટવી કુંવર કહેવાતો. તે રાજ્યનો ઉત્તરાધિકારી થતો. બાકીની રાણીઓના કુંવરો ભાયાતો થતા અને રખાતના પુત્રનો સંપત્તિમાં કશો હક્ક ન રહેતો. તે માત્ર ભોગ ભોગવવા પૂરતી જ રહેતી. એટલે હિંદુ પરંપરામાં પત્નીને 'ધર્મપત્ની' કહેવાય છે. આવો શબ્દપ્રયોગ બીજી પરંપરાઓમાં થતો નથી. જેમ પત્ની માટે 'ધર્મપત્ની' શબ્દ પ્રયોજાય છે, તેમ પતિ માટે 'ધર્મપતિ' શબ્દ પ્રયુક્ત થતો નથી. કારણ કદાચ એવું હોય કે પુરુષ માટે 'અધર્મ-પત્ની' (રખાત) પણ હોય, જ્યારે પત્ની માટે 'અધર્મ-પતિ' ન હોય. 'રખાત'નો પુરુષવાચી કોઈ શબ્દ નથી. એટલે આ વ્યવસ્થા માત્ર પુરુષોએ જ પુરુષો માટે કરેલી છે.

રખાતનાં લગ્ન વિધિ-વિધાનથી પુરુષ સાથે થયાં નથી હોતાં તો પણ તે પત્ની તો ખરી જ. કેટલીકવાર તો ધર્મપત્ની કરતાં પણ રખાત પત્ની વધુ પ્રેમાળ અને વધુ વફાદાર હોય છે. ધર્મવિધિ કરવામાત્રથી પ્રેમ આવી જતો નથી. પૂરેપૂરી ધર્મવિધિ કર્યા પછી પણ ઘણાં પતિ-પત્ની પ્રેમ વિનાનાં અને વફાદારી વિનાનું જીવન જીવતા હોય છે, જ્યારે ધર્મવિધિ ન થઈ હોય તો પણ કેટલાંક પતિ-પત્ની પૂરેપૂરાં એકબીજામાં ઓતપ્રોત થઈને આદર્શ જીવન જીવતાં હોય છે.

જામ ફૂલાને અનેક પત્નીઓની સાથે એક રખાત પત્ની પણ હતી, જેનું નામ 'મેરાંદે' હતું. મીરાંદેવી ઉપરથી મેરાંદે નામ થયું લાગે છે. મેરાંદે જ્યારે સગર્ભા હતી ત્યારે બાગમાં ફરવા આવી હતી અને થાક લાગવાથી પડેલા સુંદર પડદાવાળા રથમાં આરામ કરવા બેસી ગઈ અને પછી સૂઈ ગઈ હતી. રથનો માલિક પાલણિયો સુથાર જામ લાખાની બીકથી પોતાનો રથ ભગાડીને ઉમરકોટ લઈ ગયો અને મેરાંદેને પોતાની દીકરી સમાન રાખવા લાગ્યો. આ વાત આગળ આવી ગઈ છે.

સમય પૂરો થતાં મેરાંદેને પ્રસૂતિ થઈ. કન્યારત્ન અવતર્યું, જેનું નામ માહરૂઇ (ચંદ્રવદની) રાખવામાં આવ્યું, જે આગળ જતાં 'મારઇ' થઇ ગયું. કોઈ નિરાધાર છોકરાને કે પુરુષને આશ્રય આપવો સારો, પણ કોઇ નિરાધાર કન્યા કે સ્ત્રીને આશરો આપવા જતાં તેની પાછળ-પાછળ ઘણા પ્રશ્નો પણ આવતા હોય છે, જેવા કે કન્યાને સાચવવી, મોટી કરવી, પરણાવવી, તેનાં છોકરાંની વ્યવસ્થા કરવી, વગેરે.

જોતજોતામાં મારઇ મોટી થઈ ગઈ. સ્ત્રી જલદી જુવાન થાય અને જલદી ઘરડી પણ થઈ જાય. પુરુષને જુવાન થતાં વાર લાગે અને ઘરડો થતાં પણ વાર લાગે. એટલે વરકન્યાના લગ્નમાં ૫-૧૦ વર્ષનું અંતર રખાતું હશે. મારઇ રાજબીજ હતી. ભલે તેનો ઉછેર પાલણિયા સુથારને ત્યાં થયો હોય, પણ રાજબીજ છૂપું ન રહે. પાલણિયા સુથારને પણ પશુધન હતું. તેને ચરાવનારો ફોગ નામનો એક નોકર હતો. ફોગ પાલણિયાનાં ઢોરાં ચરાવે અને મારઇ તેને ભાથું આપવા જાય. બંને જુવાન. મોટાં ઘરોમાં ઘણા નોકરો રહેતા હોય છે. આ બધાનો સંપર્ક સ્ત્રીવર્ગ સાથે વધુ રહેતો હોય છે. માલિકોને ખબર પણ ન પડે તે રીતે આ

લોકો અંદરોઅંદર મેળ પાડી દેતા હોય છે. સૌની બાંધી મૂઠી રહે તે જ સારું. બાકી ઊંડાં ઊતરીને જુઓ તો ન ધારેલું થતું દેખાય. કામ અને પ્રેમ ગમે તેવી પાળ તોડીને પણ પહાડી ઝરણાની માફક વહેવા લાગતા હોય છે.

ફોગને મારઇ પ્રત્યે એકપક્ષીય આકર્ષણ થઈ ગયું. મારઇને આવું કશું આકર્ષણ ન હતું. પણ ફોગ આંધળો થઈ ગયો. દ્વિપક્ષીય પ્રેમ સારો. સફળ કે નિષ્ફળ હોય તો પણ બંને પક્ષે સુખદુઃખ સરખાં રહે, પણ એકપક્ષીય પ્રેમ અતિ દુઃખદાયી થઈ જતો હોય છે. મોટાભાગે એકપક્ષીય પ્રેમ પ્રેમ હોતો જ નથી, તે મોહ હોય છે, જે નિષ્ફળતાની કક્ષાએ બદલો લેવા ગાંડો થતો હોય છે. એક વાર ફોગ મર્યાદા ચૂક્યો અને તેણે મારઇનો હાથ પકડી લીધો. મારઇએ ઝાટકો મારીને હાથ છોડાવી લીધો અને વળતો એક સજ્જડ તમાચો મારીને ચાલતી થઈ. ફોગને પોતાનું ભયંકર અપમાન થયું લાગ્યું. તે સમસમી ઊઠ્યો. વેરની ઝાળમાં તે બળવા લાગ્યો.

ઘરે આવીને મારઇએ બધી હકીકત પોતાના પિતાને કરી દીધી. પાલણિયાએ તરત જ ફોગને નોકરીમાંથી છૂટો કરી દીધો. જુવાન છોકરીઓએ પોતાની સાથે થનારાં અડપલાંની વાતો ઘરમાં કરવી પણ જોઈએ અને ન પણ કરવી જોઈએ. જો અડપલાં કરનાર સગા-સંબંધી કે નોકર-ચાકર હોય તો જરૂર કરવી જોઈએ, જેથી વાત આગળ વધતી અટકી જાય, પણ જો અડલપાં કરનાર ગુંડા તત્ત્વો હોય તો સમજી વિચારીને જ વાત કરવી જોઈએ. દુર્બળ સ્વજનો જો પ્રતિકાર કરવા જાય તો ગુંડાઓ તેમને હાનિ પહોંચાડી શકે છે. પણ જો સ્વજનો પ્રબળ હોય તો તો વાત કરવામાં વાંધો ન આવે. આવા અનર્થો આબરૂદાર લોકોને વધુ હેરાન કરતા હોય છે અને જો સામો પક્ષ આબરૂદાર હોય તો તેને સરળતાથી રોકી શકાય છે. પણ જો સામો પક્ષ આબરૂ વિનાનો હોય તો કામ કઠિન થઈ જશે. તો તો કન્યાએ પોતે જ રસ્તો કાઢવો પડશે. અર્થાત્ પોતે જ પોતાનું રક્ષણ કરે, ન કરી શકે તો માર્ગ બદલી લે, સ્થાન છોડી દે. દૂર રહીને જ રક્ષણ કરી શકાય.

પાલણિયા સુથારને ભાન થયું કે હવે મારઇ મોટી થઈ ગઈ છે. ઉંમરલાયક કન્યાનું સાચું રક્ષણ તેને પરણાવી દેવામાં રહેલું છે. કન્યા ઉંમર વટાવી જાય, જુવાન અને દેખાવડી હોય, છતાં પરણ્યા વિનાની કુંવારી હોય, અધૂરામાં પૂરું તે છૂટથી બધે ફરતી હોય, તો કોઈ ને કોઇ દિવસે ન બનવાનું બની શકે છે. કન્યા હંમેશાં સ્વરક્ષિત નથી હોતી, સ્વજનરક્ષિત હોય છે. કન્યાને હેરાન કરનારા પુરુષો હોય છે, તો તે હેરાનગતિમાંથી છોડાવનારા અને રક્ષણ કરનારા પણ પુરુષો જ હોય છે. શિયળની કિંમત અને મહત્તા સમજનારી સ્ત્રીએ હંમેશાં પોતાનાં વડીલો - સ્વજનોની વાડની રક્ષામાં રહેવું જોઈએ. તેથી તે ઘણા અનર્થોથી બચી જતી હોય છે. અનાડી અને અહંકારી સ્ત્રીઓ આવી વાડને ગુલામીનું પ્રતીક માનીને વાડ કૂદીને સ્વતંત્ર થઈ જવાને પોતાની બહાદુરી સમજે છે. તે કોઈ વાર એવા અનર્થની શિકાર બની જતી હોય છે કે પૂરું જીવન બરબાદ થઈ જતું હોય છે. વાડ એ બંધન તો છે, પણ રક્ષક પણ છે.

પાલણિયાએ મેરાંદેની સંમતિ લઇને મારઇનાં લગ્ન પોતાના ભત્રીજા ખેતસિંહ સાથે કરી દીધાં. હાશ! હવે શાંતિ થઈ! શાંતિ પ્રશ્ન ઉકેલવાથી થતી હોય છે. સળગતા પ્રશ્નો હોય અને કોઈ ધ્યાન - સમાધિ કરે તો તેને શાંતિ ન મળે. અશાંતિ પેદા કરનાર પ્રશ્ન ઉકેલાય તો શાંતિ જ શાંતિ છે.

મારઇ અને ખેતસિંહ પ્રેમ અને શાંતિથી રહેવા લાગ્યાં. જ્યાં પ્રેમ અને શાંતિ હોય ત્યાં સ્વર્ગ જ હોય. પણ ફોગને શાંતિ ન હતી. વેરની આગ તેને અહર્નિશ બાળી રહી હતી. તેના મનમાં એક જ વિચાર વંટોળિયાની માફક ઘૂમરીઓ લેતો હતો : શું કરું તો મારઇનું જીવન બરબાદ થાય? મોહનું શિખર બરબાદી છે. અંતે તેણે એક રસ્તો શોધી કાઢ્યો. તે ઉમરકોટના સુલતાન ઉમર સુમરા પાસે પહોંચ્યો અને તેની પાસે મન મૂકીને મારઇનાં વખાણ કર્યાં : કાંઈ રૂપ! કાંઈ રૂપ! કાંઈ રૂપ! વખાણ સાંભળીને ઉમર ઘેલો થઈ ગયો. કેટલાક રાજાઓ અને સુલતાનો રૂપઘેલા હોય છે. તેઓ પ્રજાને પોતાની જાગીર સમજીને ગમે ત્યારે ગમે તેની બહેન-દીકરીને ભોગવવાનો પોતાનો અધિકાર માની બેઠા હોય છે. ખરેખર તો પ્રજા એ રાજાની દીકરી જ કહેવાય. પણ બુદ્ધિ બગાડનારા સાથીદારો મળે તો રાજા પણ દીકરીને ભોગ્યા બનાવવા દોડે.

ઉમર સુમરો અને ફોગ બંનેએ મળીને એક યોજના બનાવી. ખેતસિંહ અને મારઇ મલીર પ્રદેશમાં રહેતા હતા. મારઇ રોજ કૂવા ઉપર પાણી ભરવા જાય. ફોગ અને ઉમર બંને બે સાંઢણીઓ લઈને કૂવા ઉપર પહોંચી ગયા. સવારના પહોરમાં પાણિયારીઓ પાણી ભરવા આવવા લાગી. તેમાં મારઇ પણ આવી. ફોગે ઉમરને ઈશારત કરી બતાવી. ઉમર તો જોતાં જ દીવાનો થઈ ગયો. કાંઈ રૂપ! કાંઈ રૂપ!!! પાણી પીવાનું બહાનું કરીને ઉમર નજીક ગયો. મારઇ કૂવામાંથી પાણી કાઢવા વાંકી વળી કે તરત જ ઉમરે તેને કેડમાંથી પકડીને ઊંટ ઉપર નાખી દીધી અને ઊંટને મારી મૂક્યું. 'એ જાય... એ જાય...' કહેતી કહેતી પાણિયારીઓ ગામ ભણી દોડી. વાયુવેગે સાંઢણીઓ મલીરથી ઉમરકોટ તરફ દોડવા લાગી.

રાજા આગળ પ્રજા રાંક હોય છે. શું કરે બિચારી! લંપટ રાજાના રાજ્યમાં સ્ત્રીઓ સલામત નથી હોતી. ખેતસિંહ બિચારો ગરીબ સુથાર! લંપટ રાજા આગળ પોતાની પત્નીનું રક્ષણ ન કરી શક્યો. તે માથાં કૂટતો રહી ગયો. બાવડાંના જોર વિના જે રૂપાળી સ્ત્રીને પરણે છે તેને ગુંડા લોકો શાંતિથી રહેવા દેતા નથી.

બીજી તરફ મારઇ આઘાતથી બેભાન થઈ ગઈ. ઉમરે તેને પોતાના ભવ્ય રાજમહેલમાં ભવ્ય ઢોલિયા ઉપર પોઢાડી દીધી અને ભાનમાં આવવાની રાહ જોવા લાગ્યો. ઘણા સમય પછી મારઇ ભાનમાં આવી. તેણે ભવ્ય રાજમહેલ, ભવ્ય ઓરડો અને છત્રીપલંગ જોયા. તેની પાસે જ ઉમર સુમરો બેઠો હતો. ઉમર

સુમરો મોહાંધ તો હતો તો પણ તેનામાં થોડી ખાનદાની પણ હતી. તે મારઈને મનાવીને રાજીખુશીથી આગળ વધવા માંગતો હતો. કેટલીક વાર નીચ માણસોમાં પણ ખાનદાનીના ગુણ દીપી ઊઠતા હોય છે. ઉમર મારઈને રાજી કરવા પોતાની સંપત્તિનાં અને સુખ સાહ્યબીનાં વખાણ કરવા લાગ્યો. મોટા ભાગની ભોગપ્રધાન સ્ત્રીઓ સુખ-સગવડો અને સાહ્યબીથી અંજાઈ જતી હોય છે. જેમ સિધ્ધરાજે જશમા ઓડણને લલચાવવા અનેક લાલચો આપી હતી, તેમ ઉમરે પણ મારઈને લલચાવવા એક પછી એક અનેક લાલચો આપવા માંડી, પણ મારઈ એકની બે ન થઈ. કચ્છી ભાષામાં મારઈ-ઉંમર સંવાદોને લોકકવિએ એટલા તલસ્પર્શી રીતે આલેખ્યા છે કે વાંચનારનું હૃદય મારઈ ઉપર ધન્યધન્ય થઈ જાય. એક જ ઉદાહરણ બસ થશે. ઉમર કહે છેઃ

***પેર પટોરા, મારઈ, તું ધાબર લાય ધણાર,***
***જનમારો જટનસેં ખોંજો રંગ મખાર,***
***વેણ મથેજી વાર, મારઈ છડ મલીર કે.***

અર્થાત્ હે મારઈ, તું ગોવાળિયાનો વેશ - કાળી ધાબડીનો પહેરવેશ છોડી દે અને લે, મારાં આપેલાં પટોળાં પહેર. તારો ગોરો રંગ મૂરખ લોકો સાથે બગાડીશ નહીં. લે, મારી આપેલી વેણી માથામાં ધારણ કર અને મલીરદેશને ભૂલી જા.

*હવે મારઈનો જવાબ સાંભળો :*

***પટોરો પંગે સોંયજા, મુંજી લુઈ લીરમ લીર,***
***મથો મૂરનં વેડીઓ મર ચગેં પયસ ચીડ,***
***હેડે હાલ હમીર, મર મરી પુંજાં મસાણમેં.***

અર્થાત્ હે હમીરના દીકરા ઉમર, તારા પાંચસોના પટોળાં કરતાં મારાં મલીરનાં ચીંથરાંવાળી ધાબળી અનેકગણી સારી છે. ભલે મારા માથાની લટો મેલી થઈ જાય, તો પણ હું મૃત્યુ સુધી પણ તારી વેણી ધારણ કરવાની નથી. મારો મલીર અને મારો પતિ ખેતસિંહ તારા કરતાં હજારગણા સારા છે.

લોકકવિએ એક પછી એક પ્રલોભનની ઝડીઓ વરસાવી દીધી છે, પણ મહાસતી મારઈ એક પછી એક દોહરામાં તેને તણખલાની માફક ઠોકર મારતી બતાવાઈ છે. શિયળની લિલામી કરતી ફરતી લલનાઓને રોમેરોમે આગ લગાડી મૂકે તેવી મારઈની મક્કમ વાણી છે.

હતાશ - નિરાશ થઈને ઉમર સુમરો ચાલ્યો ગયો. જેમ અશોક વાટિકામાંથી રાવણ સીતાજીને મનાવવામાં નિષ્ફળ થઈને ચાલ્યો ગયો હતો. પણ ઉમરે પ્રયત્નો ન છોડ્યા. તે માનતો હતો કે સ્ત્રીના વિચારો બદલાતાં વાર ન લાગે. સમય વીતતાં તેના વિચારો બદલાશે. ત્યાં સુધી ધીરજ ધરવી સારી.

બીજી તરફ મારઈનો પતિ ખેતસિંહ ભલે નાનો ગોવાળિયો હતો, તો પણ અંતે તે વીફર્યો અને બહારવટે ચઢ્યો. સ્ત્રી પુરુષના પુરુષાતનને જગાડવાનું જ કામ કરતી, પણ તેના પરાક્રમને જગાડવાનું કામ તે કરી શકે છે. મારઈના અપહરણથી પહેલાં તો ખેતસિંહ નમાલા જેવો થઈ ગયો હતો, પણ પછી તેનું પરાક્રમ જાગી ઊઠ્યું. તે લૂંટફાટ કરતો, હાહાકાર મચાવતો છેક ઉમરકોટ પહોંચી ગયો અને વેશ બદલીને છેક મારઈને જ્યાં નજરબંદ કરી હતી ત્યાં સુધી પહોંચી ગયો. બંનેએ એકબીજાને દૂરથી જોયાં. મારઈને ખાતરી હતી કે એક ને એક દિવસ મારો ખેતો જરૂર આવશે! ખરેખર ખેતો આવી ગયો હતો. સાચો પ્રેમ તો મડદામાં પણ પ્રાણ ફૂંકતો હોય છે. બંનેએ ઈશારાથી વાતો કરી લીધી.

નિશ્ચિત સમયે, નિશ્ચિત સ્થળે ખેતો સાંઢણી લઈને આવ્યો અને ગમે તેવું બહાનું બતાવીને મારઈ ત્યાં પહોંચી ગઈ. મારઈ સાંઢણી ઉપર બેસી ગઈ અને ખેતો પવનવેગે ઊપડ્યો. રાતદિવસની દોડ લગાવીને સાંઢણી મલીરદેશ પહોંચી ગઈ. હાશ! આ મારો દેશ, આ મારું ખોરડું, આ મારો ખેતો! બસ અહીં જ સ્વર્ગ છે! ઉમર સુમરાના મહેલને શું આગ લગાડવી છે! મારઈને પાછી આવેલી જોઈને આખું ગામ રાજીરાજી થઈ ગયું. લોકોને ખબર હતી કે હમણાં સુમરાની ફોજ આવી જશે, મોટું ધિંગાણું થશે. સેંકડો લાશો અહીં પડી જશે. જે થાય તે, પણ ગામનો વટ નહીં જવા દઈએ. આખું ગામ હાથમાં આવ્યું તે હથિયાર લઈ ઉમર સુમરાની રાહ જોતું ગામની ભાગોળે ઊભું રહ્યું. મારઈ અને ખેતાની પીઠ પાછળ આખું ગામ થઈ ગયું.

ઉમર સુમરો મોટી સેના સાથે આવી પહોંચ્યો. મહાવિનાશ થવાની તૈયારી છે. ત્યાં તો હાથમાં કંકાવટી લઈને મારઈ ઘરમાંથી નીકળી અને સીધી ઉમરની સાંઢણી પાસે ગઈ. બંને પક્ષના બધા લોકો જોતા જ રહ્યા. મારઈએ ઉમરને તિલક કર્યું અને તેના હાથમાં રાખડી બાંધી અને કહ્યું : 'ઉમર! હું તારી બહેન છું. પાછો વળ. બહેનને બંગડીઓ ન પહેરાવાય. પાછો ફર.'

ઉમર ઉપર ગજબનો ચમત્કારિક પ્રભાવ પડ્યો. તેણે મારઈને ધર્મની બહેન માની કાપડું દીધું. આખું દૃશ્ય બદલાઈ ગયું. સુમરો પાછો ફર્યો. મારઈની ધાબળીની લાજ રહી ગઈ. અંતે તો ઉમર સુમરો પણ ખાનદાન જ હતો. તે તો પેલા ફોગનો ચઢાવેલો ચઢી ગયો હતો. તેણે તેને પકડીને શિક્ષા કરી.

કચ્છમાં મારઈની મહાસતી તરીકે આજે પણ પૂજા થાય છે. ■

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

કચ્છી પ્રતિભા વિશેષ

# પ્રૉ. કે.ટી. શાહ : વિશ્વવિખ્યાત અર્થશાસ્ત્રી

જન્મ : ૨૦ ફેબ્રુઆરી, ૧૮૮૮
મૃત્યુ : ૧૦ માર્ચ, ૧૯૫૩

*"જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શુર*
*નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નુર"*

આ ઉક્તિને સાર્થક કરી છે કચ્છની ધીંગી ધરાના માંડવી નગરે. આ નગરના મહાન સપૂતો હતા - ક્રાંતિના આદ્ય સેનાની પંડિત શ્યામજી કૃષ્ણવર્મા, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત અર્થશાસ્ત્રી પ્રા. કે.ટી. શાહ, પ્રખ્યાત વનસ્પતિશાસ્ત્રી તેમજ "કચ્છના ગાંધી"નું બિરુદ મેળવનાર ગોકુલદાસ બાંભડાઈ, સમર્થ સાહિત્યકાર ડૉ. જયંત ખત્રી.

પ્રાચીન કાળમાં પણ દુનિયાના ચોર્યાસી દેશોના વાવટા માંડવી બંદરે ફરકતા હતા. તે વખતે માંડવી બંદરની જાહોજલાલી અજોડ હતી. માંડવી નગર દાનવીર, કર્મવીર, ક્રાંતિવીર, નેતા, સાહિત્યકાર અને શિક્ષણશાસ્ત્રીની ભૂમિ છે. ભારતની ગુલામીથી આઝાદી સુધીની લાંબી સફરનું કેન્દ્ર બિન્દુ માંડવી નગર રહ્યું છે. આવા ખ્યાતિ પ્રાપ્ત માંડવી નગરમાં પ્રૉ. કે.ટી. શાહનો જન્મ વીસમી ફેબ્રુઆરી, ૧૮૮૮ના રોજ થયો હતો. તેમનું પૂરું નામ ખુશાલ તલકશી શાહ હતું, પણ વિશ્વમાં તેઓ પ્રૉ. કે.ટી. શાહના નામે પ્રખ્યાત હતા. તેમને ત્રણ પુત્રો હતા.

ભારતના રાજકારણમાં તેમનું વિશિષ્ટ સ્થાન અને વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. તેમને નાનપણથી જ વાંચનનો ખૂબ શોખ હતો. તેઓ ગજબનાક સ્મરણશક્તિ ધરાવતા હતા. તેમણે વિદ્યાર્થી અવસ્થામાં અર્થશાસ્ત્રમાં પ્રથમ વર્ગની પદવી મેળવી હતી. તેમણે વધુ અભ્યાસ લંડનમાં કર્યો હતો. અર્થશાસ્ત્રના અભ્યાસ ઉપરાંત તેમણે ન્યાય - ધારાશાસ્ત્રનો પણ અભ્યાસ કરેલો અને બેરિસ્ટર થયા હતા. પરંતુ તેમની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ, તો અર્થશાસ્ત્રના પ્રોફેસર તરીકેની હતી. તેમની વક્તવ્ય આપવાની અને લેખો લખવાની છટા અદ્‌ભુત હતી. એમના વિચારો પ્રગતિશીલ હતા. તેઓ ખૂબ સ્વમાની હતા. તેમને દેશ માટે ખૂબ જ આદર અને ભક્તિભાવ હતો.

પ્રૉ. શાહને પોતાના વિદ્યાર્થીઓ માટે ખૂબ પ્રેમ હતો. તેઓ સ્ત્રીની ઉન્નતિ અને પ્રગતિ માટે સદાય પ્રયત્નશીલ હતા. એમણે અનેક વિદ્યાર્થિનીઓને જાહેર પ્રવૃત્તિમાં ભાગ લેવાની પ્રેરણા આપી હતી. પ્રૉ. શાહના પ્રશંસકોમાં સ્ત્રીઓની સંખ્યા પણ વિશેષ હતી. ભારતના રાજકારણમાં પ્રૉ. કે.ટી.શાહ નું કાર્યક્ષેત્ર પંડિત નહેરુ કરતાં પણ વિશાળ છે. આઝાદી પૂર્વે કોંગ્રેસે નિયુક્ત કરેલ રાષ્ટ્રીય આયોજન સમિતિના મંત્રી પ્રૉ. કે.ટી. શાહ અને પ્રમુખ પંડિત નહેરુ હતા. ભારતના આર્થિક ઉત્કર્ષ માટેની આ યોજનાની રૂપરેખા રજૂ કરતા ૨૭ ગ્રંથો એમણે લખ્યા હતા. ભારતની બંધારણ પહેલાની કાર્યવાહી સંબંધમાં પાંચ ગ્રંથો લખ્યા હતા. ગાંધીજીની વર્ધા શિક્ષણ યોજના તૈયાર કરવામાં પ્રો. શાહની ભૂમિકા અગત્યની હતી.

પ્રૉ. શાહ મુંબઈ વિદ્યાપીઠમાં 'સ્કૂલ ઓફ ઇકોનોમિક્સ અને સોશિયોલોજી' ના સ્થાપક અને સંચાલક હતા. તેમણે ઘણા પ્રસિદ્ધ અર્થશાસ્ત્રીઓને માર્ગદર્શન આપ્યું હતું. ઉચ્ચ લોકશાહી ધોરણો પ્રસ્થાપિત કરવાના એકમાત્ર ઉદ્દેશ્ય સાથે કચ્છમાંથી તેઓ પ્રથમ સંસદીય ચૂંટણી લડેલા તેમજ ભારતના રાષ્ટ્રપતિપદ માટે ડૉ. રાજેન્દ્રપ્રસાદ સામે પણ ચૂંટણીમાં ઊભા રહ્યા હતા.

૧૯૩૦-૩૧ ની સાલમાં લંડનમાં ગોળમેજી પરિષદ ભરાઈ હતી. તેમાં પ્રૉ. શાહ ભોપાલના નવાબને સલાહ આપવા માટે ગયા હતા. હિંદ દેશનું બંધારણ ઘડવા માટે જે વિધાનસભા ભરાઈ હતી તેને સલાહ આપવા માટે એક નિષ્ણાતોની કમિટી નીમેલી તેમાં પ્રૉ. કે.ટી. શાહ હતા. એક કુશળ ધારાશાસ્ત્રી, અર્થશાસ્ત્રી તરીકે અને મુસદ્દો ઘડનાર તરીકે તેમણે ખૂબ જહેમત ઉઠાવી હતી.

કાશ્મીરના પ્રશ્ને પ્રૉ. શાહના વિચારો નહેરુના વિચારોથી જુદા પડતા હતા. આ પ્રશ્ને સરદાર પટેલના વિચારો પણ નહેરુના વિચારોથી જુદા પડતા હતા. પણ વલ્લભભાઈ પટેલ નહેરુને ટેકો આપતા હતા. કે.ટી. શાહે નહેરુને ટેકો ન આપતા, તેમણે નહેરુનો અણગમો વહોરી લીધો હતો.

ભારતના આર્થિક નિયોજન અને બંધારણ ઘડતરમાં તેમની અગત્યની ભૂમિકાની યોગ્ય કદર કરીને ભુજના આયોજન ભવનના સભાખંડને "પ્રૉ. કે.ટી.શાહ" સભાખંડનું નામ આપવાની જાહેરાત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી આઈ.કે. જાડેજાએ કરી છે તે ખરેખર પ્રશંસનીય છે. જે કામ વર્ષો પહેલાં થવું જોઈતું હતું તે કામ મોડે મોડે પણ થશે એવી કચ્છની જનતાને ખાત્રી થઈ છે. તેમનું તૈલચિત્ર પણ લોકસભા કે ધારાસભાના ગૃહમાં હોવું જોઈએ એવો મત કેટલાક નિષ્ઠાવાન કચ્છી નાગરિકોનો છે.

(અનુસંધાન : જુઓ પાના નં.-33 ઉપર )

સંસ્મરણ

# મુંજી મીઠી માડી : મડઈ

## (કચ્છ - માંડવી મુકામેના બચપણ (૧૯૪૬-૫૨) ની યાદ)

ઇશ્વર પરમાર

સને ૧૯૪૭ માં ભારત આઝાદ થયું; આ પછી ૧૯૪૮ માં કચ્છના મહારાવશ્રી વિજયરાજજીનું દુ:ખદ અવસાન... મહારાવશ્રી મદનસિંહજીનો રાજ્યાભિષેક... છેવટે કચ્છનું ભારત સાથે જોડાણ - આ રાજપલટા જેવી જબ્બર ઘટનાની કોઈ ઝાંખી પાંચેક વરસની વયે (૧૯૪૬) ચિત્તે સંઘરાઈ નહોતી. તે પછીના ગાળે માંડવી શહેરની દીવાલો પર બે બળદોની જોડી અને ત્રાજવાનાં ચિત્રો નીચે 'મત આપો' જેવું લખાણ વાંચતો ખરો પણ ત્યારે 'મત' શબ્દનીય સમજ નહોતી! હા, તે કાળે ચલણની સમજ ખરી : ત્રાંબિયો, દોકડો, ઢીંગલો, ઢબુ, કોરી, પાંચિયા...! મહેમાનો જતી વખતે અમારા હાથમાં કોરી કે આધિયું મૂકે તે સાંભરે. એક વાર મહેમાને જતી વખતે મારા હાથમાં કોરી મૂકી. એ સિક્કો લઈને ગયો પાનવાળાની દુકાને અને એક કોરીના બદલામાં લીધાં અનેક પાન. આ પરાક્રમના બદલામાં 'મેથીપાક' મળેલો અને ઘર આખાયે પખવાડિયા લગી પાનો ખાધાં! થોડા સમય પછી, શાળામાં શિખવાડાતા ગણિતના દાખલાઓમાં રૂપિયા-આના-પાઈ ધરાર ઘૂસી આવ્યા. પણ એ મારા મગજમાં બેઠા તો ઠીક, પેઠા પણ નહીં! પેલું ગીત તો પછી સાંભળ્યું :

*'ઢીંગલો કિડાં વ્યો માડી, ઢીંગલો કિડાંવ્યો,*
*હાથી જે પેર જેડો ઢીંગલી કિડાંવ્યો.'*

*'ઢીંગલો હલી વ્યો પુતર, ઢીંગલો હલીવ્યો,*
*ઢીંગલી જી જાન મથે આનું અચીવ્યો.'*

★

એ જમાનામાં રેહા (ભુજ-કચ્છ) માં પોતાનાં ઘર અને ખેતી સંબંધીઓને સાચવવા માટે સોંપીને ચાર ચોપડી જ ભણેલા બાપા (દાદા : જેરામ નાનજી) એ પરિવારને માંડવી મુકામે શા કારણે વસાવ્યો, તેની ગતાગમ મને પાંચ-છ વરસના છોકરાને ક્યાંથી હોય? રેહામાં સ્કૂલે ઢસરડાતો જતો થયેલો. પણ ઔપચારિક ભણતરનું એકડે એક તો માંડવીથી જ શરૂ થયું.

ખેડૂ મટીને દાદા માંડવીમાં બીડી બનાવવાનાં પાનના જથ્થાબંધ વેપારી થયા. બંદર તરફ જતા રસ્તે નાકા નજીક દુકાન. દુકાનમાં બે મહેતાજી અને એક નોકર. નોન મેટ્રિક થયેલા મારા પિતા (દામજીભાઈ) માંડવીમાં ઓછું રહેતા; એ તો નાગપુર-મુંબઈ વગેરે સ્થળે ફરીને સોદા કરીને માલ માંડવીથી રવાના કરતા રહેતા. આથી પરિવાર અને ખાસ તો અમ બાળકો સાથે તેમનો સંપર્ક નહીં જેવો રહેતો. વેપાર-વહીવટ કરતા દાદા સામા પર આંધળો ભરોસો રાખતાં. આથી ઘણી વાર ઉધારી જતી કરવી પડતી - એમ દાદી કહેતાં. અભણ દાદી (ધનકુંવરબહેન) ની બોલછા બળુકી. ભલભલાને ખખડાવી નાખે. વાતોડિયાંય ખરાં. અમને બાળકોને અડખે-પડખે સુવડાવીને વારતા કહેતાં. અભણ માડી (રામકુંવરબહેન) ભરચક કામમાં લાગેલાં રહેતાં. ભાગ્યેજ બોલે. હું પારાવાર પજવતો ને એમનું 'રોયા... પીટ્યા...' સાંભળતો. મા એ તાલ મીઠી નજરે જોતાં. ભાંડુઓમાં એક નાની બહેન ને ભાઈ. નાની બહેન નીમુને રડાવવા હું ફળિયામાંના કૂવામાં ઊતરવાનો દેખાડો કરતો અને ભાઈને બચાવવા બેનીના ભીના દેકારા શરૂ થઈ જતા! મારાથી એક વરસ નાના કાકા અને હું એક જ વર્ગમાં ભણતા. એમને તુંકારે બોલાવું. એ ભણવામાં હોશિયાર, સ્વભાવે ગંભીર અને વાતચિત્તે ઓછાબોલા. મારાથી સખણું રહેવાય નહીં. મારાથી રડવાનુંય રોકાય નહીં. મારી બાબતે જો કંઈ વિપરીત થાય તો ભેંકડા તાણું. ઘરની ગાય કે શેરીનાં કૂતરાંને મારી રીતે વહાલ કરતાં વડજેરાં રોકે, તો મારી આંખો વરસે. મા કહેતાં : 'તારી માએ તને રોતાં-રોતાં જણ્યો તે તું આવો રોતલ જ પાક્યો!'

ગાય વિયાતી વખતે હું માનો પૂરા સમયનો સાથી. પાવડો-ડોલ-ગોળ એવું થોડે દૂર બેઠો હાજર રાખું અને આવેલ વાછડાના માલિક તરીકે મારો દાવો સ્થાપિત કરતો. પાળેલાં ગલુડિયાંને ખસ-ખૂજલીથી આગોતરા બચાવવા તેને તેની ઇચ્છા વિરુદ્ધ દરિયામાં ડૂબકાં ખવડાવતાં અને એ મોટો થાય ત્યારે ખીજાળ બને તે માટે ઘર સામે રહેતા ફોજદારના સિપાહી પાસે લઈ જતા. એ સળગતી બીડીથી ગલૂડિયાંની પૂંછડીએ ડામ દઈ દેતો. થયું કામ! ઢૂવે (રેતીના ઢગલા) આળોટતા. ઘર પાસેના ધૂળિયા મારગ પર વિવિધ વાહનોની અવરજવર ઠીકઠાક રહેતી. બળદગાડી, ઊંટગાડી, ગધેડાંની ગાડી અને ઘોડા ગાડી. ગાડીઓમાં જોતરાતાં જાનવરો હું ખાસ્સા સમય લગી જોયા કરતો : ખાસ તો પીઠે માલ લદાતી વખતે ઊંટનું ગાંગરવું અને સામસામા ઊભેલાં ગધેડાંઓનું ભૂંકવું.

અમે એ કાળે પૈસે-ટકે ઉચ્ચ-મધ્યમવર્ગના હોઈશું. સગાંઓનાં એક-બે છોકરાં અમારે ત્યાં રહે ને ભણે. તેઓ ધીંગામસ્તી અને ખિખિયાટામાંય અમારી સાથે. ઘરમાં બાપાની બીક અને માની ધાક સૌને રહે. એમને પૂછ્યા વિના અમારાથી કંઈ ન થાય. એ

જો થાય તો ગાલ ખેંચાય કે પીઠે લાત અડકે એટલું જ. અમારે માટે કેટલાક નિયમ : રાતે જમતાં પહેલાં બાપાની પથારીએ જઈને પાડા બોલવા કે પલાખાંના જવાબ ફટાફટ દેવા. એમના આદેશ પછી જ અમારું પિરસાય. મારા કોઈ તોફાનની ફરિયાદ માએ એમને કરી હોય તો હું જમ્યા વિના વહેલો પથારી ભેગો થઈ જાઉં. આમ છતાં શિસ્તપ્રેમી બાપા સૂતાં છોરાંની પીઠે હળવી લાત મારીને દાવ તો લઈ જ લેતા અને પછી જમાડતા. દવા લેવા ચકુવૈદને દવાખાને જવાનું હોય કે અમારે હજામત કરાવવાની હોય તો બાપાની આંગળી પકડીને જવાનું રહેતું. અમને કોઈ ઓળખીતા તરવૈયા સાથે દરિયે મોકલીને તરતાં શીખવે. મારું ભણતર કાચું જાણીને ટ્યુશન રખાવે. ટ્યૂશને જતાં મારગમાં ભીડને નાકે મદારીનો ખેલ ચાલતો હોય તો થોભાઈ જવાતું! મદારીની સ્પીચ ગમતી અને કંઠસ્થ થઈ જતી.

મા માથે મેલાં કપડાંનો ગાંસડો મૂકીને રુકમાવતી નદીએ કપડાં ધોવા જતાં. અમારે એમની સાથે ધોવાનો ધોકો લઈને આગળ કે પાછળ ચાલવાનું. નદી વહેતી તો ન હોય, તેના પટમાં વીરડા હોય. એમાંથી પાણી લેવા માટે અને ધોવા માટેનું ખડકું વાપરવા માટે હાજર ધોબીને તેનું ભાડું ચુકવવાનું રહેતું. કપડાં ધોવાતાં હોય, ત્યારે ખભે પતરાંની પેટી લઈને ફેરિયો આવતો. તેના તરફ માનું ધ્યાન ખેંચીને અમે ચીકી મેળવતા. નદીએથી પાછાં ફરતી વેળાએ વાટને બંને પડખે ઝૂકેલી ઝાડીમાં લટકતાં લિયાર ઉતારતા જતા.

બાક્સની અલગ-અલગ છાપ એકઠી કરવાનો અને ક્રિકેટર અને ક્રિકેટમેચના ફોટાઓ છાપાંઓમાંથી કાતરીને સંઘરવાનો શોખ. ઘરઆંગણે કાકા સાથે ક્રિકેટ રમતાં. ક્યારેક ફિલ્ડિંગ બાબતે ગમે તે એક અંચઈ કરતું અને મેચ મોકૂફ! અમારી શાળાનાં બાળકોને અમારાં બેટ-બોલ અને વિકેટ ક્યારેક રમવા દેતા. આ ઉપકારના બદલામાં તેઓ બીજી શેરીનાં બાળકો સાથે ગોઠવેલ મેચમાં મને પણ સામેલ કરતાં. એક વાર તો મને ઓપનિંગ બેટ્સમેન તરીકે રમવા સૌથી પહેલો મોકલ્યો હતો, બોલરે પહેલો દડો ફેંકવાની સાથે મેં તરત બેટ વીંઝ્યું. તે સાથે તાળીઓના ગડગડાટ થયા. ચોગ્ગાની જાહેરાત થાય તે ગણતરી સાથે બેટ ટેકાવીને ગૌરવભેર હજુ ઊભો જ હતો ત્યાં પાછળ ઊભેલા વિકેટ-કીપરે મારે ખભે હાથ મૂકીને થોડે દૂર પડેલી વચલી વિકેટ બતાવી!

માને ધાર્મિક ફિલ્મો જોવાનું ગમતું. એ સમયમાં થિયેટરોમાં બપોરે જનાના-શો થતાં. અમને લઈ જતાં. સીતા-રામ, પાર્વતી-મહાદેવ જેવાં પાત્રો પહેલી વાર પડદે દેખાય ત્યારે એ હાથ જોડતાં. આ ગાળે સિનેમાનાં પોસ્ટર જોવાનો શોખ વળગ્યો. મા સાથે સત્યનારાયણ ચોકમાં રાતે થતી કથા સાંભળવા જવાનું ખૂબ ગમતું. કથાકાર મુકુંદ મહારાજના વારતા-પ્રવાહમાં નાનાંમોટાં સૌ રીતસર તણાતાં. એ ધારે ત્યારે હસાવતા અને રડાવતા. ગીત-ધૂનની જમાવટ દિવસેય કાનમાં ગુંજતી. એમના પ્રભાવે બાલવયે પહેલું અરમાન ઊગેલું : મોટા થઈને થવું છે એવા જ કથાકાર! એમની નકલ કરું. અમારી ટણકટોળી ક્યારેક માંડવી નજીકના મસ્કા ગામે ચાલીને જતી. એ ગામને પાદરે મહાદેવજીનું મંદિર હતું. મંદિરના પૂજારી રામગરજી અને શંભુગરજી અમારા બાપાને જાણતા. ક્યારેક તેઓ ઘેર પણ પધારેલા. અમને ઓળખે, તેથી ખોબા પ્રસાદથી છલકાવી દેતા. મસ્કા જતાં-આવતાં દોટ લગાવતાં પડીએ ને ઘૂંટણ છોલાય, તો તેના પર કરોળિયાનું જાળું મૂકી દેતા. અમારી હિંમતવાન ટોળી દરિયાકાંઠે તરતાં લાકડાં પર કૂદતી ચાલતી. સામે દેખાતા સલાયા ગામને કુતૂહલથી જોયા કરતા. રવાડી ખેંચવાનો આનંદ અને વારાફરતી નદીના પટ પર આવતા તાજિયા દેખીને તાજૂબ થવાનો રોમાંચ! મેળાની મજા ખાસ તો શીતળા સાતમના મેળે ગાડામાં જતાં અગાઉ આગલા દિવસે ઘરમાં બનતી અનેક વાનગીઓનો પથારો કેવો પ્યારો લાગતો!

★

રેહા મુકામેથી પરિવારને માંડવી લાવેલા બાપાને દુકાનદારી શરૂ કરવાની સાથે જ અમને નિશાળમાં દાખલ કર્યા. બંદરરોડ પર આવેલ ખલ્ફાન સ્કૂલમાં હું ચાર વરસ (૧૯૪૬-૫૦) ભણ્યો. એ શાળામાં મારું નામ દાખલ કરાવાતું હતું ત્યારે ત્યાં જ હું સમસમી ગયેલો પણ બોલી ન શક્યો. ઘેર આવીને ઘાંટા પાડ્યા : 'ઉં નિસારે નૈં જાઉં!'

'જોવું તો પડે, સિયારું નઇ જા?

નિસારમાં મારું નામ ખોટું શું કામ મંડાવ્યું છે?

ઈશ્વરલાલ તો મંડાવ્યું છે તારું નામ.'

'એમ નઈ, ઈશ્વરલાલ જેરામને બદલે ઈશ્વરલાલ ડામજી શું કામ મંડાવ્યું?' નિસારમાં મારું નામ ઈશ્વરલાલ જેરામ બોલાવું ખપે. બાપાનું નામ, ભાઈ (પિતાજી) નું નામ નઈ.'

'પણ તારા બાપનું નામ ડામજી છે...'

'જેરામ કેમ નથી?'

આવા વાંધાવચકા સાથે શાળાજીવન શરૂ થયું. અહીં આચાર્ય તેમજ શિક્ષક તરીકે કરસનદાન ખીમજી ખારવા હતા. તેઓ અમારી કોપીબુકમાં સહી કરતાં : કે.ખી. ખારવા' ભણતરના આરંભે જ મને કેમેય એકડો ન આવડ્યો. બીજા આંકડા આવડતા ગયા પણ એકડો ઊંધો એટલી હદે કે એકસોય આમ લખતો... શાળા છૂટતાં પહેલાં સમૂહમાં મોટેથી પાડા બોલાવતા - એ આંખો મીંચીને આરડવાનો એકમાત્ર આનંદ યાદ આવે છે. 'મારકણા' કહેવાતા ખારવાસાહેબનો માર ખાવાનું બન્યું નહીં' આ બીજો આનંદ!

ખલ્ફાન સ્કૂલમાં એકથી ચાર ધોરણ પછી અમને આગળ અભ્યાસ માટે એ.વી. મિડલ સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યા. અહીં પાંચમું અને છઠ્ઠું - એમ બે ધોરણ લગી ભણવાનું થયું. વર્ષ : ૧૯૫૦-૫૨. અહીં મારા ભણતરની કચાશનાં પ્રાથમિક લક્ષણો પ્રકાશમાં આવવા માંડ્યાં. ગણિતના વિષયમાં હું એવો કંગાળ રહ્યો

કે શિક્ષક વર્ગમાં શીખવે તે ભેજામાં ઊતરે જ નહીં. આ વિષયનું હોમવર્ક પણ બીજાની નોટમાંથી બેઠું ઉતારીને રજૂ કરી દેતો. બીજા વિષયો ગણિત જેટલા કાચા નહીં, એટલું આશ્વાસન. પાંચમા ધોરણથી વાર્ષિક પરીક્ષાનાં પરિણામ-પત્રકોમાં લાલ અક્ષરે આ નોંધ લખવા માંડી : 'ઉપલા ધોરણમાં ચઢાવવામાં આવે છે.' આ 'બહુમાન' દસમા ધોરણ લગી મારા લમણે લખાતું આવ્યું.

એ.વી. સ્કૂલમાં અભ્યાસકાળ દરમિયાન ઇતરવૃત્તિ - પ્રવૃત્તિને વલણો વિશેષ બહાર આવ્યાં. શાળા કશેક પર્યટનમાં ગઈ હોય અને તે સ્થળે બીજી કોઈ સંસ્થા અમારા માનમાં સ્વાગત-સભા કરે, તો વિદ્યાર્થીઓના પ્રતિનિધિ તરીકે બોલવા માટે શિક્ષક તત્કાલ મને ઊભો કરી દેતા. શાળામાં પણ ક્યારેક બે વર્ગ ખંડો વચ્ચેનું બારણું ખોલી દઈને મનોરંજન કાર્યક્રમ થતો તેમાં મારા માટે ખાસ અને ખાસ્સો સમય ફાળવાતો. તેમાં મેં જોયેલ ફિલ્મોના સંવાદો હાવભાવ સાથે ફટકારતો. એમાં નાચનીય ફરમાઈશ કોઈ ને કોઈ ફરે જ; ને હું રૂમાલ લહેરાવતોકને લલકારું : 'મેરા લાલ દુપટ્ટા મલમલકા..હો. જી...' એક વાર તો 'રામાવતાર' ફિલ્મ જોયાના કેફમાં મેં રામવનવાસનું નાટક રચ્યું; પાત્રો વહેંચ્યાં. છઠ્ઠા ધોરણના શિક્ષક બૂચસાહેબના ઘરઆંગણે ભજવેલું. એમાં મારે સીતાનાં અને મોંઘીનાં એમ બે પાત્રો ભજવવાનાં થયાં. મને, સીતાને નાનકડો રાવણ ઊંચકી શકે તેમ ન હોવાથી તે પ્રસંગ પૂરતા બીજા મોટા રાવણની મેં જોગવાઈ કરી આપેલી! કોઈ છપાયેલ લખાણની નીચે પોતાનું નામ હોય એવી મુગ્ધ મરજી છઠ્ઠા ધોરણમાં ભણવાના વખતથી (૧૯૫૧) સળવળતી હોવી જોઈએ. આથી એક સહાધ્યાયીએ અને મેં નિશાળની એક નોટબુકમાં ક્યાંકથી ઉતારો કરીને નીચે નીજ નામ લખ્યાં! એ ચેષ્ટાને ચોરી કહેવાય, એવું અગિયારમા વરસે અમને ભાન નહીં! એમ તો માંડવીના કન્યાવિદ્યાલયના મેદાનમાં ક્ષયરોગ વિશેનું નાટક જોઈને મેં નાટક જેવું લખવા માંડેલું! શાળામાં રિસેસ દરમિયાન રસ્તાની બાજુએ એક ભાઈ રેંકડી સાથે ઊભા રહેતા અને ખાવાનું વેચતા. નામ એનું ચત્રભુજ. અમે બે-ચાર બારકસો રિસેસ પૂરી થવાને ટાંકણે એની પાસે જઈને લંબાવીને લહેકા સાથે કહેતા : 'ચ...ત...ર...ભુ...જ...લા...આ...આ...ગો!' ને એ અમારી હથેળીમાં ચપટીક ચિક્કી મૂકે!

શિક્ષક તરીકે નોકરી મળ્યા પછી મેં દર ગુરુ પૂર્ણિમાએ મારા શિક્ષકોને પત્ર દ્વારા વંદના પાઠવવાનું રાખ્યું હતું. એમાં પ્રાથમિક શિક્ષકોમાં સ્નેહાળ અને શાંત જનાર્દનભાઈ ઠાકર સાથે આખરી વરસોમાં સંપર્ક સ્થાપિત થયો અને છેવટ લગી જળવાયો. દર ગુરુપુનમે એમને મળતો મારો વંદના-પત્ર એ હર્ષભેર વાંચીને ઓશીકા નીચે રાખતા. પાંચમા ધોરણના મારા એ વર્ગશિક્ષક મોરબી મુકામે એમની ખબર પૂછવા આવનારને મારો પત્ર બતાવીને કહેતા : 'આ લખનારને મેં કચ્છ-માંડવીમાં ભણાવેલ. હાલ કૉલેજમાં પ્રોફેસર છે... હજુ સંભારે છે મને, વરસોવરસ...,' એમના પુત્ર મહેશભાઈ બી.એડ. માં મારા વિદ્યાર્થી થયા!

બારેક વરસની વય હતી ત્યારે પરિવારને મુલુંડ (મુંબઈ) વસવાનું થયું (૧૯૫૩). આમ, માંડવીની છાયા છૂટી પણ માયા તો અકબંધ રહી અને તેથી લગભગ એક દાયકા પછી મીઠી માડી મડઈના ચરણે આળોટવાનો અવસર આવી મળ્યો. મારી વીસેક વરસની વય (૧૯૬૧) વખતે હું કૉલેજનો વિદ્યાર્થી હતો, ત્યારે અન્ય બે મિત્રો (કાચા-વાનેચા) સાથે સૌરાષ્ટ્ર-કચ્છનો પગપાળા પ્રવાસ કર્યો હતો. એ પ્રવાસના આયોજન મુજબ અમે પગપાળા ચાલતાં-ચાલતાં રેહા-હાજાપર-ભુજ થઈને નારાયણ સરોવર. અહીંથી અમે માંડવી આવી પહોંચ્યા. મેં લેખ 'પ્રવાસની સુવાસ' માં માંડવી સંદર્ભે નોંધ લખી છે : 'શીતળા માતાના દર્શન કરીને માંડવીમાં મારા ફુઆ વેલજીભાઈના અમે અતિથિ થયા. અહીં હું એકડેએકથી છઠ્ઠી ચોપડી લગી ભણેલો, એટલે જ્યાં નજર સ્થિર થતી, ત્યાં કોઈને કોઈ સ્મૃતિ આકાર લેતી હતી. આ સ્વચ્છ શહેર વેપારનું અગત્યનું કેન્દ્ર છે. કાંઠે પોતાની સફરી કથા વાગોળતાં વહાણો આડેપડખે પડ્યાં હતાં. રુકમાવતી નદી સલાયાની સાક્ષીએ સમુદ્રને વરે છે. બીજે દી'અલિયાવાડા મુકામેનાં કચ્છી સહાધ્યાયિની પુષ્પા શાહના ભક્ત વાત્સલ્યસભર કુટુંબ વચ્ચે રહ્યા ને નાના મિત્રો લક્ષ્મી-લહેરી સાથે દાદાની દહેરી અને જૈનઆશ્રમ જોઈ આવ્યા...'

માંડવીથી અમે લોંચ દ્વારા ઓખા પહોંચ્યા અને ત્યાંથી ઓખા-દ્વારકા થઈને અલિયાવાડા. આ અમારો સૌરાષ્ટ્ર-કચ્છનો ૫૫૦ કિ.મી. નો પગપાળા પ્રવાસ હતો.

કચ્છી લોકબોલીમાં કેટલાંક ગામોને લાડકાં નામ પણ મળ્યાં છે. મારા જન્મસ્થાન 'રેહા' ને 'રિયું' કહવાય છે અને 'માંડવી' ને 'મડાઈ'! એ માંડવીની મહેક ફરી ક્યારે માણી શકાશે તે રામ જાણે; પણ આજે સાતેક દાયકા પહેલાંની મીઠી માડી મડઈને વંદના કરીને ધન્યભાવ માણું છું.

***'મોરપિચ્છ', સિદ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧ ૩૩૫.***
***મો. : ૯૪૨૭૨ ૮૪૭૪૨***

***(રાષ્ટ્રીય બાલસાહિત્ય પુરસ્કાર મેળવનાર ઈશ્વર પરમાર ગુજરાતી સાહિત્યનું અણમોલ રત્ન છે.)***

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

ઇતિહાસ

# કસ્તૂરબાની જીવલેણ માંદગી અને અંગ્રેજ સરકારની આડાઈ

જિતેન્દ્ર દવે

૮મી ઑગસ્ટ, ૧૯૪૨ના રોજ ગાંધીજીએ મુંબઈથી ક્વિટ ઇન્ડિયા ચળવળ ઉપાડી અને બીજે જ દિવસે સવારના પાંચ વાગે એમની ધરપકડ કરવામાં આવી. સાથે મહાદેવભાઈ દેસાઈ અને મીરાંબહેનની પણ ધરપકડ થઈ. બા અને પ્યારેલાલને કહેવામાં આવ્યું કે એમની ધરપકડ કરવામાં આવતી ન હતી પણ જો ઇચ્છે તો એ બે જણાં ગાંધીજીની સાથે જઈ શકે. પણ ગાંધીજીએ તુરંત કસ્તૂરબાને કહ્યું, તું રહી ન શકે તેમ હોય તો ભલે ચાલ, પણ હું ઇચ્છું છું કે તું મારી સાથે આવે તેને બદલે તું મારું કામ કરે. બાએ તુરંત બાપુનું કાર્ય કરવાનું સ્વીકાર્યું.

ગાંધીજી એ દિવસે સાંજના શિવાજી પાર્કમાં ભાષણ કરવાના હતા. બાએ જાહેર કર્યું કે બાપુની અવેજીમાં પોતે ભાષણ આપશે. હવે આખો તખ્તો પલટાઈ ગયો. સરકાર કસ્તૂરબાને ભાષણ કરવા માટે છૂટા રાખે તેમ ન હતું. બાની સાથે ત્યારે ડૉ. સુશીલા નય્યર અને પ્યારેલાલ હતાં. બાની ધરપકડ થાય તો ડૉ. સુશીલા નય્યરે ભાષણ આપવા જવું એવું નક્કી કર્યું. સુશીલાબહેને સામાન બાંધીને તૈયાર કરી લીધો.

પોણા પાંચ વાગે સભા સ્થળે જવા બા બહાર નીકળ્યાં. દરવાજા પર પોલીસ અધિકારી એમની રાહ જોતો ઊભો હતો. એણે બાને સમજાવતાં કહ્યું, 'બા, તમારી ઉંમર ઘરે બેસીને આરામ કરવાની છે. તમે સભામાં ન જાવ.'

બાએ સભામાં જવાનો નિર્ધાર પ્રગટ કર્યો. અધિકારીએ કહ્યું, 'તો મારે તમારી ધરપકડ કરવી પડશે.' એમની ધરપકડ થઈ. બા જો ભાષણ આપી ન શકે તો સુશીલાબહેન ભાષણ આપશે, એવું કહેવામાં આવતાં પોલીસે એમની પણ ધરપકડ કરી. તો હવે પ્યારેલાલ ભાષણ આપવા જશે એવું કહેવામાં આવતા અધિકારીએ પ્યારેલાલની પણ ધરપકડ કરી.

ત્રણેયને પોલીસ વાનમાં બેસાડીને આર્થર રોડ જેલમાં લઈ ગયા હતા. તા. ૧૦-૮-૧૯૪૨ના રોજ ટ્રેન દ્વારા એમને મુંબઈથી પૂના તરફ લઈ જવામાં આવ્યાં. ચીંચવડ ગામે તેમને ટ્રેનમાંથી ઉતાર્યા. ત્યાંથી તા. ૧૧મીએ કસ્તૂરબાને આગાખાન મહેલમાં લઈ જવામાં આવ્યા કે જ્યાં બાપુને રાખવામાં આવ્યા હતા. બાપુની ઓરડીના ઉંબરે બા આવીને ઊભાં. ૭૩ વર્ષના ગાંધીજી હાથમાં કેટલાક કાગળ લઈને એકાગ્રતા પૂર્વક વાંચી રહ્યા હતા. એમના બીજા હાથમાં પેન્સિલ હતી. મહાદેવભાઈ દેસાઈ તેમની પાછળ ઊભા હતા. બાને ત્યાં આવેલા જોઈને બાપુની ભ્રુકૂટી ઊંચી ચઢી ગઈ. પૂછ્યું, 'તેં અહીં આવવાની ઈચ્છા બતાવી કે પોલીસ તને પકડી લાવી?'

બા તો સ્તબ્ધ થઈને જોઈ જ રહ્યાં. એક પળ કશું બોલી ન શક્યાં. પછી કહ્યું, 'ના ના, મેં એવું કહ્યું ન હતું - પોલીસે મારી ધરપકડ કરી છે.'

તા. ૧૧મી ઓગસ્ટ, ૧૯૪૨ ના રોજ આગાખાન મહેલમાં લવાયેલાં કસ્તૂરબા પછી ક્યારેય બહાર જઈ ન શક્યાં. આગાખાન મહેલની અટકાયત છાવણીમાં જ તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૪૪ ના રોજ સાંજે ૭.૩૫ કલાકે એમનું દુખદ નિધન થયું. ૬૨ વર્ષના પ્રેમાળ દાંપત્યજીવનનો અંત આવ્યો.

મિત્રો, આ બધી વિગત જગજાહેર છે.

પણ બીમાર કસ્તૂરબાને જરૂરી અને યોગ્ય સારવાર મળે, તે માટે ગાંધીજીએ સત્તાધીશોને કેટકેટલા કાગળ લખવા પડ્યા હતા? કેટલી કાકલૂદી કરવી પડી હતી? અને સત્તાધીશોએ દરદીને દાક્તરી સારવાર માટે કેટલા અને કેવી રીતે વંચિત રાખ્યા? તે આપણે જાણતા નથી.

જીવલેણ થઈ રહેલી પત્નીની બીમારીમાં દાક્તરી સારવાર મેળવવામાં અક્ષમ્ય ઢીલના મૂક સાક્ષી બનીને બેસી રહેવામાં ગાંધીજીએ કેટલી વેદના ભોગવવી પડી હશે? ચાલો, જરા સમજીએ.

આગાખાન મહેલમાં મહાદેવભાઈનું દુઃખદ નિધન ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૨ ના રોજ થયું, ત્યાર પછી લગભગ બે મહિને કસ્તૂરબાની તબિયત લથડી. એ એમની મોટી બીમારી હતી. તેમાંથી સાજાં થયાં, પણ તબિયત નાદુરસ્ત રહી.

ત્યારબાદ, ૧૯૪૩ના નવેમ્બરના છેલ્લા અઠવાડિયા દરમિયાન એમની તબિયત લથડવા લાગી. જાતે નાહવાની શક્તિ પણ તેમનામાં રહી ન હતી. એમને સ્પંજ કરવામાં આવતું. ડૉ. ગિલ્ડર અને ડૉ. સુશીલા નય્યરે જેલના અધિકારીઓને જાણકારી આપી. ૩જી ડિસેમ્બરે ડૉ. શાહે કહ્યું કે તેમણે બાને અટકાયતમાંથી મુક્ત કરવાની ભલામણ કરી છે.

પાંચમીએ ખબર મળ્યા કે સરકારે રામદાસભાઈ અને દેવદાસભાઈને આવી જવા માટે તાર કર્યા છે. બીજા દિવસની

રાતે દેવદાસભાઈ પૂના આવ્યા અને બાની તબિયત જોઈ ગયા.

સાતમી ડિસેમ્બરે રામદાસભાઈનાં પત્ની નિર્મળાબહેન આવ્યાં. એમણે ગાંધીજીને જણાવ્યું કે એ પોતે હાલમાં ડૉ. દિનશા મહેતાને ત્યાં રહે છે. એમણે કહેવડાવ્યું છે કે જો સરકાર રજા આપે તો ડૉક્ટર મહેતા, કસ્તૂરબા માટે પોતાની સેવા આપવા તૈયાર છે. ગાંધીજીએ કહ્યું કે તું રામદાસને પણ આ જણાવજે. એ જ દિવસે સાંજે દેવદાસભાઈ મળવા આવ્યા.

આ બાજુ બાની તબિયત લથડતી જતી હતી. ચોવીસે કલાક એમની સેવામાં કોઈકની હાજરીની જરૂર પડવા લાગી હતી. કનુ નારણદાસ ગાંધી એમની સાથે હળીમળી ગયો હતો. આથી બાની સેવા માટે કનુ ગાંધીને આવવાની મંજૂરી મળે તેવી વિનંતી ગાંધીજીએ છઠ્ઠી જાન્યુઆરી, ૧૯૪૪ના રોજ કરી હતી. અને જો કનુ ગાંધીને મંજૂરી મળી શકે તેમ ન હોય તો પ્રભાવતી જયપ્રકાશ નારાયણને મોકલવામાં આવે તેમ જણાવ્યું.

પણ સરકાર તરફથી કોઈ જવાબ આવ્યો નહીં. પણ છેક ૧૨મી જાન્યુઆરીએ સરકારે પ્રભાવતીબહેનને મોકલ્યાં.

બીમાર કસ્તૂરબાએ સરકારી ડૉ. શાહને કહ્યું કે તેમને આયુર્વેદિક ઉપચારમાં શ્રદ્ધા છે, માટે પૂનાના પ્રાકૃતિક ચિકિત્સાવાળા ડૉ. દિનશા મહેતાને બોલાવવામાં આવે તો સારું.

પણ સરકાર તરફથી કોઈ જવાબ આવ્યો નહીં.

આથી ૨૭મી જાન્યુઆરી, ૧૯૪૪ના રોજ, ગાંધીજીએ હિંદી સરકારના હોમ ડિપાર્ટમેન્ટના વધારાના મંત્રીને પત્ર લખીને વિનંતી કરી કે કસ્તૂરબાને ડૉ. દિનશા મહેતાની સારવાર હેઠળ રાખવામાં આવે. પત્રમાં યાદ દેવડાવ્યું કે કનુ ગાંધીને આવવા દેવાની મંજૂરી માટેના પત્રનો પણ હજુ કોઈ ઉત્તર મળ્યો નથી.

સરકાર તરફથી કોઈ રાહત તો મળતી ન હતી, તેટલું ઓછું હોય તેમ અટકાયત છાવણીમાં પણ પ્રતિબંધો વધતા જતા હતા.

જેલના અધિકારીઓ અગાઉથી મંજૂરી મેળવીને આવેલા મુલાકાતીઓને છાવણીમાં મળવા દેતા, પણ તે વખતે કસ્તૂરબાની સારવારમાં જે કોઈ હોય તેને બહાર નીકળી જવું પડતું.

ગાંધીજીએ સરકારને લખ્યું, આ મારી 'સતામણીનો સૌથી આકરો દાખલો છે.' એમણે લખાણમાં ઉમેર્યું, 'શ્રીમતી કસ્તૂરબા ગાંધી સરકારનાં દર્દી છે અને તેમના પતિ તરીકે એમને વિશે મારે કશું કહેવાનું ન હોય, એ હું બરાબર સમજું છું...તે સાજાં થાય એ અથવા ધીમે ધીમે તે મૃત્યુ તરફ જઈ રહ્યાં હોય તો તે કાળ દરમિયાન કંઈ નહીં તો તેમને માનસિક શાંતિ મળે એ જોવાનું મારું તેમ જ સરકારનું ઉભયનું કર્તવ્ય છે.' (તા. ૨૭-૧-૧૯૪૪)

સરકારનું આવું વલણ જોઈને રામદાસભાઈએ બાપુને કહ્યું કે બાને કેદમાં રાખીને સરકાર નકામું જોખમ લે છે. સારવાર આપવા દેવી ન હોય તો બાને અટકાયતમાં શા માટે રાખી છે. ત્યારે ગાંધીજીએ જે કહ્યું તે નોંધનીય છે. એમણે કહ્યું કે બાને છોડવામાં સરકારને વધુ જોખમ છે. કેમ કે જો બા બહાર ગુજરી જાય તો સરકારે મને છોડવો પડે, સરકાર આ જોખમ લેવા તૈયાર નથી.

તા. ૩૧મી જાન્યુઆરીએ ગાંધીજીએ સરકારને લખવું પડ્યું કે એમના કોઈ પત્રનો હજુ જવાબ મળ્યો નથી. 'દરદીની હાલત બિલકુલ સારી નથી. એમની સારવાર કરનારાઓ ભાંગી પડવાની અણી ઉપર છે...દરદીની ધીરજ ખૂટી છે અને 'ડૉ. દિનશા ક્યારે આવશે?' એમ પૂછ્યા કરે છે.

વહેલામાં વહેલી તકે, બની શકે તો આવતી કાલે, મને નીચેની બાબતોનો ખુલાસો મળે એમ ઇચ્છું છું.

૧. આખા વખતના બરદાસી તરીકે શ્રી કનુ ગાંધી અહીં આવી શકશે?

૨. અત્યાર પૂરતી ડૉ. દિનશા મહેતાની સેવા મેળવી શકાશે?

૩. મુલાકાતો દરમિયાન હાજર રહેનારાઓની સંખ્યા અંગેનો પ્રતિબંધ દૂર કરી શકાશે?

રાહત બહુ મોડી આવી એમ કહેવાનો વખત ન આવે એમ ઇચ્છું છું.

ત્રીજી ફેબ્રુઆરીએ ગાંધીજીએ સરકારને ફરીથી પત્ર લખીને પોતાની વ્યથા ઠાલવતાં કહ્યું કે શ્રીમતી ગાંધીએ મને પૂછ્યું કે ડૉ. મહેતા ક્યારે આવે છે, વૈદ એમને તપાસીને દવા આપશે કે કેમ? ત્યારે મેં કહ્યું કે, "આપણે કેદી છીએ અને મરજી મુજબ આપણે વસ્તુઓ ન મેળવી શકીએ... ડૉ. મહેતા તથા લાહોરવાળા વૈદરાજ શર્માની બાબતમાં તાકીદે હુકમ કરવાની હું વિનંતી કરું છું. વૈદરાજને આવતાં થોડી વાર થશે પણ અંદર બોલાવવાની સત્તા આપવામાં આવે તો ડૉ. મહેતા તો આજે પણ અહીં આવી શકે... દર્દીની જિંદગી જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતી હોય અને વખતસરની મદદથી તે બચે એમ હોય ત્યારે, આવી ઢીલ હું સમજી શકતો નથી."

ગાંધીજીએ જેલના ઑફિસરોને વૈદને બોલાવવાનો આગ્રહ કર્યો. જેલના અધિકારીઓએ કહ્યું, "એ અમારા હાથમાં નથી. મુંબઈ સરકારને ફોન કરીને અમે પૂછીએ છીએ." મુંબઈ સરકારે જવાબ આપ્યો, "અમારા હાથમાં નથી. દિલ્હી સરકારને અમે ફોન કરીએ છીએ."

આખરે ૩જી ફેબ્રુઆરીએ સરકારે નીચે મુજબનો જવાબ આપ્યો કે કનુ ગાંધીને ત્યાં રહેવાની મંજૂરી આપવામાં આવે છે, પણ હવે વધારાની કોઈ માંગણી મંજૂર થશે નહીં. ઉપરાંત, "વૈદકીય કારણોસર બિલકુલ જરૂરી છે એવું સરકારના તબીબી અધિકારીને લાગે તે સિવાયના બહારના કોઈ પણ દાક્તરને આવવા દેવામાં નહીં આવે, એવું સરકારે નક્કી કર્યું છે."

(દાક્તર વિશેની સરકારની આ બાબત સત્યથી વેગળી છે, કેમ કે તા. ૩૧ જાન્યુઆરી, ૧૯૪૪ ના રોજ ડૉ. સુશીલા નાયર અને ડૉ. એમ.ડી.ડી. ગીલ્ડરે સંયુક્ત રીતે પત્ર લખીને જણાવ્યું હતું કે શ્રીમતી કસ્તૂરબા ગાંધીની સ્થિતિ ધીમે ધીમે બગડતી

જાય છે...આ સંજોગોમાં ડૉ. જીવરાજ મહેતા (યરોડા સેન્ટ્રલ જેલ) તથા ડૉ. બિધાનચન્દ્ર રોય (કલકત્તા) ની સલાહ લેવા અમે ઇચ્છીએ છીએ.)

કસ્તૂરબા ગાંધી માટે આયુર્વેદના કોઈ વૈદની જરૂર છે કે કેમ એ વિશે ગાંધીજીની જેલના ઇન્સ્પેક્ટર જનરલ સાથે તા. ૧૧મી ફેબ્રુઆરીએ ફરીથી વાત થઈ હતી. તેના સમર્થનમાં લેખિત ચિઠ્ઠી આ મુજબની આપી હતી, "એલોપથીથી ઇતર પદ્ધતિની વૈદકીય સહાયનો આશરો લેવાની સંપૂર્ણ જવાબદારી મારે શિરે રહેશે, અને એવી જાતના ઉપચારોનું માઠું પરિણામ આવે તો એની જવાબદારીમાંથી સરકાર મુક્ત રહેશે."

સરકારને આ મુજબની લેખિત બાંયધરી આપ્યા છતાંય સારવારમાં કશો ફરક પડ્યો નહીં, કેમકે વૈદરાજને પ્રવેશ મળ્યો, પણ રાતે અટકાયત છાવણીમાં રહેવાની એમને મનાઈ હતી. ખરી વાત તો એ છે કે દરદીના હિતમાં જરૂર જણાય ત્યાં સુધી એમને દરદી પાસે રહેવાની છૂટ મળવી જોઈતી હતી. પણ તેવી છૂટ મળી ન હોવાથી ભલા વૈદરાજ આગાખાન મહેલની બહાર મોટરમાં રાત ગુજારી રહ્યા હતા.

૧૩મી ફેબ્રુઆરીની રાતે કસ્તૂરબાની તબિયત એટલી બગડી ગઈ હતી કે ડૉ. સુશીલા નય્યર ગભરાઈ ગયા અને ડૉ. ગિલ્ડરને જગાડવા પડ્યા હતા. ગાંધીજીને તો એમ જ લાગ્યું કે બા હવે ગયાં.

વૈદરાજને બોલાવવાની જરૂર લાગતા, પહેલાં તો એક સિપાઈને જગાડવો પડ્યો. સિપાઈએ જમાદારને જગાડ્યો. જમાદાર સુપરિન્ટેન્ડેન્ટ પાસેથી ચાવી લઈને બહાર મોટરમાં બેઠેલા વૈદરાજને અંદર લઈ આવ્યો. ત્યાર પછી સુપરિન્ટેન્ડેન્ટ સાહેબ વૈદરાજને બાના ઓરડામાં લઈ આવ્યા. વૈદરાજ બાના ઓરડામાં રહ્યા ત્યાં સુધી સુપરિન્ટેન્ડેન્ટ સાહેબ બેસી રહ્યા.

આથી ગાંધીજીએ પરિસ્થિતિનો પૂર્ણ ચિતાર આપતો પત્ર તા. ૧૪-૨-૧૯૪૪ ના રોજ લખ્યો. એને ફરીથી વિનંતી કરી કે વૈદરાજને અટકાયત છાવણીમાં રહેવાની છૂટ આપવામાં આવે.

પણ સરકારે એવી છૂટ આપી નહીં અને ન આપવા માટેનું કોઈ કારણ જણાવવાનું જરૂરી ન લાગ્યું. વૈદરાજ લાગલગાટ ત્રણ રાત ગાડીમાં બેઠા રહ્યા કે જેથી દરદીને તુરંત સારવાર આપી શકાય.

નિઃસહાય દશામાં, કસ્તૂરબાના બીછાના પાસે બેઠાબેઠા રાત્રે બે વાગે ગાંધીજીએ ૧૬મી ફેબ્રુઆરીએ ફરીથી પત્ર લખીને પોતાની વ્યથા પ્રગટ કરી.

પત્રમાં એમણે ત્રણ દરખાસ્ત સરકાર પાસે રજૂ કરી :

૧. દરદીના હિતમાં જરૂરી જણાય ત્યાં સુધી વૈદરાજને દિવસ-રાત છાવણીમાં રહેવાની છૂટ આપવામાં આવે.

૨. આ બાબતમાં સરકાર સંમત ન થઈ હોય તો, વૈદરાજની સારવારનો તે પૂરેપૂરો લાભ લઈ શકે તે માટે, દરદીને પેરોલ ઉપર છોડવામાં આવે.

૩. જો આ બેમાંથી એકે દરખાસ્ત સરકારને મંજૂર ન હોય તો દરદીની સંભાળમાંથી મને મુક્ત કરવાની હું વિનંતી કરું છું...દરદી જે વેદના ભોગવી રહ્યાં છે તેનો એક અસહાય સાક્ષી મને ન બનાવવો જોઈએ."

(મિત્રો, ગાંધીજીએ પોતાને આટલા અસહાય ક્યારેય અનુભવ્યા નહીં હોય. જેમના એક ઈશારે આખું હિંદુસ્તાન ઊભું થઈ જાય, તેમને કનડવામાં અંગ્રેજ સરકારે જરાય કચાશ રાખી ન હતી.)

બીજે જ દિવસે વૈદરાજ શ્રી શિવશર્માએ ગાંધીજીને સખેદ જણાવ્યું કે પોતાના બધાય ઉપચારો અજમાવ્યા પછી પણ માંદગી મટી જશે એવું લાગતું નથી.

૧૮મી ફેબ્રુઆરીએ ગાધીજીએ સરકારને વિનંતીભર્યો પત્ર લખ્યો કે ડૉ. ગિલ્ડર અને ડૉ. સુશીલા નય્યરની જેમ વૈદરાજનું પણ અહીં આવવાનું ચાલુ રાખે. અને પછી જણાવ્યું કે વૈદરાજ અને ડૉ. મહેતાની સેવાઓ માટેની મારી વિનંતી માન્ય કરવામાં સહેલાઈથી ટાળી શકાય એવી ઢીલ ન થઈ હોત તો દરદીની સ્થિતિ આજે છે એટલી હદે જોખમમાં ન હોત, એમ કહ્યા વિના હું રહી શકતો નથી."

અને આખરે, ૨૨મી ફેબ્રુઆરીએ સાંજે ૭.૩૫ કલાકે કસ્તૂરબાએ છેલ્લો શ્વાસ લીધો.

કસ્તૂરબાની અંતિમક્રિયા વિશે ગાંધીજીની શી ઇચ્છા છે, એ જાણવા માટે જેલોના ઇન્સ્પેક્ટર જનરલે સરકાર વતી પૂછપરછ કરી. સાંજે ૮ ને ૭ મિનિટે ગાંધીજીએ નીચે મુજબ જવાબ આપ્યો :

૧. એમનો દેહ મારા પુત્રો તથા સગાંવહાલાંઓને સોંપવામાં આવે. એનો અર્થ એ થાય કે સરકાર તરફની દખલ વિના જાહેર અંતિમ ક્રિયા થશે.

૨. એ જો શક્ય ન હોય, તો મહાદેવ દેસાઈની રીતે અંતિમ ક્રિયા થાય. અને જો સરકાર અંતિમ ક્રિયા વખતે માત્ર સગાંસંબંધીઓને જ હાજર રહેવાની છૂટ આપે, ને મારાં સગાંસબંધીઓ જેવા જ જે મારા બધા મિત્રો તેમનેય ત્યાં હાજર રહેવા ન દેવામાં આવે, તો એ હક હું સ્વીકારી

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

શકું એમ નથી.

૩. જો સરકારને એ પણ માન્ય ન હોય તો સ્વર્ગસ્થને મળવા માટે જેમને અહીં આવવા દેવામાં આવ્યા હતા તેમને પણ હું બહાર મોકલી દઈશ. અને જેઓ અટકાયતીઓ તરીકે છાવણીમાં રહે છે તેઓ જ અંતિમક્રિયા વખતે હાજર રહેશે.''

(મારા વાચક મિત્રો, ગાંધીજીની સહનશક્તિ અને શાલીનતા આ પત્રના છેલ્લા પેરેગ્રાફમાં કેવી રીતે પ્રગટ થાય છે, તે જુઓ.)

''મારા જીવનસાથીની આ ભારે કસોટી કરનારી બીમારીમાંથી કશોય રાજકીય લાભ ન ઉઠાવવાની મારી હંમેશની ચિંતા રહી છે, જે હકીકતની સાક્ષી સરકાર પણ પૂરી શકશે. પરંતુ તે જે કંઈ કરે તે વિવેકની મર્યાદા જાળવીને કરે એમ હું હંમેશાં માગતો હતો. પણ મારે કહેવું પડે છે કે, એ વસ્તુનો આજ સુધી તો અભાવ જણાયો છે. પણ હવે દરદીની હયાતી બાદ તેમની અંતિમક્રિયાની બાબતમાં સરકાર જે કાંઈ નક્કી કરે તે વિવેક જાળવીને કરવામાં આવે એવી અપેક્ષા રાખવી વધારે પડતી નહીં ગણાય.''

અગ્નિસંસ્કાર જાહેરમાં થાય તેવું સરકાર ઈચ્છતી ન હતી. સરકારને ડર હતો કે રખેને લોકોમાં જાગૃતિનો જુવાળ પેદા થાય. સરકાર તેની સામેનું કોઈ નવું જોખમ ઉઠાવવા તૈયાર ન હતી. સરકારે ગાંધીજીએ સૂચવેલો બીજો પ્રસ્તાવ સ્વીકાર્યો. તા. ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૪૪ ના રોજ આગાખાન મહેલમાં કસ્તૂરબાના અગ્નિસંસ્કાર, મહાદેવભાઈ દેસાઈના અગ્નિસંસ્કાર થયા હતા ત્યાં, કુટુંબીજનો અને મિત્રોની હાજરીમાં કરાયા.

જોકે ત્યાર પછી પણ, સરકારે વિવેક જાળવ્યો નહીં. સરકારે પાર વગરની કિન્નાખોરી અને આડાઈ દર્શાવી. કસ્તૂરબાના અવસાન બદલ અંગ્રેજ સરકાર વતી શોક વ્યક્ત કરતાં એજ્યુકેશન બોર્ડના પ્રમુખ મિ. આર. એ. બટલરે જૂઠો પ્રચાર કર્યો : કસ્તૂરબાની માંદગીમાં શક્ય તેટલી બધી જ માવજત અને સંભાળ આપવામાં આવી હતી. ઉપરાંત એમણે એમ કહ્યું કે ''અગ્નિસંસ્કાર મિ. ગાંધીની માગણીથી પૂના, આગાખાન મહેલની ભૂમિ ઉપર કરવામાં આવ્યા હતા.''

છાપાંઓમાં પ્રગટ થયેલા આ અહેવાલ વાંચીને ગાંધીજીએ જેલમાંથી તા. ૪ માર્ચ, ૧૯૪૪ ના રોજ પત્ર લખીને વિરોધ નોંધાવ્યો. અને સ્પષ્ટતા કરી કે, ''મારી પત્નીએ કે મેં માગેલી મદદ જ્યારે આપવામાં આવી ત્યારે પણ લાંબા વિલંબ પછી આપવામાં આવી હતી, અને દરદી માગે તે અથવા તો મને જરૂરી જણાય તે મદદ જો હું એમને માટે મેળવી ન શકું તો મને તેમનાથી છૂટો પાડવામાં આવે, કેમ કે દરદી જે વેદના ભોગવી રહ્યાં છે તેનો એક અસહાય સાક્ષી મને ન બનાવવો જોઈએ, એમ જ્યારે મેં જેલના સત્તાવાળાઓને કહ્યું, ત્યારે જ આયુર્વેદ જાણનાર વૈદને આવવાની પરવાનગી આપવામાં આવી હતી. અને ૧૮મી ફેબ્રુઆરીએ જેલોના ઈન્સ્પેક્ટરને પત્ર લખ્યો ત્યારે જ વૈદરાજની સેવાનો હું પૂરેપૂરો ઉપયોગ કરી શક્યો.''

ગાંધીજીના આ પત્રનો કહેવાતો ખુલાસો હિંદી સરકારના વધારાના સેક્રેટરી મિ. રીચર્ડ ટૉડનહામે તા. ૨૧ માર્ચ, ૧૯૪૪ ના રોજ આપતાં જણાવ્યું કે ''દાક્તરોને બોલાવવાની બાબતમાં હિંદી સરકારે ગેરવાજબી વલણ દાખવ્યું હતું એમ તમને લાગે છે એથી તેને (સરકારને) ખેદ થાય છે...તમે ઈચ્છો તે બધીય સારવાર અને ઉપચારો તમારાં પત્નીને મળી શકે તે માટે શક્ય એટલું બધું સરકારે કર્યું હતું.''

ગાંધીજીએ ફરીથી તા. ૧લી એપ્રિલે વિગતવાર જવાબ આપ્યો કે સરકારે ઓછામાં ઓછાં છ અઠવાડિયાં બાદ ડૉ. મહેતાની પરમિશન આપી હતી...વૈદરાજ શર્મા વિશે ગાંધીજીએ કહ્યું કે આઠ કરતાંય વધારે અઠવાડિયાં પછી વૈદરાજની સેવા મળી શકી હતી.'' દરદીને તથા મારે વેઠવી પડેલી મુશ્કેલીઓ અને ઢીલ સરકારના એક યા બીજા ખાતાને કારણે કે સરકારી દાક્તરોને કારણે પણ થવા પામી હોય તો પણ એની જવાબદારી તો બેશક હિંદી સરકારને માથે જ રહે છે.''

મારા વાચક મિત્રો, આ પછીય સરકારનો જુઠ્ઠો પ્રચાર તો ચાલતો જ રહ્યો અને ગાંધીજી પત્રો મારફત એનો વિરોધ કરતા રહ્યા. આખરે, ૨૯મી એપ્રિલે સરકારે પત્ર લખીને જણાવ્યું કે ''આ અંગે પત્રવહેવાર ચાલુ રાખવામાં કશો અર્થ સરે એમ નથી.''

આ દુઃખદ, કરુણ અને અમાનુષી વર્તાવ મહાત્મા ગાંધીજીએ સહન કરવો પડ્યો, કેમ કે એમણે અંગ્રેજોને કહ્યું હતું, ''ક્વિટ ઈન્ડિયા'' અને ભારતવાસીઓને આદેશ આપ્યો હતો, ''કરેંગે યા મરેંગે.''

**સંદર્ભ પુસ્તકોની યાદી :**


૧. ગાંધીજીનો અક્ષરદેહ, ગ્રંથ ૭૭
૨. ગાંધીજીનો સરકાર સાથેનો પત્રવહેવાર (૧૯૪૨-૪૪)
૩. મારું જીવન એ જ મારી વાણી, ચોથો ખંડ નારાયણ દેસાઈ.
૪. કામણગારા ગાંધીજી, જિતેન્દ્ર દવે.
૫. અમારાં બા-વનમાળા. પરીખ, સુશીલા નાયર


*સંપર્ક : ૯૮૩૩૬૨૬૬૩૮*


With Best Compliments From

**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**

**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**

**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**

**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station, Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

વિશ્વ પર્યટન દિવસ : ૨૭મી સપ્ટેમ્બર

# વિશ્વ બંધુત્વની ભાવના સાથે સામાજિક - સાંસ્કૃતિક આદાન પ્રદાનનો દિન

ભરત 'કુમાર' પ્રા. ઠાકર

'પ્રવાસ' નો સામાન્ય અર્થ એ છે કે રોજિંદી જીવન ઘટમાળમાંથી મુક્ત થઈ થોડાક દિવસ માટે સહેતુક કોઈ અન્ય સ્થળે ફરવા જવું તે. પછી તે પ્રવાસ કોઈ પણ ચોક્કસ પ્રકાર કે હેતુઓ માટેનો હોઈ શકે. આ હરવાફરવા, ઘૂમવા કે મહાલવાની ક્રિયા માટે આપણે પ્રવાસ, પર્યટન, સહેલ, સફર, યાત્રા, વિહાર, મુસાફરી, ભ્રમણ, ઉજાણી (ટૂર, ટ્રાવેલ, ટ્રિપ, જર્ની, પિલ્ગ્રિમેજ, પિકનિક, વોયેજ, વૉન્ડરિંગ્સ, એક્સ્કર્ઝન) જેવા પર્યાયવાચી શબ્દો પ્રયોજીએ છીએ.

## ● સ્થાપનાની આછેરી તવારીખ :

મિતાક્ષરે UNWTO ની સંજ્ઞાએ ઓળખાતા 'સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પ્રવાસન સંગઠન' (યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટૂરિઝમ ઓર્ગેનિઝેશન) દ્વારા દર વર્ષે દુનિયામાં ૨૭મી સપ્ટેમ્બરનો દિવસ 'વિશ્વ પ્રવાસન દિન' (વર્લ્ડ ટૂરિઝમ ડે) તરીકે મનાવવામાં આવે છે. વિશ્વ પ્રવાસન ક્ષેત્રે યુનોની તે એક ભરોસાપાત્ર, આધારભૂત અને વૈશ્વિક સુલભ પર્યટન માટેની જવાબદાર અગ્રગામી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.

આ સંસ્થાનું મૂળ એક સદી જૂનું છે. ૧૯૨૦માં હેગ (નેધરલેન્ડસ) ખાતે દુનિયાના જુદા-જુદા દેશોની પ્રવાસન સંસ્થાઓના બનેલા બિનસરકારી સંગઠન 'ઈન્ટરનેશનલ કોંગ્રેસ ઑફ ઑફિશિયલ ટૂરિસ્ટ ટ્રાફિક એસોસિએશન્સ' ની રચના થયેલી, જે ૧૯૩૪ માં 'ઈન્ટરનેશનલ યુનિયન ઑફ ઑફિશિયલ ટૂરિસ્ટ પબ્લિસિટી ઓર્ગેનિઝેશન્સ' અને ૧૯૪૫ ના અરસામાં 'ઈન્ટરનેશનલ યુનિયન ઑફ ઑફિશિયલ ટ્રાવેલ ઓર્ગેનિઝેશન્સ' માં ફેરવાયું.

૧૯૬૭માં તેણે વૈશ્વિક સ્તરે પોતાની ભૂમિકા વધારવા યુનો સાથે સહકારમાં (પરંતુ સંપૂર્ણ વહીવટી અને નાણાકીય સ્વાયત્તતા સાથે) આંતરશાસકીય પ્રવાસન સંસ્થાની હિમાયત કરી. તે પછી યુનોની ભલામણો પરથી નવા સૂચિત સંગઠનનો પાયો રચાયો. આખરે ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૭૦ ના વર્તમાન 'સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પ્રવાસન સંગઠન' (UNWTO) અસ્તિત્વમાં આવ્યું અને ૧લી નવેમ્બર, ૧૯૭૪ થી અમલમાં મુકાયું. ૧૯૭૫માં તેને આખરી સ્વરૂપ અપાયું હતું. આને તેનું કાર્યારંભ વર્ષ ગણવામાં આવે છે.

## ● માળખું, સભ્યો અને અંગો :

સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા (યુનો) ના નેજા હેઠળ વિવિધ ક્ષેત્રોની જે ચૌદ મહત્ત્વની પેટાસંસ્થાઓ કાર્યરત છે તેમાંની એક આ સંસ્થા પણ છે. આ સંસ્થા યુનોનું એક વિશિષ્ટ એકમ (સ્પેશિયલાઈઝ્ડ એજન્સી) અને સ્વાયત્ત અંગ (ઑટોનોમસ બોડી) છે. તેના પોતાના આંતરરાષ્ટ્રીય કરાર (સ્ટેચ્યુટ) અંતર્ગત તેની સ્થાપના યુનોથી સ્વતંત્ર રીતે થયેલી છે. તેમ છતાં આ સંસ્થા સંયુક્ત રાષ્ટ્ર પ્રણાલીનું જ એક સભ્ય ગણાય છે.

## ● વિશ્વ પ્રવાસન સંગઠનના મહામંત્રીઓ :

| ક્રમ | નામ | જન્મ-મરણ | દેશ | ખંડ | કાર્યકાળ |
|---|---|---|---|---|---|
| ૧. | રોબર્ટ લોનાટી | ૧૯૧૮ | ફ્રાન્સ | યુરોપ | ૧૯૭૫-૧૯૮૫ |
| ૨. | વિલિબાલ્ડ પાહ્ર | જન્મ ૧૯૩૦ | ઓસ્ટ્રિયા | યુરોપ | ૧૯૮૬-૧૯૮૯ |
| ૩. | એન્ટોનિયો સેવિગ્નેક | જન્મ ૧૯૩૧ | મેક્સિકો | અમેરિકા | ૧૯૯૦-૧૯૯૬ |
| ૪. | ફ્રાન્સેસ્કો ફ્રેન્ગિયાલી | જન્મ ૧૯૪૭ | ફ્રાન્સ | યુરોપ | ૧૯૯૭-૨૦૦૯ |
| ૫. | તાલેબ રિફાઈ | જન્મ ૧૯૪૯ | જોર્ડન | એશિયા | ૨૦૧૦-૨૦૧૭ |
| ૬. | ઝુરાબ પોલોલિકાશ્વિલી | જન્મ ૧૯૭૭ | જ્યોર્જિયા | એશિયા | ૨૦૧૮-૨૦૨૧ |

આજે આ સંગઠન સાથે ૧૫૬ દેશો, ૬ સહયોગી સભ્યો, ૨ કાયમી નિરીક્ષકો અને ૫૦૦ ઉપરાંત સંસ્થાગત સભ્યો જોડાયેલા છે. મહાસભા, કારોબારી પરિષદ અને સચિવાલય એમ તેનાં ત્રણ અંગો છે. તેના વહીવટી વડા મહામંત્રી (સેક્રેટરી-જનરલ) કહેવાય છે. ૧૧૦ પૂર્ણકાલીન કર્મચારીગણ ધરાવતું તેનું મુખ્યાલય મેડ્રિડ (સ્પેન) ખાતે આવેલું છે. જ્યારે ઓસાકા (જાપાન) માં તેની 'રિજિયોનલ સપોર્ટ ઑફિસ' તથા જિનિવા (સ્વિટ્ઝર્લેન્ડ) માં 'લાયઝન ઑફિસ' આવેલી છે.

## ● 'પ્રવાસન દિવસ' ની પસંદગી

૧૯૭૯માં આ સંગઠનની મહાસભાની ૩જી બેઠક ટોરેમોલિનોસ (સ્પેન) માં મળેલી. તેમાં ૧૯૮૦ થી ૨૭મી સપ્ટેમ્બરને દર વર્ષે 'વિશ્વ પ્રવાસન દિવસ' (વર્લ્ડ ટૂરિઝમ ડે) તરીકે મનાવવાનો નિર્ણય લેવાયો. ૧૯૭૦માં તે દિવસે UNWTO ના ખાસ નીતિનિયમો અપનાવવામાં આવેલા તેથી તેની ઉજવણી માટે આ તારીખ પસંદ કરાઈ. આ કરારોનું ગ્રહણ અને પર્યટન દિનનું નિર્ધારણ વિશ્વ પ્રવાસન ક્ષેત્રે મોટું સીમાચિહ્ન ગણાય છે.

આ દિવસની પસંદગી પાછળ એક બીજું કુદરતી કારણ પણ રહેલું છે. સપ્ટેમ્બર માસમાં બહુધા ઉત્તર-દક્ષિણ ગોળાર્ધોમાં હવામાન સમશીતોષ્ણ અને પ્રવાસનને સાનુકૂળ હોય છે. તેથી પૃથ્વીના બંને ભૂખંડોના લોકો એકબીજાના દેશોના લાંબા પ્રવાસો સાનંદ સંપન્ન કરી શકે છે.

દર વર્ષે ૨૭મી સપ્ટેમ્બરને વિશ્વ પ્રવાસન દિવસ તરીકે ચિહ્નાંકિત કરવાનો પ્રથમ વિચાર નાઈજિરિયન નાગરિક સદ્. ઈગ્નાટિયસ અમાડુવા અટિગ્બીએ રજૂ કર્યો હતો. જો કે છેક ૨૦૦૯માં તેમના પ્રદાનની કદર કરવામાં આવી હતી.

- **હેતુ-ઉજવણી-યજમાન દેશ :**

આમ, ૧૯૮૦ થી આ ખાસ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો અને તે સાથે વિશ્વ પર્યટનની નવી દિશાઓ ખુલી. ૧૯૯૭ માં ઈસ્તંબુલ (તુર્કી) માં મળેલ ૧૨મી બેઠકમાં મહાસભાએ પ્રવાસન દિવસની ઉજવણીમાં પોતાના ભાગીદાર તરીકે કામ કરવા દર વર્ષે એક યજમાન દેશ નીમવાનું ઠરાવ્યું. તે અનુસાર ૧૯૯૮થી તેની વૈશ્વિક સ્તરની ઉજવણી પૂર્વનિર્ધારિત યજમાન દેશમાં કરવામાં આવે છે. ત્યારે પ્રથમ આતિથ્ય મેક્સિકોને મળ્યું હતું.

આ દિવસનો મુખ્ય હેતુ વૈશ્વિક સ્તરે પ્રવાસનની ભૂમિકા અંગે જાગૃતિ કેળવવાનો તથા કઈ રીતે વિશ્વમાં તે સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજનૈતિક મૂલ્યો પર અસર કરે છે તે દર્શાવવાનો છે. વિવિધ દેશોની પ્રજાઓ પરસ્પર મુલાકાત લેતી થાય, તેઓ વચ્ચે વિશ્વ બંધુત્વની ભાવના કેળવાય અને વિવિધ ક્ષેત્રોમાં આદાનપ્રદાન કરે તે પણ ઉદ્દેશ રહેલો છે.

તે માટે લોકો સમક્ષ એક ચોક્કસ લક્ષ્ય સાથે તેની ઉજવણી થાય છે, જેમાં પ્રવાસન પ્રવૃત્તિનાં વિવિધ પાસાંને પ્રાધાન્ય અપાય છે. વિવિધ પ્રવાસન એકમો, સરકારી કચેરીઓ અને ખાનગી સંસ્થાઓ તેમાં જોડાતી હોય છે. પર્યટન પ્રોત્સાહક વિવિધ સ્પર્ધાઓ પણ યોજવામાં આવે છે. આજે પ્રવાસન વિશ્વભરમાં વિકાસશીલ ક્ષેત્ર બન્યું છે. વિકસતા દેશો માટે તેનાં પર્યટન કેન્દ્રો આવકના સ્રોત અને રોજગારીની તકો પણ ઊભી કરે છે.

- **વિષયવસ્તુ, સૂત્ર અને પ્રતીક :**

બહુધા યુનો દ્વારા મનાવાતા વિશેષ વર્ષોના વિષયને પ્રવાસન સાથે સાંકળીને વિશ્વ પ્રવાસન દિવસનું ચોક્કસ વિષયવસ્તુ (થીમ) નક્કી કરાય છે, જેને ટૂંકા સચોટ સૂત્ર અને પ્રતીક (સ્લોગન એન્ડ લોગો) સ્વરૂપે વહેતું કરાય છે.

દર વર્ષે ૨૭મી સપ્ટેમ્બરે 'વિશ્વ પ્રવાસન દિવસ' ની ઉજવણી ઉપરાંત પ્રવાસન ક્ષેત્રના વેગ અને વિકાસ માટે યુનો દ્વારા વૈશ્વિક સ્તરે ૧૯૬૭ માં 'આંતરરાષ્ટ્રીય પર્યટન વર્ષ' અને ૨૦૦૨ માં 'આંતરરાષ્ટ્રીય ઈકો-ટુરિઝમ વર્ષ' ઉજવાયું હતું. યુનો દ્વારા ૨૦૧૭ નું વર્ષ 'વિકાસ માટે ટકાઉ પ્રવાસનના આંતરરાષ્ટ્રીય વર્ષ' તરીકે ઉજવાઈ રહ્યું છે. ત્યારે આ વખતના વિશ્વ પ્રવાસન દિવસનું મુખ્ય સૂત્ર 'ટકાઉ પ્રવાસન - વિકાસ માટેનું સાધન' રખાયું છે.

આ વર્ષના ૩૭મા પ્રવાસન દિવસની ઉજવણી અને મહેમાનગતિ કતાર કરશે. ભૂતકાળમાં કોઈ એક દેશે બે વખત પરોણાગત કરી હોય એવા મેક્સિકો (૧૯૯૮ અને ૨૦૧૪) પછી કતાર (૨૦૦૫ અને ૨૦૧૭) બીજો દેશ બન્યો છે. ભારતમાં આવી ઉજવણી થવી હજી બાકી છે.

- **ભારત : એશિયામાં બીજા ક્રમે**

'ચરાતિ ચરતો ભગઃ' (અર્થાત્ જે ફરતો રહે છે તેનું ભાગ્ય પણ પલટાતું રહે છે) આ સંસ્કૃત સુભાષિત આપણી ભારતીય પ્રજાની દૂર દેશાવર ખેડી ત્યાંની સંસ્કૃતિ, સમાજ, અર્થતંત્ર, રાજકીય સ્થિતિ વગેરેનું અવલોકન કરવાની ભાવનાનો પડઘો પાડે છે. સદીઓથી આપણા પૂર્વસૂરિઓએ દરિયાપારનાં પરિભ્રમણો કરીને 'પ્રવાસન સંસ્કૃતિ' વિકસાવી છે.

ભારતનો સાંસ્કૃતિક કલાવારસો, પ્રાચીન તીર્થસ્થાનો, વિશાળ સાગરતટ, પ્રાકૃતિક સૌંદર્યધામો, વન્યપ્રાણી અભયારણ્યો વગેરે વિશ્વભરના સહેલાણીઓ માટે આકર્ષણનાં કેન્દ્રો બન્યાં છે. તેથી જ એશિયા ખંડના દેશોમાં જાપાન પછી સૌથી વધુ પ્રવાસીઓ ભારતમાં આવે છે. સરકાર તરફે પણ વિદેશી પર્યટકો અને બિનનિવાસી ભારતીયોને આકર્ષવા પ્રોત્સાહક નીતિ અપનાવાઈ છે તથા 'પ્રવાસન' ક્ષેત્રને ઉદ્યોગનો દરજ્જો આપવામાં આવ્યો છે.

આપણે ત્યાં ૯મી જાન્યુઆરી 'પ્રવાસી ભારતીય દિવસ' તરીકે મનાવવામાં આવે છે, જેના પ્રણેતા પત્રકાર બાલેશ્વર અગ્રવાલ (૧૯૨૧-૨૦૧૩) હતા. પ્રવાસન પ્રવૃત્તિના પ્રસાર માટે ભારતમાં ૧૯૯૧, ૧૯૯૯-૨૦૦૦, ૨૦૦૩; ગુજરાતમાં ૨૦૦૬ અને મહારાષ્ટ્રમાં ૨૦૧૧-૧૨નાં વર્ષો 'પ્રવાસન વર્ષ' તરીકે જાહેર થયાં હતાં.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર - ૧,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.*
*મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**

**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**

**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨**

**E-mail : kaykay_industries@yahoo.com**

## પ્રવાસન વર્ષો : વિષયો અને યજમાન દેશો

| ક્રમ | વર્ષ | યજમાન દેશ | મધ્યવર્તી વિષયવસ્તુ (સેન્ટ્રલ થીમ) |
|---|---|---|---|
| ૧. | ૧૯૮૦ | - | સાંસ્કૃતિક વારસાની જાળવણી અને પરસ્પર સમજણમાં પ્રવાસનનો ફાળો |
| ૨. | ૧૯૮૧ | - | પ્રવાસન અને જીવન ધોરણ |
| ૩. | ૧૯૮૨ | - | પ્રવાસનું ગૌરવ : સારા મહેમાન - ઉમદા યજમાન |
| ૪. | ૧૯૮૩ | - | રજાઓ અને પ્રવાસ : સૌને માટે હક ખરા, પરંતુ સાથે જવાબદારી પણ... |
| ૫. | ૧૯૮૪ | - | આંતરાષ્ટ્રીય સમજણ, શાંતિ અને સહકાર માટે પ્રવાસન |
| ૬. | ૧૯૮૫ | - | યુવા પર્યટન : શાંતિ અને મૈત્રી માટે ઐતિહાસિક - સાંસ્કૃતિક વારસો |
| ૭. | ૧૯૮૬ | - | પ્રવાસન : વિશ્વ શાંતિનું મજબૂત માધ્યમ |
| ૮. | ૧૯૮૭ | - | પ્રગતિ માટે પર્યટન |
| ૯. | ૧૯૮૮ | - | પ્રવાસન : સૌને માટે શિક્ષણ |
| ૧૦. | ૧૯૮૯ | - | પ્રવાસીઓના મુક્ત વિહાર દ્વારા વિશ્વઐક્ય |
| ૧૧. | ૧૯૯૦ | - | પર્યટન : એક વણપ્રીછ્યો ઉદ્યોગ |
| ૧૨. | ૧૯૯૧ | - | દૂરસંદેશાવ્યવહાર, માહિતી અને શિક્ષણ : પર્યટન વિકાસનાં મહત્ત્વનાં પરિબળો |
| ૧૩. | ૧૯૯૨ | - | પ્રવાસન : લોકોમાં આર્થિક - સામાજિક નીકટતા અને સમજણનો સેતુ |
| ૧૪. | ૧૯૯૩ | - | પ્રવાસન વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ : ટકાઉ સંવાદિતાની દિશામાં |
| ૧૫. | ૧૯૯૪ | - | ઉત્તમ કર્મચારીઓ - શ્રેષ્ઠ પર્યટન |
| ૧૬. | ૧૯૯૫ | - | વિશ્વ પર્યટન સંસ્થા : વિશ્વ પ્રવાસનની સેવામાં વીસ વર્ષ... |
| ૧૭. | ૧૯૯૬ | - | પ્રવાસન : સહિષ્ણુતા અને શાંતિનું પ્રતીક |
| ૧૮. | ૧૯૯૭ | - | પ્રવાસન : ૨૧મી સદીમાં રોજગાર પ્રાપ્તિ અને પર્યાવરણ સંરક્ષણ કરતી અગ્રેસર પ્રવૃત્તિ |
| ૧૯. | ૧૯૯૮ | મેક્સિકો | જાહેર અને ખાનગી ક્ષેત્રની ભાગીદારી : પ્રવાસન વિકાસની ચાવી |
| ૨૦. | ૧૯૯૯ | ચીલી | પ્રવાસન : નવી સદીમાં વિશ્વવારસાની જાળવણી |
| ૨૧. | ૨૦૦૦ | જર્મની | તંત્રજ્ઞાન અને કુદરત : પ્રવાસન સામેના બે પડકારો |
| ૨૨. | ૨૦૦૧ | ઈરાન | પર્યટન : સંસ્કૃતિઓ વચ્ચેનો સંવાદ અને શાંતિનો ઘંટનાદ |
| ૨૩. | ૨૦૦૨ | કોસ્ટારિકા | પ્રાકૃતિક પ્રવાસન : સ્થાયી વિકાસની કૂંચી |
| ૨૪. | ૨૦૦૩ | અલ્જિરિયા | પ્રવાસન : ગરીબી નાબૂદી, રોજગાર વિસ્તરણ અને સામાજિક સંવાદિતાનો શ્રેષ્ઠ માર્ગ |
| ૨૫. | ૨૦૦૪ | મલેશિયા | પ્રવાસન અને રમતગમત : પરસ્પર સમજણ, સંસ્કૃતિ અને સમાજ વિકાસના બે મુખ્ય અંગો |
| ૨૬. | ૨૦૦૫ | કતાર | પ્રવાસન અને પરિવહન : જુલેવર્નની કલ્પનાથી વર્તમાન વાસ્તવિકતા સુધી |
| ૨૭. | ૨૦૦૬ | પોર્ટુગલ | પ્રવાસન દ્વારા સમૃદ્ધિ |
| ૨૮. | ૨૦૦૭ | શ્રીલંકા | મહિલાઓ માટે વિકાસનાં દ્વારો ખોલતું પ્રવાસન |
| ૨૯. | ૨૦૦૮ | પેરુ | આબોહવા પરિવર્તનના પડકારને પ્રવાસનનો પ્રતિસાદ |
| ૩૦. | ૨૦૦૯ | ઘાના | પ્રવાસન ઉજવે છે વૈવિધ્યનો ઉત્સવ |
| ૩૧. | ૨૦૧૦ | ચીન | પ્રવાસન અને ઉર્જાસભર સ્થિરતા |
| ૩૨. | ૨૦૧૧ | ઈજિપ્ત | પ્રવાસનનું સંસ્કૃતિઓ સાથેનું જોડાણ |
| ૩૩. | ૨૦૧૨ | સ્પેન | પ્રવાસન અને ઊર્જાસભર સ્થિરતા |
| ૩૪. | ૨૦૧૩ | માલદીવ | પ્રવાસન અને પાણી : આપણા સામાન્ય ભાવિને સંરક્ષીએ |
| ૩૫. | ૨૦૧૪ | મેક્સિકો | પ્રવાસન અને સામુદાયિક વિકાસ |
| ૩૬. | ૨૦૧૫ | બુર્કિના ફાસો | એક અબજ પ્રવાસીઓ અને એક અબજ તકો |
| ૩૭. | ૨૦૧૬ | થાઈલેન્ડ | પર્યટન સૌના માટે વિશ્વમાં બનાવીએ સુલભ |
| ૩૮. | ૨૦૧૭ | કતાર | ટકાઉ પ્રવાસન - વિકાસ માટેનું સાધન |

વાર્તા

# ઝેર

રજનીકુમાર પંડ્યા

"સર!" ફાઈલમાંથી મોદી સાહેબે જોયું અને અવિનાશની ઉપસ્થિતિની નોંધ ખાતર જ હોય એમ ચશ્માં ઉતારીને કહ્યું : 'યેસ.'' અવિનાશે કહેવાના શબ્દો બરાબર તૈયાર રાખ્યા હતા. નાટકની ટેવ કામમાં આવી ગઈ. પાંપણ સહેજ પટપટાવીને એણે ધીરેથી કહ્યું : "એક વિનંતી કરવા આવ્યો છું."

કશું જ બોલ્યા વગર મોદી સાહેબ માત્ર પ્રશ્નાર્થમાં જ તાકી રહ્યા. "વિનંતી", "ઉપકાર", "આભાર", "મહેરબાની કરીને" આવા શબ્દો વજન વગરનાં થઈને કાનમાં પ્રવેશી શકતા અને પોતે એવા શબ્દોને લાયક હોવાનો થોડો ગર્વ પણ એમની ઉંમરે એમને આપ્યો હતો.

અવિનાશને બોલતાં વાર થઈ એટલે કહ્યું : "બોલો."

"સર!" અવિનાશે કહ્યું : "આપણી ઓફિસમાં હવે હેડ ક્લાર્કની જગ્યા ખાલી પડે. આપને એ કહેવા આવ્યો છું કે, આપ મારી ભલામણ એ જગ્યા માટે કરી શકો તો..."

એમણે પેન બંધ કરી ટેબલ પર મૂકી. "બેસો" એમણે આંખથી ખુરશી હટાવીને કહ્યું : "મને એમ કે તમે તમારા નાટકનું આમંત્રણ આપવા આવ્યા હશો અને હું તમને નહિં આવી શકું એમ કહીને રવાના કરી દઈશ."

અવિનાશને ગમ્યું નહિ. પણ ટેબલ પર પેન બંધ કરીને મૂકી દેવાથી મોદીસાહેબના આંગળાંની તાકાત હવે જીભને ટેરવે આવી જવાની હતી તેની એને ખબર હતી. સિગારેટના સફેદ ડાઘાવાળા કુરૂપ, મૂછમાં સફેદ છાંટવાળા હોઠમાંથી "તમે વિચાર કરો અવિનાશ, આપણી ઑફિસના કામમાં તમે સિન્સિયર છો?" એવાં અનેક વાક્યો વિના પ્રત્યુત્તરે સાંભળવાનાં, એ બધું નવું નહોતું. અનેકવાર થઈ ચૂક્યું હતું. "નાટક, ચેટક, રાગ, રંગ, ગાવું વગાડવું એ શું ઑફિસના કામને ભોગે?" બોલતાં બોલતાં મોદીસાહેબનો અવાજ સહેજ ઊંચો થઈ ગયો. આવે વખતે અવિનાશના મનમાં એક જ શબ્દ "ઓરંગઝેબ" ઘુમરાતો. બીજો કોઈ બોસ હોય તો સ્ટાફના માણસની આવી ઈતર પ્રવૃત્તિ પ્રત્યે રાજી થાય. પણ મોદી સાહેબમાં કોણ જાણે કેમ રોષ હતો. હવે તો અવિનાશે એમને વારંવાર નાટકમાં આવવાનું આમંત્રણ આપવાનું પણ બંધ કર્યું હતું ને પહેલું ઈનામ મળ્યું ત્યારે...ત્યારે કહ્યું હતું. ત્યારે મોદી સાહેબે કહ્યું હતું કે : "એકપાત્રીય હતું એટલે તો તમને ઑફિસમાં રિહર્સલ કરવાની તક નહીં મળી હોય."

મોદી સાહેબ કશુંક લાંબું લાંબું બોલતા હતાં. અવિનાશે નીચી નજર કરીને સાંભળ્યા કર્યું. કેટલીક દલીલો સળવળીને શાંત થઈ ગઈ. કેટલીક વાતો ઘેર જઈને શ્વેતાને કહેવા માટે સંઘરાઈ ગઈ. કેટલીક ચેષ્ટાઓ મગજમાં કોતરાઈ ગઈ. મોદી સાહેબ હજુ બોલ્યે જતા હતા. બીજું કોઈ સાંભળનાર ક્યારેય કોઈ ન મળવાનું હોય તેમ બોલ્યે જતા હતા. અંતે અવિનાશે કહ્યું : "પણ સાહેબ, હું આજે નાટકની વાત કરવા નથી આવ્યો. હેડક્લાર્ક તરીકેનું પ્રમોશન..." મોદી સાહેબ પણ અચાનક ભાન થયું હોય તેમ અટકી ગયા. પેન ખોલી અને ચશ્મા ચડાવ્યા : "ઠીક છે, જોઈશું : એપ્લીકેશન આપી દેજો." અવિનાશ ઊભો થયો. "થેંક યૂ સર." થોડીવારે વળી ફરી બોલ્યો : "થેંક યૂ, હવે જાઉં?" એમણે માત્ર નજરથી, હા કહી, પણ અવિનાશ જવાનું કરતો હતો ત્યાં જ એમણે કહ્યું : "કાલે સાંજે મારે ઘેર આવી શકશો? થોડાં એસ્ટીમેઈટ્સ બનાવીને બોર્ડ પાસે મૂકવાનાં છે." "ભલે સાહેબ." એણે કહ્યું અને ચેમ્બરની બહાર નીકળી ગયો.

"તો તો પછી આ માણસને કલાનો દુશ્મન જ સમજવોને? શ્વેતાએ વાત સાંભળીને તરત જ કહ્યું અને ચોખા વીણવા માંડી. આખી વાત દરમ્યાન શ્વેતાએ પૂરો રસ લીધો હતો. અવિનાશ ઔરંગઝેબ બોલે તે પહેલાં જ શ્વેતાએ એવું કંઈક કહ્યું એથી અવિનાશ રાજી થયો. જો કે શ્વેતા હતી જ સમજદાર. નાટકની દુનિયામાં એને પણ ખેંચી જવાની ઈચ્છા હતી અવિનાશની. એણે ખુદ પણ બે-ચાર વાર કહ્યું હતું : "હું પણ તમારી જેમ ભલેને તમારી સાથે, પણ નાટકમાં ભાગ લઈ શકું કે નહિ?" "જોઈશું" કહીને અવિનાશે તે ક્ષણે તો વાત ટાળી હતી. પણ એ વિશેનો વિચાર અમલમાં મૂકી શકાયો નહોતો. અવિનાશને ખબર હતી કે એ કંઈ આટલું બધું અશક્ય નહોતું. કાલે ઊઠીને આ નોકરી-બોકરી છોડીને, નાટકની દુનિયામાં આગળ વધતાં વધતાં ફિલ્મમાં પણ પહોંચી જવાય તેવી શક્યતાઓ છે. અવિનાશની મુલાકાત એક શો દરમ્યાન એ આસિસ્ટન્ટ ડાયરેક્ટર સાથે થઈ હતી. જો કે એમાં કંઈ ફિલ્મમાં ચમકવા વિશે કશી વાત થઈ નહોતી. પણ કદાચ હવે ફરી મળે ત્યારે થાય. ફિલ્મમાં તક મળે તો ભલે લાંબે ગાળે, ધાક જામી ગયા પછી પણ, શ્વેતાને પણ ચમકાવી શકાય. આ કશું જ અશક્ય નહોતું. અત્યારનાં મોટા મોટા એક્ટરો પણ આ રીતે જ આગળ આવ્યા છે અને અત્યારે

ધનના ઢગલામાં આળોટે છે. અવિનાશને આ વિચાર કરતાં કરતાં એક સુખદ અનુભૂતિ થઈ આવી અને એક મીઠી ઉત્તેજના પણ વ્યાપી ગઈ. "માણસો પણ કેવા કેવા થાય છે?" શ્વેતા એકાએક બોલી. "કોની વાત કરે છે?" ચમકીને પૂછ્યું. આ તમારા મોદી સાહેબની સ્તો!

"અરે, એ તો છે જ એવો, ઔરંગઝેબ જેવો." કહીને અવિનાશે યાદ કરી કરીને એમનાં કેટલાક હસવા જેવા દૃશ્યો શ્વેતાને કહી સંભળાવ્યાં. જેમકે, એક વાર એમણે કાળા પેન્ટ પર બદામી કોટ પહેર્યો હતો ત્યારે એક ચપરાશીએ પાછળથી એને ડિસ્ટેમ્પરનો ડબ્બો કહ્યો હતો અને એક વાર ચેમ્બરમાં દાખળ થતાંવેંત એમનો પગ લપસ્યો હતો. અને એક વાર ટેબલ નીચેથી એમનાં ફાટેલા મોજાં જોઈ આવીને ત્રિવેદીએ બધાને શું હસાવ્યાં હતાં, શું હસાવ્યા હતાં! "કોણે આવાને સાહેબ બનાવ્યો હશે?"

"લાંબી નોકરી છે, શ્વેતુ!" અવિનાશે કહ્યું : "નહીં તો શરૂઆતમાં તો એય ક્લાર્ક હતો."

અવિનાશને આ વાક્ય "એ પણ ક્લાર્ક જ હતો" ફરીવાર બોલવાની ઈચ્છા થઈ. એ બોલ્યો : "તું સમજી શ્વેતુ? એ પણ મારી જેમ ક્લાર્ક જ હતો." શ્વેતા કશાક કામમાં પરોવાઈ. એ બોલ્યે ગયો : "અત્યારે તો મોટો સાહેબ થઈ ગયો છે. એંસી હજાર ઉપરનો પગાર, વળી મફત બંગલો, કંપની તરફથી, ગાડી, ડ્રાઈવર, માળી, એક નોકર. "તમે એનો બંગલો જોયો હશે નહિ?"

અવિનાશે મૂંગા મૂંગા જ ડોકી ધુણાવી.

"કેવો છે...બહુ સારો છે?"

અવિનાશે "આ-લા-ગ્રાન્ડ" કહીને બંગલાનું વર્ણન કરવા માંડ્યું : બગીચો જ કેવો હતો! અને એમાંના રૂપેરી સાંકળવાળા હિંચકા! લાલ ઇંટોનો રસ્તો, આજુબાજુ અન્ડરગ્રાઉન્ડ વાયરીંગ કરેલી બત્તીના થાંભલા. કાતરથી મેંદી કાપ્યા કરતો માળી. અને દીવાનખાનું તો કોઈ ભવ્ય ફિલ્મનો સેટ.

"તમને ફિલ્મના સેટની ઉપમા બહુ સૂઝે છે કેમ?" શ્વેતા ડાઈનિંગ ટેબલ પર પ્લેટ મુકતાં બોલી.

અવિનાશની આંખો સહેજ ચમકી. એણે હસીને કહ્યું : "નાટક અને ફિલ્મને બહુ છેટું નથી, સમજી?"

"આપણેય, જોજોને, એકવાર એથીયે સુંદર બંગલામાં રહેવા જઈશું." શ્વેતા બોલી.

અવિનાશ કશું બોલ્યો નહિ. શ્વેતા જ પીરસતાં પીરસતાં બોલી : "વખત આવવા દો ને."

★

રાતે કૂતરાં ખૂબ ભસ્યાં. ગલીમાં કોઈ અજાણ્યો માણસ ઘૂસ્યો છે કે શું? અવિનાશની આંખ ખૂલી ગઈ. શ્વેતા તો આરામથી ઊંઘતી હતી. પડખું ફરીને પરસેવાથી બ્લાઉઝ ભીનું થઈને શરીર સાથે ચોંટી ગયું હતું. ફેન બહુ અવાજ કરતો હતો એટલે બંધ કર્યો હતો. એક નવો ફેન લઈ લેવાની જરૂર હતી. લેવાશે, બોનસ આવશે ત્યારે લઈશું અથવા... અથવા... અવિનાશની કલ્પના દોડીને ખૂબ આગળ પહોંચી ગઈ. ખૂબ આગળ....એક એ.સી. સુધી....પણ એ તો સેલરી આથી ડબલ થાય ત્યારે બને. ઊભા થઈને એણે પાણી પીધું. બે-ચાર નાટકોમાં આપણા રોલ જો સારા જાય અને કોઈ ડાયરેક્ટરની નજરે ચડી જવાય અને તકદીર ચમકે...પછી તો...પછી તો એ બધુ પોસીબલ બને.

શ્વેતાની આંખ ઊઘડી ગઈ. "પલંગમાં બેઠા બેઠા શું વિચાર કરો છો?" એણે પૂછ્યું.

મોટું રહસ્ય સાચવીને બેઠો હોય એમ એણે માર્મિક સ્મિત કર્યું ને પછી વાત ટાળવાના ઉદ્દેશથી જ માત્ર કહ્યું : "કશો નહિ...તને બહુ ગરમી થાય છે કંઈ?"

"ને તમને?" એ બોલી : "તમે કંઈ થોડા એરકન્ડિશન્ડમાં બેઠા છો?"

"એ પણ થશે શ્વેતુ." એ બોલ્યો : "બસ થોડો ટાઈમ થોભી જા." શ્વેતા તદ્દન ભોળાં બૈરાની જેમ પતિ સામે જોઈ રહી. થોડું વિસ્મય, થોડો અહોભાવ! ને થોડી લાગણી!

★

"મોદી સાહેબ છે?"

"નથી." બેબીએ મીઠું હસીને કહ્યું : "પણ આવો ને? તમને બેસાડવાનું કહીને ગયા છે."

થોડા સંકોચ સાથે એ અંદર આવ્યો. બેબીના સ્કૂલનાં ચોપડાઓ સોફા ઉપર વિખરાયેલા પડ્યાં હતાં "પરીક્ષાની તૈયારી ચાલે છે ને એટલે?" બેબી ફરી હસીને બોલી.

"મમ્મી પણ નથી?"

બેબીએ સ્મિત કર્યું.

અવિનાશે ચારે તરફ નજર ફેરવી. દીવાનખાનામાં ઠેરઠેર જંગલી પ્રાણીઓનાં ચિત્ર લગાડેલાં હતાં, પણ એની એ જ ગોઠવણી. છેલ્લાં બે વરસથી આવતો હતો, પણ ભાગ્યે જ કોઈ ફેરફાર! શ્વેતા હોય તો આવું ન ચલાવી લે. એ તો નાનકડી રૂમમાં પણ બેચાર ફોટા, એકબે ખુરશીઓ, એક-બે સ્ટુલ અને એક-બે ફૂલદાની આમથી તેમ અને તેમથી આમ કર્યા કરે.

બેબી સાથે વાતો અને વિચાર કર્યા સિવાય અવિનાશ પાસે કશું જ કામ નહોતું.

એકાએક એને બેબીને પૂછવાનું મન થયું : "સ્કૂલમાં શી ઈતર પ્રવૃત્તિ કરે છે?"

"હું ને" બેબી બોલી : "ખાસ કંઈ નહિ થોડુંક ચિત્રકામ અને બાકી તો નાટકોમાં ભાગ લઉં - ક્યારેક ક્યારેક."

"નાટકોમાં?" એને ખૂબ નવાઈ લાગી : "એમ? પપ્પા ના નથી પાડતા?"

એ શું પૂછવા માંગે છે એ ન સમજાયું હોય તેમ બેબી એની સામે જોઇ રહી : "એટલે?"

કશો પણ અવિવેક છતો ન થાય તેની કાળજી રાખીને અવિનાશે કહ્યું : "પપ્પાને આ બધું ગમે ખરું?"

ખભા ઉલાળીને બેબીએ કહ્યું : "ચોક્કસ, મને તો ઘણી વાર સામેથી ભાગ લેવાનું કહે છે."

"એમ?" છેવટે અવિનાશથી બોલાઈ ગયું : 'મને તો એમ કે એમને નાટક વગેરે કંઈ ગમતું નથી, ઊલટાની ચીડ છે."

"ત્યારે તો કહેવા દો અવિનાશભાઈ!" બેબી સહેજ ઉત્તેજનાથી બોલી : "તમે હજુ એમને ઓળખતાં જ નથી."

ઘણું બોલવા જેવું હતું, પણ અહીં ન બોલી શકાય એની અવિનાશને ખબર હતી. એ માત્ર મોં મરકાવીને બેસી રહ્યો અને છાપું જોવા માંડ્યો.

"જુઓ, આ આલ્બમ તો જુઓ!" બેબી કબાટમાંથી એક આલ્બમ લઈ આવી અને અવિનાશના હાથમાં મૂક્યું. "શું છે?" અવિનાશે પૂછ્યું.

"જુઓ તો ખરા!" એ પાનાં ફેરવવા માંડ્યો. કેટલાય અલગ અલગ નાટકોના દૃશ્યોનાં સમારંભોના, ચંદ્રકનાં પ્રધાનના, ભાષણોના બે ફોટા હતા. એ બધામાં એક ખૂબ સુંદર યુવાન હસમુખો અને ચપળ આગળ તરી આવતો હતો. ફોટા જરા જૂના થઈ ગયા હતા પણ ચહેરાની ચમક હજુ ગઈ નહોતી. કેટલાક નાટકનાં ક્લોઝ-અપમાં તો એણે એટલી બધી ભાવ-પ્રવણતા દાખવી હતી કે અવિનાશથી "વાહ" બોલાઈ ગયું.

"કોના ફોટા છે આ?" અવિનાશે પૂછ્યું.

"મારા પપ્પાના." એ બોલી.

"એમ?" માન્યામાં ન આવતું હોય તેમ એ એની સામે જ જોઈ રહ્યો : "આ બધા મોદીસાહેબના ફોટા છે?"

બેબીએ ફરી માત્ર સ્મિત કર્યું. અવિનાશ બોલવા માટે શબ્દો શોધવા માંડ્યો : "કોઈને પણ માન્યામાં જ ન આવે કે આ મોદી સાહેબના ફોટા છે. રિયલી?"

"પચ્ચીસ વરસ પહેલાંના છે ને!" બેબી તદ્દન સરળ ભાવથી બોલી : "ફેર પડી જ જાયને?"

પણ અવિનાશને જોઈતો હતો એ જવાબ એ ન હતો. એ પ્રશ્ન જ પૂછી શકાયો નહોતો. પૂછી શકાય તેવો પણ નહિ. કદાચ જે પ્રશ્ન હતો એ જ એનો જવાબ હતો. મોદી સાહેબ... મોદી સાહેબ, એના મગજમાં થોડો ખળભળાટ મચ્યો. કાળા કુરૂપ હોઠ...કરચલીવાળું કપાળ, રૂક્ષ-અતિરૂક્ષ ચહેરો તે કપડાં તો જાણે...એનાથી મનોમન જ હસાઈ ગયું. ડિસ્ટેમ્પરનો ડબ્બો.

"લો...લો...' બેબી બોલીને ઊભી થઈ ગઈ : "લો, પપ્પા આવી ગયા!"

"યેસ." અવિનાશની સામે જોઈને નોંધ લેતા હોય તેમ મોદી સાહેબ બોલ્યાં : "સોરી આઈ હેવ કેપ્ટ યુ વેઈટીંગ."

અવિનાશ ઊભો થઈ ગયો. "યેસ સર!" એ વધુ ગુંચવાયો. "નો સર, ઇટ્સ ઓલરાઈટ, સર!"

મોદી સાહેબે સોફા ઉપર પડેલા આલ્બમ સામે જોયું, અને પછી બેબી સામે જોયું. ઠપકો હતો કે શું? અવિનાશનાં મનમાં થોડો ગભરાટ થયો. "ટાઈમ પાસ કરતાં હતા, સર!" અવિનાશ અવાજને એકદમ સ્પષ્ટ કરીને બોલ્યો : "આપનું આ જૂનું આલ્બમ જોયું. બહુ મજા આવી. આપ આટલાં સરસ નાટકોના કલાકાર...કેટલાં બધાં ઈનામો? કેટલી બધી સફળતા!

મોદી સાહેબ પથ્થરની જેમ સાંભળી રહ્યા. ચહેરા ઉપર એક પણ રેખા બદલાઈ નહિ. અવિનાશ કશુંક સારું, છેવટું કશુંક સામાન્ય પણ સાંભળવાની અપેક્ષામાં એમની સામે જોઈ રહ્યો. મોદીસાહેબના હોઠ, કાળા કુરૂપ હોઠ બોલવાની ચેષ્ટામાં જરા ફરક્યા.

થોડી પીડા ઉભરાઈ આવી કે પછી અવિનાશને એમ લાગ્યું, એમનાં ઠંડા...રૂક્ષ અવાજે એ બોલ્યા : "ફરગેટ ઇટ...ઇટ્સ ઓલ રબ્બીશ."

"નહિ સાહેબ, પણ..." અવિનાશ અતિ હૃદયપૂર્વક બોલ્યો : "આપનામાં આટલી બધી પ્રતિભા હતી, કલાકાર તરીકેની આટલી બધી સિદ્ધિ આપને મળી હતી તો, પછી..." એ જરા ગુંચવાયોઃ "મને તો સમજાતું નથી કે..."

"આગળ ઉપર સમજાશે" એ બિલકુલ હસ્યા કે મરક્યા વગર બોલ્યા. કોટ કાઢીને નોકરના હાથમાં મૂક્યો અને ટાઈની ગાંઠ ઢીલી કરવા માંડ્યા. અવિનાશને લાગ્યું કે એની સામે એ તીક્ષ્ણ નજરે જુએ છે. આગળ ઉપર સમજાશે એટલે શું? એટલે એમ તો નહિ હોય ને કે...

એ કશોય વિચાર કરે તે પહેલાં મોદી સાહેબ જ બોલ્યા : "તમારે પણ મોટો રોટલો ખાવો છે ને? હેડક્લાર્ક તરીકે પ્રમોશન પણ જોઈએ છે. કેમ?

અવિનાશ સોફામાં બેસી ગયો. એને કશું સમજાતું નહોતું.

ખુદ એના જ વિચારો એને જ સમજાતાં નહોતા.

"ફરગેટ ઈટ." ફરી મોદી સાહેબ બોલ્યા : "લેટ અસ પ્રિપેર અવર એસ્ટીમેઈટસ. આપણો રોટલો આમાં છે,

★

રાતે ફરી વાર જોરજોરથી કૂતરાં ભસ્યાં. ફરી અવિનાશની ઊંઘ ઊડી ગઈ. એ પથારીમાં બેઠો થઈ ગયો. બાજુમાં જોયું તો નવાઈ લાગી, શ્વેતા પણ જાગતી જ પડી હતી.

"સૂતી નથી?" એણે પૂછ્યું. "ના, પણ તમનેય ઊંઘ નથી આવતી?" એ કશું બોલ્યો નહિ.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૩ ઉપર )**

વાર્તા

# પુરાવા

ગિરિમા ઘારેખાન

હવાલદાર રાઠોડે સબ ઈન્સ્પેક્ટર પંડ્યા તરફ ફોન ધરતાં કહ્યું : 'સાહેબ, આપનો ફોન છે.'

'કોણ છે? શું કામ છે?' કામમાં વ્યસ્ત પંડ્યા સાહેબે કામ ચાલુ રાખતાં નીચું જોઈને જ પ્રશ્નો પૂછી નાખ્યા.

ચિઠ્ઠીના ચાકર રાઠોડે એમનો પાછળનો પ્રશ્ન ફોનમાં દોહરાવ્યો અને પછી પોતાનું ડહાપણ પણ ડહોળ્યું : 'સાહેબ કામમાં બિઝી છે.'

ફોન ઉપરના શબ્દો સાંભળતાં રાઠોડનું મોં બગડ્યું. વધારે કંઈ બોલ્યા વિના એણે ફરીથી સાહેબ સામે ફોન ધર્યો.

'સાહેબ, તમારી સાથે જ વાત કરવી છે.'

પંડ્યા સાહેબનાં મોં ઉપર સહેજ કંટાળો પડછાયાની જેમ પથરાઈ ગયો. 'આ જિદ્દી માણસ નહીં જ છોડે' માનીને એમણે ફોન હાથમાં લીધો અને રુઆબથી પૂછ્યું : 'બોલો, કોણ છો અને શું વાત કરવી છે?' જો કે સામેનો અવાજ સાંભળતાં જ મોં ઉપરના કંટાળાનું સ્થાન અચાનક મળેલી ખુશીએ લઈ લીધું. અવાજમાં નમ્રતા આવી ગઈ. 'ઓહો! જેસી કૃષ્ણ માસી. આજે તમને વળી મારું પોલીસ સ્ટેશનમાં શું કામ પડ્યું? ઘેર ફોન કરી લેવો હતો ને!' પછી એકદમ જ ગંભીર થઈને ચૂપચાપ કંઈક સાંભળતા રહ્યા. મોં ઉપર આશ્ચર્ય, દુઃખ, સહાનુભૂતિના ભાવો તખ્તા ઉપર દરેક દૃશ્ય સાથે બદલાતી પ્રકાશની રંગોળીની જેમ આવ-જા કરતા રહ્યા. પછી ફોન નીચે મૂકીને સામેની ભીંત તરફ નજર નાખીને બેસી રહ્યા. જાણે ભીંત ઉપર એમને કંઈક લખેલું વંચાતું હોય!

ફોન મૂક્યા પછી ઘેર સરુ માસીની પણ એ જ હાલત હતી. નામ તો એમનું હતું સરસ્વતી. તાજા વિધવા થયેલાં અને સગર્ભાવસ્થામાં જ સાસરેથી હાંકી કઢાયેલાં સરસ્વતીબેન માટે આખા ગામને સહાનુભૂતિ થઈ ગયેલી. પછી તો જોતજોતામાં પોતાની કાર્યકુશળતા અને સેવાભાવી સ્વભાવને લીધે એ આખા ગામનાં 'સરુમાસી' થઈ ગયેલાં. એમને પહેલીવાર આ લાડકાં નામે બોલાવનાર એમની પડોશમાં રહેતો છોકરો વિરાજ જ હતો. જે અત્યારે સબ ઈન્સ્પેક્ટર વિ. એન. પંડ્યા થઈને ગામનાં પોલીસ સ્ટેશનની શાન વધારતો હતો.

ફોન કર્યા પછી જમીન ઉપર ઢગલો થઈ ગયેલાં સરુમાસીએ સાડીના છેડાથી આંસુ લૂછ્યાં. પછી એકદમ જ કંઈ યાદ આવ્યું હોય એમ બાથરૂમ તરફ દોડ્યાં અને બાથરૂમનું બારણું જોરજોરથી ખખડાવવા માંડ્યાં. અંદરથી એક કોમળ અવાજ સંભળાયો :

'હું સે માસી?'

'અલી, કહું સું, આજે કપડાં ધોતી નહીં. સીધી નાઈને બહાર આવી જજે.'

'કેમ માસી? હું થ્યું?'

'અરે! મને તો અબઘડી યાદ આવ્યું. કાલે રાતે પેલી રમલીની હુવાવડ કરાવવા જઈ'તી, એ બાબલાને રોજ નવડાવવા જવાનું સે. તું હટહટ નાઈને પે'લા રાંધવાનું કરી નાખ. હું ખઈને જ જઈશ. કપડાં તો પસી ધોજે, રાંધણિયું પતી જાય પસી.' માસીએ થોડો લંબાણથી જવાબ આપ્યો.

પુષ્પા જેવી નાહીને નીકળી કે તરત સરુમાસી એની નજર ચુકાવીને બાથરૂમમાં ઘૂસ્યાં. બાથરૂમની બારીમાં મૂકેલાં પુષ્પાનાં કપડાં ઉઠાવ્યાં અને એક પ્લાસ્ટીકની થેલીમાં ભરીને માળિયે મૂકી દીધાં. આ થેલી માળિયે મૂકવાની સાથે અત્યાર સુધી સરુમાસીએ જિંદગીનાં માળિયે મૂકી દીધેલી એમના ભૂતકાળની થેલી, એમનાં ચિત્તમાં આવીને પડી.

'અલી સરસ્વતી, હાલ, મેળે નથી આવવું?'

'મારી મા ના પાડે સે.'

'કેમ ના પાડે સે? કાંઈ થ્યું સે?'

'મા કે સે, હવે તું મોટી થઈ. એમ બાજુનાં ગામના મેળામાં એકલું એકલું ના જવાય.'

'હાયહાય! તે તું એકલી સે? હું, તું ને મંદા, તણ જણ તો સીએ ને કાયમ આપડે તણ તો જઈએ સીએ.'

સરસ્વતી તો મા ને ઘણું સમજાવી ચૂકી હતી. એટલે સમજાવટનો દોર એની બહેનપણીએ હાથમાં લીધો.

'કાકી, આ સેલ્લી વાર સરુને મોકલોને! પસ બે મહિના કેડે તો મારું આણું વળી જશે. આગલી સાલ તો હું ને મંદા, હાહરેથી થોડાં આવવાનાં? પસી સરુ કોની હારે જવાની? રાત ની પાડીએ. અજવાળે અજવાળે તો પાસાં વળી જઈસું કાકી. સરુ નહીં આવે તો મારી કે મંદાની મા પણ અમને નઈ મોકલે.'

બહેનપણીઓની બે મહિનામાં સાસરે જતાં રહેવાની વાત માને અસર કરી ગઈ અને સાથે એ પણ યાદ આવી ગયું કે

પોતે પણ હવે પૈસાનો જોગ કરીને સરસ્વતીનાં લગનનું જલદી કરવું પડશે. સામેવાળાં એમના નાના છોકરાનું પણ નક્કી કરીને બે છોકરાંના લગન સાથે કરવા માગતાં હતાં, એટલે એમને બહુ ઉતાવળ નહોતી. પણ હગપણ કેટલો વખત રાખવાની? છોકરી ખાસું કાઠું કાઢી ગઈ'તી. ગામમાં નિહાળ હતી, એટલે ભણવાનું ચાલુ રાખ્યું. પણ હવે તો બારમુંય પાસ કરી લીધું હતું.

હોંશભેર તૈયાર થઈને મેળામાં ગયેલી સરસ્વતીને ખબર ન હતી કે મંદા અને ભાવનાના મનના માણીગર મેળામાં આવવાના હતા! એ બે બહેનપણીઓ તો ક્યારે, ક્યાં સરકી ગઈ એને ખબર જ ન પડી. આખા મેળામાં બહાવરી થઈને એણે એ લોકોને શોધ્યાં કર્યા. બંગડીઓવાળાની દુકાને, ચાલતા ચકડોળમાં, પકોડીના ખુમચા પાસે, જમીન ઉપર કપડું પાથરીને બોરીયા-બકલો વેચતા ફેરિયા પાસે...પણ એની બહેનપણીઓ મેળાના ક્યા ગોખલામાં સંતાઈ ગયેલી કે એને દેખાઈ જ નહીં. એ લોકોએ નક્કી કર્યું હતું કે જો ભીડમાં છૂટાં પડી જઈએ, તો મહાદેવની દેરીએ એકબીજાની રાહ જોવાની. મંદિરની આરતીના દીવાય રમવા જઈને આકાશમાં તારા થઈને ચમક્યા, ત્યાં સુધી સરસ્વતી દોડાદોડ કરતી નજરે ત્યાં જ ઊભી રહી. છેવટે એ મેળેથી ગામ જવા નીકળી, ત્યારે કારતક મહિનાનો ઉતાવળો દિવસ ઠંડીથી બચવા અંધારું ઓઢીને ભાગી ગયો હતો અને કારતકી પૂનમનો રઘવાટિયો ચાંદો આકાશને સર કરવા આવી પહોંચ્યો હતો.

બે ગામને જોડતાં નેળિયામાંથી પસાર થતી સરસ્વતીની આજુબાજુ ડર અને અંધારાના નાગે ભરડો લીધો. આગળ ચાલી ગયેલા લોકોનાં પગલાં શોધતી સરસ્વતીના પગ જમીનને અડ્યા વિના ઊપડી જતા હતા. સીમની સુમસામ શાંતિ સાથે યુદ્ધ કરતાં તમરાંઓના અવાજને સાથ આપવા એ મોટેથી 'જેસી કૃષ્ણ, જેસી કૃષ્ણ' બોલવા માંડી.

ત્યાં જ અચાનક જમીનનાં દરમાંથી નીકળતા ભોરિંગની જેમ, ગામના મુખીનો દીકરો સોમજી બે હાથ પહોળા કરીને ઊભો રહ્યો અને નફફટાઈથી હસતાં હસતાં બોલ્યો : 'લે, આવી ગયો તારો કનૈયો. હાલ, રાસ રમીએ.' સરસ્વતીએ છટકવાં માટે આખાં અસ્તિત્વને કામે લગાડી દીધું. પણ સોમજીની પડછંદ કાયામાંથી ઊગેલાં ઝાડની ડાળીઓ જેવા બે હાથે આખા નેળિયાને બાથ ભરી દીધી હતી, તો સરસ્વતીની શું વિસાત! એની ચીસો ગળામાં છૂંદાઈ ગઈ. હેબતાઈ ગયેલાં તમરાંઓએ શોકસભા ભરી. જમીન સાથે અથડાતા સરસ્વતીના પગના ઝાંઝરની ઘૂઘરીઓનું ઝીણું ક્રંદન ક્યાંય સુધી નેળિયાના કાનોમાં ગૂંજી રહ્યું અને પછી તો એ પણ બંધ થઈ ગયું.

ફાટેલાં કપડાંવાળી, લોહીના ચકામાવાળી સરસ્વતી ઘેર પહોંચી. ત્યાં સુધીમાં એનાં આંસુને તો ગામની ઠંડી હવાએ સૂકવી દીધાં હતાં. પણ ગાડાના ભારેખમ પૈડાએ ભીની માટીમાં પાડેલા ચીલા જેવા સૂકાઈ ગયેલા આંસુના રેલા અને ધૂંસરી બાંધેલી ગાયની જેમ પડતા પગ, મા ની નજરે ચડ્યા વિના ન રહી શક્યા. પડોસીઓના સરવા કાનથી વાકેફ માએ સરસ્વતીને હમણાં કંઈ પણ પૂછવાનું માંડી વાળ્યું. સરસ્વતી સીધી ચોકડીમાં ના'વા દોડી. સવારનું ભરેલું ટાઢુંબોળ પાણી શરીર પર રેડતી ગઈ અને આખા શરીરમાં ઘૂસી ગયેલા ઝાડીના કાંટા બહાર કાઢતી રહી. પણ છાતીની વચ્ચોવચ્ચ ભરાઈ ગયેલો પેલો સોમલો નામનો કાંટો, ઘણું ખેંચ્યો તોય ન જ નીકળ્યો અને દૂઝતી વેદનાની ફાંસ બનીને અંતરમાં ભરાઈ રહ્યો!

બીજે દિવસે સવારે સરસ્વતીને બહાર જવા તૈયાર થયેલી જોઈને માએ પૂછ્યું : 'કઈ તરફ જવું સે હવાર હવારમાં? મેળામાં રાતે મૂકીને આઈ, એ તો હવે ના જડે.'

'પોલીસ સ્ટેશન.'

મા આંચકો ખાઈ ગઈ : 'ક્યાં?'

'પોલીસ સ્ટેશન. ફરિયાદ નોંધાવી સે. હોમલાને તો હું જેલમાં મોકલે.'

માનું મોં જ્વાળામુખી જેવું બની ગયું અને શબ્દો ધગધગતો લાવા! 'ચૂપચાપ પડી રે' આંઈ, ખબરદાર! જો બહાર નીકળી સે તો! નાક તો કપાઈ ગ્યું સે, હવે તારે એ કપાયેલા નાકનો ઢંઢેરો પીટવો સે?'

પણ સરસ્વતી આજે દુર્ગા થઈ ગઈ હતી.

'હા પીટવો સે, ઢંઢેરો પીટવો સે! જે થ્યું એમાં મારો હું વાંક હતો? કાળાં કામનો કરનારો છુટ્ટો ફરે છાતી કાઢીને અને મારે લાજ કાઢીને ઘરમાં પુરાઈ રહેવાનું? હું તો જાવાની.'

માએ આ જિદ્દી છોકરી ઉપર સામ, દામ, દંડ, ભેદ બધું અજમાવી જોયું. એની સાસરીવાળાં જાણશે તો સંબંધ તોડી નાખશે એવી ધમકી પણ આપી. માથાના વાળ પગે લૂછ્યા. પણ સરસ્વતી આજે સિંહ ઉપર સવાર થઈ ગઈ હતી. છેવટે મા જ આ ભાઈ બાપ વિનાની છોકરીને પોલીસ સ્ટેશન લઈ ગઈ.

પણ ત્યાં તો સાધારણ રીતે જે થતું હોય એ જ થયું. સોમજીને બોલાવવામાં આવ્યો. એ તો નફફટાઈથી હસતો રહ્યો અને કહેતો રહ્યો : 'પુરાવો સે કાંઈ તારી પાંહે? હું તો કાલે આખો દા'ડો મારા ભાઈબંધને ઘેર હતો. 'ભાઈબંધે ટાપસી પુરી. સરસ્વતીને બદચલન સાબિત કરવામાં આવી. મેળામાં એને એકલી એકલી ભટકતી, ચારે બાજુ ફાંફા મારતી ઘણાંએ જોઈ હતી 'શિકારની શોધમાં સ્તો!' વિધવા માને, હવે દીકરીને પૈણાવા પૈસાની જરૂર હતી અને બે મા-દીકરીનું મુખીના દીકરાને ફસાવવાનું કાવતરું હતું.

મુખીના કહેવાથી આ વાતની સાક્ષી પૂરવા તો અડધું ગામ પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ગયું. બહેનપણીઓને તો સરસ્વતી ક્યારે એમનાથી છૂટી પડી ગઈ એ ખબર જ ના હતી! સરસ્વતી

તો 'ચેકપ' માટે પણ તૈયાર હતી. પણ એ સોમલો જ હતો, એનો કોઈ પુરાવો હતો એની પાસે? કોઈ સાક્ષી? 'ના', એ વખતનાં કપડાં? 'ના.બસ, તો પછી જાઓ ચૂપચાપ ઘેર.'

પછી તો ગામલોકોનાં ઉકરડા જેવા મોંમાંથી નીકળતી વાતો અને પળે પળે ઘસરકા કરી જતી નજરોથી ત્રાસેલી સરસ્વતીની મા ઘણું કરગરી, પણ જમીન તો ક્યાંય ફાટી નહીં. એટલે એણે પોતે જ જમીનમાં ઊતરી જવા ગામનાં અવાવરું કૂવાનો આશરો લઈ લીધો. નોધારી સરસ્વતીને હવે તો ગામના બધા જ પુરુષોમાં સોમલા દેખાતા હતા. એટલે કોઈ પણ પુરુષનાં નામનો ચાંદલો કપાળમાંથી ભૂંસી કાઢીને 'કુંવારી વિધવા સરસ્વતી,' પેટમાં બે મહિનાનો ભાર લઈને આ ગામમાં આવી ગઈ.

'માસી, વિરાજભાઈ આયા સે.' પુષ્પાના શબ્દોએ સરસ્વતીને ભૂતકાળની એ ગોઝારી વાવમાંથી બહાર ખેંચી.

'આંઈ ઓરડામાં મોકલ.'

'સા મૂકું માસી?'

'ના, આજ નહીં તું તારું રાંધવાનું પતાવ.'

વિરાજને નવાઈ લાગી. માસીએ 'ખાસ કામ સે. સૂરજ માટે કંઈ કે'વું સે. અબઘડી આવ' કહીને તાબડતોબ બોલાવ્યો અને હવે પાછી આ પુષ્પા એમને મળવા ઓરડામાં મોકલે છે.

'શું થયું માસી? કેમ એકદમ આવવાનું કીધું?'

થોડી પળો તો માસી વિરાજની આરપાર કંઈ જોતાં હોય એમ બેસી રહ્યાં. એમનાં મનમાં ચાલતી ગડમથલ ચહેરા ઉપર આટાપાટા રમતી રહી. છેવટે જાણે પોતે પોતાની જાત સાથે વાત કરતાં હોય, એમ બોલ્યાં : 'પુષ્પા એની મા જણી બુન નથી તો હું થયું? એ છોડી દહ વરહની હતી, તારે એની મા મને હોંપીને મોટા ગામતરે ગઈ. નવ વરહથી તો બેઉ એક ઘરમાં હારે હારે રે' સે. હું સૂરજની મા સું. તો આમ તો એ છોડીનીય મા જ સું ને? એને આવો વિચાર જ ચમનો આયો? મારું લોહી આવું હોય? ના, એનામાં મારું લોહી નથી!'

માસી છતને વીંધીને અંતરીક્ષમાં જોતાં હોય એમ બેસી રહ્યાં. 'શું થયું માસી? મને તો કંઈ ગતાગમ નથી પડતી.' વિરાજ સખત મૂંઝાયેલો હતો. થીજેલા આંસુ જેવો માસીનો આવો ચહેરો એણે ક્યારેય નહોતો જોયો.

સરસ્વતીનું મોં ખૂલ્યું. બહાર આવું આવું થઈ રહેલા શબ્દો છેવટે આંખમાંથી આંસુ થઈને ટપકી ગયા. આંસુ પાછાં ખાળવાની સાથે માસીએ મોઢામાં ભરાઈ ગયેલા શબ્દોને પણ ગળામાં પાછા ધકેલવા પ્રયત્ન કર્યો. પણ ભારેખમ શબ્દો ગળામાં પાછા ન જઈ શક્યા અને ડૂમો થઈ અટકી ગયા.

વિરાજ માસીની પાસે બેઠો અને એમની પીઠ ઉપર હાથ ફેરવવા માંડ્યો. એને કંઈક ખ્યાલ આવવા માંડ્યો હતો.

'માસી, સૂરજે કંઈ કર્યું છે ને? તમે ફોનમાં કંઈ...'

'હવે અટકીશ તો ક્યારેય નહીં બોલી શકું.' એમ વિચારતી સરસ્વતી એકીશ્વાસે બોલી ગઈ. 'ગઈ કાલે હું રમલીની હુવાવડ કરાવવા ગઈ'તી. ત્યારે સૂરજે પુષ્પાની...'

દીકરા જેવા વિરાજ સામે માસી એ વાક્ય પૂરું તો ન કરી શક્યાં, પણ આગળ જરૂર બોલ્યાં : 'છેલ્લા વરહથી એ અપલખણો થઈ ગ્યો સે, એ તો જાણું હું. મારોય થોડો વાંક બીજું હું? દારૂ જુગારને રવાડે ચડી ગ્યો સે, એવું હાંભળ્યા પસી બહુ હમજાયો. પણ પચ્ચી વરહનો છોકરો હામો થઈ જાય તો હું કરવાનું? એ બધું માફ કરું. પણ આ પાપ! ઘરમાં આઈને છોડીની હાલત જોઈને મને તો થ્યું કે જમીન ફાટી પડે તો એમાં એ છોકરાને લઈને ગરકાવ થઈ જઉં. મેં રાખી, એટલે પાડ નીચે દબાઈ ગયેલી એ છોડી તો કાંઈ બોલવાની નથી. પણ તો હું થયું? મારા છોકરાએ છોડી તો ગણી, પણ મેં તો એને મારી છોડી જ માનીને રાખી છે. આ પાપ માફ ના થાય.'

હમણાં જ માથેથી પહાડ ઉતારીને નીચે મૂક્યો હોય, એમ સરસ્વતી હાંફી રહી. વિરાજે દીકરાનાં ખોટાં ઉપરાણાં લેતી, કોર્ટમાં હળાહળ જૂઠું બોલતી, દીકરાનો ગુનો પોતે માથે લેતી ઘણી માતાઓ જોઈ હતી. પણ આ મા? સામેથી પોલીસને બોલાવીને કેટલાં કષ્ટ સહીને ઉછેરેલા એકના એક છોકરાને આમ સામેથી તાસકમાં મૂકીને ધરી દે?

જે વાત બોલતાં ખચકાટ થતો હતો, એ વાત તો હવે પૂરી થઈ ગઈ હતી. એટલે આ વખતે સરસ્વતી હિંમતથી બોલી : 'હવે સૂરજને જેલ ભેગો કરવાનું કામ તને હોંપ્યું.'

'પણ માસી, એમ નહીં. તમારી પુષ્પાએ બોલવું તો પડશે. મેડિકલ તપાસ થશે. હવે તો કાયદા બહુ સુધરી ગયા છે. પણ તોયે આ કામ સૂરજે જ કર્યું છે, એ માટેના પુરાવા મળે તો બધું જલદી પતે.'

'ભાઈલા, સાપાં વાંચીને હુંય એ તો જાણું સું. પુષ્પાને તો હું હમજાઈસ. અને લે આ પુરાવા!' માળિયેથી ઉતારેલી થેલી વિરાજના હાથમાં મૂકતાં એ બોલ્યાં : 'આમાં પુષ્પાએ પે'રેલાં કપડાં સે. બરાબર સે ને?' પછી સ્વગત બોલતાં હોય એમ બબડ્યાં : 'બીજી વાર ભૂલ ના થાય.'

પોલીસ ઇન્સ્પેક્ટર વિરાજના સરવા કાનોએ આ શબ્દો પકડી લીધા.

'બીજીવાર? એટલે માસી?'

'કાંઈ નહીં. તું તારે સૂરજને પકડવાનું કર.'

વિચારોમાં ઘરની બહાર નીકળતા વિરાજને, માસીએ બારણે ઊભાં રહીને બોલેલાં આગળના શબ્દો તો સંભળાયા જ નહીં.

'આ વસ્તારને હવે આગળ ના વધવા દેવાય.'

*૧૦, ઇશાન બંગલો, સુરધારા, સત્તાધાર રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૪. મો. ૯૮૯૮૦૨ ૦૫૯૦૯*

વાર્તા

# વિરોધ

જનક નાયક

વાત સાવ સામાન્ય હતી. રુચિતાએ ધાર્યું હોત તો દરરોજની જેમ આજે પણ બધું જ પસાર થઈ જવા દીધું હોત. પછી કદાચ તેને ખાસ્સું દુઃખ થયું હોત. પાઠ ભણાવવો જોઈએ એવું તેને દર વખતે થતું. આ પ્રકારની પરિસ્થિતિ સર્જાતી ત્યારે એક ક્ષણ માટે તેનું શરીર પણ અક્કડ થઈ જતું. અંદર લોહી ધમધમાટ વહી રહ્યું છે એવું પણ તેને થતું. પણ બીજી જ ક્ષણે કોઈકે તેના પર બરફનું ઠંડું પાણી નાખી દીધું હોય એવી થરથરતી ઠંડક આખા શરીરમાં ફરી વળતી. શરીર વિરોધ વ્યક્ત કરતું હોય તેમ પરસેવે રેબઝેબ થઈ જતું. પછી વાવાઝોડામાં તૂટી પડતાં વૃક્ષની જેમ તે ફસડાઈ પડતી. સામે બધું જ વ્યવસ્થિત હોય ને છતાં તેને લાગતું કે, એકાદ ક્ષણની આ તીવ્રતમ અનુભૂતિથી જાણે બધું જ અસ્તવ્યસ્ત થઈ ગયું છે. પછી આંખ વહેવા માંડતી. ઋષભ સામે હસતો હોય. કદાચ વધુ મૂરખ લાગતો હતો. અથવા કદાચ વધુ પડતો હોશિયાર લાગતો હતો. જોકે એ કશું નક્કી કરી શકી નહોતી. એનો ચહેરો તેના માટે વણઉકેલાયો જ રહ્યો છે. જોકે તેને કદી ઋષભની આંખ ગમી નથી. તેની આંખમાં ખંધાઈ તેને હંમેશાં દેખાઈ છે. પતિ હતો, એટલે પ્રેમ તો કરવો જ પડે. મહદંશે તે આંખ બંધ કરીને જ તેને પ્રેમ કરતી.

પણ આજનો દિવસ જુદો હતો. સવારથી જ તેને થતું હતું કે, આજે કશુંક બનવાનું છે. ઋષભ ઑફિસે ગયો ત્યારથી જ તે કોણ જાણે કેમ ટેન્સમાં આવી ગઈ હતી. એ ઑફિસે જાય એટલે એને શાંતિ. પણ આજે એવું બન્યું નહોતું. આખો દિવસ વિચારનું ભયાનક વાવાઝોડું એને ડિસ્ટર્બ કરતું રહ્યું હતું. એટલે પછી બન્યું એવું કે, સાંજ પડતા તો એ થાકી ગઈ. માથું સખત દુઃખતું થઈ ગયું હતું. બપોરે આડા પડવાની એને આદત. પણ વિચારોને લીધે એને ઊંઘ આવી નહિ. પથારીમાં પડી રહી. પણ ઊઠી ત્યારે તો આખું શરીર દુઃખતું થઈ ગયું હતું. શરીરમાં ઝીણો તાવ લાગતો હતો. કામ કરવાનું મન થતું નહોતું. પથારીમાં પડી રહેવાની તીવ્ર ઇચ્છા હતી. પણ ત્યાં જ નિશાળેથી અંકિત આવ્યો. તેને ખવડાવ્યું. પછી લેશન પણ કરાવ્યું. અંકિત પણ નાની વાતમાં રિસાઈ ગયો હતો. જેમતેમ તેને મનાવ્યો. શરીર અને મન પાસે બળજબરીથી બધું જ કામ લીધું. પણ એટલા સમયમાં તો એ જાણે કોથળા જેવી બની ગઈ હતી. અંકિત મહોલ્લામાં રમવા માગતો હતો. તેને સમજાવી પટાવીને તે ટ્યુશને મૂકી આવી હતી. ભણવું તો જોઈએ જ. કહ્યું હતું, 'મારું માથું બહુ દુઃખે છે. મને હેરાન કર નહિ.' થોડીક બળજબરી કરવી પડી હતી. પણ પછી તે માની ગયો હતો. હજુ રાતનું ભોજન બનાવવાનું હતું. કંઈક સાદું જ બનાવી દઉં. વિચાર કરીને તેણે ઝટપટ રસોઈ કરી નાખી. 'હાશ' થઈ. પછી પ્રથમ વિચાર એ આવ્યો કે, આજે ઋષભને કહીશ કે અંકિતને લઈ આવે. સહેજ આડી પડી. થયું, ટી.વી. ચાલુ કરું. પણ પછી ઊઠવાનું મન જ થયું નહિ. કોથળાની જેમ તે પડી રહી. જો કે વિચારો સતત આવતા રહેતા હતા. થતું હતું, પોતાનું જીવન જીવાતું નથી. બી.બી.એ. ની ડિગ્રી મેળવી. ફર્સ્ટ ક્લાસમાં પાસ થઈ હતી. ત્યારે સ્વપ્ન હતું કે, એમબીએ કરવું. કોઈક મોટી કંપનીમાં જોડાવું. ખૂબ ઊંચા શિખર પર જઈને બેસવું. પણ ત્યારે પપ્પાનું અચાનક અવસાન થયું. મમ્મીએ અને સગાઓએ દબાણ કરીને તેના લગ્ન કરાવી નાખ્યાં ઋષભ સાથે. બહુ ઝડપથી તેને ખ્યાલ આવી ગયો હતો કે, ઋષભ સાથે તેને ફાવે તેમ નથી. નોકરી કરતો હતો, પણ એનામાં સહેજ પણ મહત્ત્વાકાંક્ષા નહોતી. ઘણી વખત તેણે કહ્યું હતું કે, તે પણ કોઈક સારી નોકરી કરે અથવા આગળ ભણે. પણ ઋષભ ધરાર તૈયાર થયો નહોતો. એ પછી ઋષભનું ઘર સાચવતી હતી. વિચાર સાથે તે હસી. ઘરમાં સાચવવાનું શું હતું? બે રૂમ અને રસોડાનો એક ફ્લેટ. આખો દિવસ તેનો કંટાળામાં પસાર થતો. ઋષભ ઑફિસે જાય પછી તો એ નવરી જ હોય. ઘરમાં તે ભરાઈ રહેતી. એક દિવસ તે બહું કંટાળી ગઈ ત્યારે સહેજ બાજુમાં ગઈ હતી. ઋષભ અચાનક વહેલો આવી ગયો હતો. પછી તો તેણે રુચિતા સાથે મોટો ઝઘડો કર્યો હતો. 'ઘરની બહાર નીકળવું નહિ. કોઈકની સાથે પંચાતમાં પડવું નહિ.' બાજુમાં બધાની દેખતા ઋષભ એલફેલ બોલતો હતો. રુચિતાને એ વખતે બહુ ઓછું આવ્યું હતું. પણ પછી તો ઝઘડા વધતા ગયા. રાતે ઋષભ તેની પર બળાત્કાર જ કરતો. તેની ઇચ્છા અનિચ્છાની ઋષભને જાણે કોઈ પરવા નહોતી. વિચારો અસ્ખલિત આવતા રહેતા હતા. હજુ આગળ પણ વિચારો આવતા જ રહ્યા હોત. પણ ત્યાં જ ઋષભ આવ્યો ને તરત ઓર્ડર છૂટવા માંડ્યા હતા. પાણી લાવ, ચા લાવ, મારો નાઈટ ડ્રેસ, આ ટી.વી. પર કેટલી ધૂળ છે? આખું બપોર ઊંઘતી જ રહે છે કે શું? આજે કંઈ સારું સારું બનાવ.' તે કેટલું દોડે? એક તો શરૂથી જ થાકેલી

હતી. ને આ ઋષભ?

'પ્લીઝ! આજનો દિવસ તું અંકિતને લઈ આવ.'

તેના મુખમાંથી વાક્ય બહાર આવ્યું જ હતું કે, તરત જ ઋષભની ના આવી ગઈ. 'તું જાણે છે, ઑફિસેથી હું કેટલો થાકી ગયો હોઉં છું!'

અહીં તેણે અટકી જવાનું હતું. કોઈ દલીલ નહિ. માત્ર આજ્ઞાંકિત પત્નીની જેમ એવી વાત સ્વીકારીને અંકિતને લેવા ચાલ્યા જવાનું હતું. પણ આજનો દિવસ ઊલટો હતો. પવન ફૂંકાવાની શરૂઆત થઈ ગઈ હતી. લોહીના વહેવાની ગતિ વધી ગયાનું તે અનુભવતી હતી. છતાં તેણે તોફાનથી બચવાનો એક પ્રયાસ કરી જોયો.

'પ્લીઝ! આજે તું જા. મારી તબિયત સારી નથી.'

'એ નહિ બને. અંકિતને લેવા જવાનું કામ તારું છે.'

'મારું માથું ફાટ ફાટ થઈ રહ્યું છે. મારાથી સરખી રીતે ઊભા પણ રહેવાતું નથી.'

'જો રુચિતા, એક વાત સમજી લે. આખો દિવસ હું ઑફિસમાં શરીર તૂટી જાય એટલી મહેનત કરું છું. મારો બોસ મને એક મિનિટ પણ શાંતિથી બેસવા દેતો નથી.' અવાજ થોડોક બદલાયેલો લાગ્યો. રુચિતાને સહેજ દુઃખ થયું. આ માણસ તેને સમજવાની સહેજ પણ કોશિશ કરતો નથી. વાતવાતમાં ગુસ્સે થઈ જાય છે.

'તું શું એવું માને છે કે, હું આખો દિવસ બેસી રહું છું?' એનો પણ અવાજ બદલાઈ ગયો હતો.

'મેં એવું કહ્યું નથી.'

'તારા કહેવાનો અર્થ એવો જ થાય છે.'

'તું એવું સમજતી હોય તો મને કોઈ વાંધો નથી.'

'દલીલોનો કોઈ અંત નથી. સમય થઈ ગયો છે. અંકિત ટ્યુશનથી છૂટી ગયો હશે. આજનો દિવસ તું લઈ આવ.' રુચિતા જાણે વાતનો અંત લાવતી હોય તેમ બોલી.

'તારે અંકિતને લાવવો હોય તો લાવ. હું તો આ ચાલ્યો.' ખીજવાઈને સહેજ બરાડો પાડીને ઋષભ બહાર જવા ગયો.

'ઓહ! ઋષભ! મારી વાત સાંભળ. મને સમજવાનો પ્રયાસ કર.' પણ ઋષભ ક્યાં તેને સાંભળવા ઊભો રહ્યો હતો. સાથે કહેતો ગયો હતો, 'આજે મારું જમવાનું બનાવીશ નહિ. બહાર ખાઈ લઈશ.' રુચિતા ઋષભને જતો જોઈ રહી. કશું જ થઈ શક્યું નહિ. આ ઋષભ કશું સમજવાની કોશિશ કરતો નથી. એ માત્ર તેની કઠપુતળી જ છે. એ જેમ નચાવે તેમ એ નાચતી રહી છે. ફરી વિચારોનો હલ્લો આવ્યો. ના, ના. હવે કશું સહન થાય તેમ નથી. લગ્ન કરીને આવી ત્યારથી એને શું સુખ મળ્યું? કશું જ નહિ. ઘરમાં બેસી રહેવાનું. સાહેબની ઇચ્છા થાય ત્યારે એ બહાર લઈ જાય. જો કે બહાર જઈએ ત્યારે પણ મનમાની તો એ જ કરતો રહે. બધાં તેની પર હસતાં રહે. એને બહુ અપમાન જેવું લાગે. ક્યારેક વિરોધ કરવાનું મન થાય. પણ પછી એ મૌન રહે. કેમ કે એ જાણતી હતી, એનાથી કશું જ થવાનું નથી. ઊલટાનું એ જો વિરોધ કરશે તો બધાની સામે ઝઘડા વધી જશે.

સામેની દીવાલ પર અંધારું જામતું જતું તેણે જોયું. ઓહ અંકિત? વિચાર આવ્યો, ને તે ધ્રૂજી ગઈ. તરત ઘડિયાળમાં જોયું. અંકિત ક્યારનો છૂટી ગયો હતો. એ બહાર નીકળીને ચોક્કસ તેની રાહ જોતો હશે. કદાચ રડતો પણ હશે. લેવા જવું જ પડશે. તરત વિચાર આવ્યો, અંકિતની જવાબદારી માત્ર તેની એકલાની છે? ધારો કે આજે તે અંકિતને લેવા ન જાય તો? ખરાબ વિચાર આવી ગયો. એ ગમે તે રીતે ઘરે તો આવી જ રહેવાનો. અંકિતે ઘર જોયેલું છે. ઋષભને આજે તો બતાવી દેવું જોઈએ. એ માત્ર નોકરડી નથી, તેનું પણ ઘરમાં વિશેષ સ્થાન છે. એ આંખ મીંચીને ખુરશીમાં પડી રહી. ના, નથી જ જવું. ભલે અંકિત રડતો. ભલે એ હેરાન થતો. ઋષભ સાથે હવે કદી રહેવાય નહિ. એક નિર્ણય ધીમે ધીમે આછો આછો જાણે સ્પષ્ટ થતો જતો હતો. એ સાથે જ ફિલમનાં દૃશ્યો એક પછી એક પસાર થતાં જાય તેમ એની આંખ સમક્ષથી જાણે ધગધગતો લાવા પસાર થતો ગયો. 'રુચિતા, હું કહું તેમ જ કરવાનું!' હં એ ક્યારે બોલ્યો હતો? હા, યાદ આવ્યું. એક વખત તેણે કહ્યું હતું, આજે બાની તબિયત સારી નથી. તેમને એ જોઈ આવે. ઋષભે તરત ના કહી દીધી હતી. હવે એનો સંબંધ ફક્ત ઋષભ સાથે જ છે. રુચિતા ઘણું રડી હતી. તેને ખૂબ મનાવ્યો હતો. પણ એ નિર્દયી માન્યો નહોતો. અચાનક એક તમાચાનો અવાજ સાંભળીને તે ચમકી ગઈ. સહેજ ધ્રૂજી ગઈ. એની આંખ તરત ખૂલી ગઈ. આજુબાજુ કોઈ નહોતું. તરત યાદ આવી ગયું. એ દિવસે તે કોઈ વાંકમાં નહોતી. બજારથી આવી રહી હતી. રસ્તામાં એક ભાઈ મળ્યા હતા. તેઓ કોઈક ભાઈ વિશે માહિતી પૂછતા હતા. તેણે ભાઈને ઘર બતાવ્યું હતું એટલું જ. પણ ઋષભ એ જોઈ ગયો. ઘરે આવીને એણે એક તમાચો ઠોકી દીધો હતો. પરપુરુષ સાથે વાતો કરતાં શરમ નથી આવતી? એ કઈ રીતે સમજાવે, ઋષભ, આટલાં વર્ષો થયાં પણ તું પણ હજુ મારા માટે પરપુરુષ જ છે. તારી સાથે પણ ક્યાં કંઈ આત્મીયતાનો ભાવ અનુભવાય છે! દૃશ્યો એક પછી એક પસાર થતાં ગયા. થાક લાગી ગયો. ફુલસ્પીડમાં પંખો હતો. છતાં એ પસીને રેબઝેબ થઈ ગઈ. શું કામ તું ઋષભને સહન કરે છે? એક પ્રશ્ન તેની સામે આવ્યો. તે આંખ મીંચીને પડી રહી. સામે અંકિત જાણે હાથ હલાવતો બોલી રહ્યો હતો. હસતો હતો. 'મમ્મી, તું નહિ હોય તો મારું કોણ?' અંકિતે અચાનક એક પ્રશ્ન પૂછ્યો. હા, એક અંકિત જ તેનો પોતાનો છે. ના, અંકિત બિચારો ટ્યૂશન ક્લાસ પાસે મુંઝાઈ ગયો હશે. રડતો હશે. ના, ના, મા તરીકે એ આટલી ક્રૂર બની શકે નહિ.

ઋષભની સજા તેણે શા માટે અંકિતને આપવી જોઈએ. એક ઝાટકે તે ઊભી થઈ ગઈ. પર્સ લીધું. ને બહાર નીકળી ગઈ.

અંકિત રડતો હતો. જો કે ટીચરે તેને પોતાની પાસે બેસાડી રાખ્યો હતો. તરત તે અંકિતને બાઝી પડી. રડી પડી. પછી બહાર આવી ગઈ.

ના, હવે ઘરે નથી જવું. માથું ફાટ ફાટ થતું હતું.

'અંકિત ભૂખ લાગી છે?'

'હા, મમ્મી. બહુ ભૂખ લાગી છે.' અંકિત તેને વીંટળાયો. સારું લાગ્યું.

'ચાલ, આજે હું તને હોટલમાં ખવડાવું.'

'વાહ.' અંકિતથી બોલાઈ ગયું. પછી તરત બોલ્યો, 'પપ્પા...'

'આપણે બે જ જઈશું.'

પછી તેઓ એક ભવ્ય હોટલમાં ગયાં. ખૂબ ખાધું. અંકિતે જે માગ્યું તે ખવડાવ્યું. છેલ્લે આઈસ્ક્રીમ પણ ખવડાવ્યું. બહાર નીકળીને તેણે ઘડિયાળમાં જોયું. રાતના નવ થવાના હતા. ઋષભ આવી ગયો હશે. તે જાણતી હતી, ઋષભ પાસે ઘરની ચાવી નહોતી. તે હસી. પછી તે અંકિતને બાગમાં લઈ ગઈ. તેને ખૂબ રમાડ્યો. કલાકેક પસાર થઈ ગયો. 'મમ્મી, આજે ઘરે નથી જવું?' અંકિત અવારનવાર પૂછતો હતો. તે ખડખડાટ હસતી બોલતી હતી, 'ના, આજે આપણે ખૂબ રમવું છે. ખૂબ મોજમજા કરવી છે.'

રાતના અગિયાર થયા. ને ઘર તરફ વળી. દૂરથી તેણે જોયું. ઋષભ દરવાજા પાસે ઊભો હતો. દરવાજા પર તાળું લટકતું હતું. બસ, તે દૂર જ ઊભી રહી ગઈ. ઋષભ શું કરે છે તે જોવાની તેને મજા પડી.

અંકિત રુચિતાને આશ્ચર્યથી જોઈ રહ્યો હતો.

*બાવા સીદી, પંચોલી વાડી સામે,*
*ગોપીપુરા, સુરત-૩૯૫ ૦૦૧.*

## પ્રૉ. કે.ટી. શાહ : વિશ્વવિખ્યાત અર્થશાસ્ત્રી

**(અનુસંધાન : પાના નં.-૧૪ ઉપરથી ચાલુ )**

ડૉ. રાધાકૃષ્ણન, પંડિત જવાહરલાલ નહેરુ અને રવેલ કુરેશી (નવજીવનના તંત્રી) ની અવરજવર પ્રૉ. શાહને ત્યાં હતી. એમને પોતાના મિત્રોને પોતાનો ઘેર જમાડવાનો ઉત્સાહ હતો. પત્નીના મૃત્યુનો આઘાત તો તેઓ જીરવી ગયા હતા પરંતુ બે પુત્રોને સખત બીમારી થઈ. પ્રૉ. શાહના પિતૃ હૃદયને ઠેસ પહોંચી. કૌટુંબિક આઘાતોથી તેમનું મન બેચેન રહેવા લાગ્યું. થોડા દિવસો પછી એમનું ૧૦ માર્ચ, ૧૯૫૩ના રોજ અવસાન થયું. એમના જવાથી માત્ર ગુજરાતે નહીં પણ હિંદે એક અત્યંત પ્રામાણિક, પ્રગતિશીલ સહૃદયી વિદ્વાન વ્યક્તિ ગુમાવી.

*સંદર્ભ સાહિત્ય : સમાજ દર્પણ, કચ્છમિત્ર*

## વાર્તા : ઝેર

**(અનુસંધાન : પાના નં.-૨૭ ઉપરથી ચાલુ )**

"શાના વિચાર કરો છો?" એ બોલી :

"પેલા ઔરંગઝેબે તમને પ્રમોશનની ના પાડી લાગે છે. એના વિચાર કરો છો?"

"ના, પણ શ્વેતુ, થોડો ગભરાટ થાય છે - બીક લાગે છે!"

"બીક?" એ ચોંકી : "શાની બીક?"

"શું કહું?" એ ધીરેથી બોલ્યો : "એમ થાય છે કે મોટા રોટલાની લાલચ રાખીશ તો મોદી સાહેબની જેમ એ રોટલાનું ઝેર મનેય ચડશે તો શું થશે?" શ્વેતા સમજ્યા વગર એની સામે જોઈ રહી. કૂતરાં ફરીથી જોરજોરથી ભસવા માંડ્યાં.

## ભગવાન પર ગુસ્સો

**(અનુસંધાન : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ )**

ભગવાને પાછું જોયું.

વહેતી આંખે એ બોલ્યો, 'આજે મેં જેટલી ફરિયાદો કરી એના માટે ક્ષમા માગું છું. મારા આજના દિવસમાં જે જે બન્યું અને તમે મારું આટલું બધું ધ્યાન રાખ્યું એ માટે અને તમારો પ્લાન હંમેશાં સારો જ હોય એની ખાતરી મને કરાવવા માટે તમારો ખૂબ જ આભાર માનું છું ભગવાન!' એ માણસ વધારે બોલી ન શક્યો. એનો કંઠ રૂંધાઈ ગયો.

એક કરુણામય દૃષ્ટિ એના પર નાખીને ભગવાન અંતર્ધાન થઈ ગયા.

પેલા માણસનું રડવાનું ધીમે ધીમે અટકી ગયું. એના મગજમાં અને મનમાં અત્યંત આનંદ તેમજ શીતળતા વ્યાપી ગઈ. બરાબર એ જ વખતે એની આંખ ખૂલી ગઈ!

## કેવા હોવા જોઈએ તમારા માર્ગદર્શક!

**(અનુસંધાન : પાના નં.-૪૧ ઉપરથી ચાલુ )**

દિશા આપો. દુનિયામાં નાઈકી, રીબોક કે એડીદાસ જેવી બ્રાન્ડ કંપનીની નકલ કરનારી હજારો કંપની છે, પણ તેના જેવી સર્વોત્તમ અજોડતા કોઈની પાસે નહીં હોય. નકલ કરનારા માત્ર નકલ જ કરી શકે, તે ક્યારેય આઈકોન ના બની શકે. પૈસા આપીને આપણે પોલોની ટી-શર્ટ પહેરીએ છીએ, છતાં આપણે કેટલો ગર્વ ફીલ કરીએ છીએ. તો વિચારો એના માલિક રાલ્ફ લૌરેનને કેટલો ગર્વ થતો હશે. સ્ટીવ જૉબ્સે જ્યારે આઈફોન લોન્ચ કર્યો તે પહેલાં અનેક કંપની મોબાઈલ બનાવતી હતી, પણ સ્ટીવ જૉબ્સની એપલ કંપનીએ એક અદ્ભુત મોબાઈલ બનાવ્યો જે દરેક કરતાં અલગ હતો. તેણે એકેય કંપનીના મોબાઈલની નકલ ના કરી, પણ તે કંપનીને તેના મોબાઈલ જેવી નકલ કરવા મજબૂર કરી. જેટલું વિચારીએ તેટલું આ કામ આસાન નથી, પણ તેની કંપનીને મહાનતા સુધી પહોંચાડવામાં તેના મહાન સમર્થ વિચારો હતા.

પ્રેરક કથા

# સત્યનો સાથ

હર્ષદ પંડ્યા

'ભાઈ પાંચોટિયા,' શાળાના આચાર્યે કહ્યું, 'તમને કાલથી સસ્પેન્ડ કરવામાં આવે છે. ક્રેડિટ સોસાયટીમાંથી લોન લીધી હોય તો એના પૈસા પૂરેપૂરા ચૂકવી દેજો...તમે જઈ શકો છો.'

'પણ સાહેબ...'

'તમે ગૂનો એવો કર્યો છે કે માફ થઈ શકે જ નહીં.' આચાર્યે ગણપતભાઈની સર્વિસ ફાઈલના કાગળો તપાસતાં કહ્યું, 'આટલાં વરસની નોકરી પર પાણી ફેરવી દીધું ને? તમને ખબર હોવી જોઈએ કે આપણે કયો વ્યવસાય કરીએ છીએ. શિક્ષક માટે તો દરેક વિદ્યાર્થી પોતાના સંતાન કરતાં પણ અધિક હોય... એક શિક્ષક થઈને તમે બાળકીની છેડતી કરી? છી, છી, છી...આપણા વ્યવસાયની પવિત્રતાને તમે અભડાવી દીધી...'

'પણ સાહેબ,' ગણપતભાઈએ બે હાથ જોડી નમ્રતાથી કહ્યું, 'મને સાંભળો તો ખરા...'

'હવે કાંઈ ન થાય' આચાર્યે સહેજ કરડાકીથી કહ્યું, 'છોકરીના વાલીએ પોલીસ ફરિયાદ પણ કરી દીધી છે અને ટ્રસ્ટીઓએ નિર્ણય પણ લઈ લીધો છે.'

ગણપતાઈ પાંચોટિયા ભારે હૈયે ઑફિસની બહાર આવ્યા. 'સાહેબ,' ગણપતભાઈની ઉંમરના એક સહશિક્ષકે એમના ખભા પર હાથ મૂકીને કહ્યું, 'બહુ ખોટું થઈ ગયું...સમાજમાં તમારી આબરૂ...'

ગણપતભાઈ કંઈ બોલ્યા નહીં, એક નજરે એ શિક્ષક સામે જોઈ રહ્યા. આકરી નજરનો તાપ સહન નહીં થતાં એણે કહ્યું, 'તમે તો એવી રીતે મારી સામે જોઈ રહ્યા છો, જાણે મેં આ બધું કરાવ્યું હોય...'

'મેં એવું નથી કહ્યું' ગણપતભાઈએ સ્વસ્થતાથી કહ્યું, 'અને તમને એવું લાગતું હોય તો એનો મને વાંધો નથી.'

ગણપતભાઈ સ્કૂલ કમ્પાઉન્ડ તરફ વળ્યા કે તરત પેલા શિક્ષકે પાછળથી આવીને કહ્યું, 'પોલીસ ચોકીમાં આપણી ઓળખાણ છે. કહેતા હો તો એકાદ બે અધિકારીઓને સમજાવી દઈએ.'

'નહીં નહીં' ગણપતભાઈએ સ્મિત કર્યું, 'મારા માટે આટલી બધી લાગણી છે એ માટે આપનો ખૂબ ખૂબ આભાર...'

'આભારની વાત જવા દો' શિક્ષકે કહ્યું, 'છોકરીનો બાપ માથાભારે છે. તમને નહીં છોડે.' ગણપતભાઈએ ફરી સ્મિત કર્યું. આ વખતના સ્મિતમાં પેલા શિક્ષકને ગણપતભાઈનું કાંઈક જુદું જ રૂપ દેખાયું.

'એક કામ કરો' શિક્ષકે કહ્યું, 'કાલે પોલીસ સ્ટેશને જવાનું થાય તે પહેલાં પેલી છોકરીના બાપને પાંચ-દસ હજાર પકડાવી દો એટલે એ કેસ પાછો ખેંચી લેશે અને વાત પર પડદો પડી જશે.'

'એટલા પૈસા હોવા જોઈએ ને મારી પાસે!' ઝભ્ભાના ખિસ્સામાં હાથ નાખી ગણપતભાઈએ કહ્યું, 'બોલો, તમે ઉછીના આપશો?'

'બોલતા શું નથી' શિક્ષકે કહ્યું, 'સાંજે પૈસા તમારા ઘરે પહોંચી જશે.'

પરિવારના સભ્યોને ખુશ રાખવા પૂરતું જ ગણપતભાઈએ થોડું જમી લીધું અને હાઈવે પર આંટો મારવા નીકળી પડ્યા. રોજ રાત્રે દસ પહેલાં ઊંઘી જતા ગણપતભાઈ, રાતના બાર વાગ્યા તોય ઊંઘી શક્યા નહીં. આંખો બંધ કરે તો પેલું ખોફનાક દૃશ્ય દેખાતું'તું અને આંખ ખુલ્લી રાખે તો અંધારું વધારે બિહામણું લાગતું'તું. છેવટે આંખો બંધ કરીને એ પડ્યા રહ્યા. પાંપણોના પડદા પાછળ સ્મૃતિઓના સાપ સળવળવા માંડ્યા : 'એને એટલોય વિચાર ના આવ્યો?' પેલા શિક્ષકે ગણપતભાઈની ટીકા કરતાં શાળાની એક શિક્ષિકાને કહ્યું, 'એ તો ઠીક છે કે પ્રવાસમાં તમે અમારી સાથે છો... તમારાં જેવાં કોઈ સ્ત્રી શિક્ષિકાને પ્રવાસમાં ન લીધાં હોત અને આવી દુર્ઘટના બની હોત તો ગજુભાઈની સાથે સાથે અમનેય છાંટા ઊડ્યા જ હોત ને?'

'મને તા કેટલાય દહાડાથી ગંધ આવતી'તી' શિક્ષિકાએ કહ્યું, 'પણ આપણને શી ખબર કે બહારથી સંત જેવો લાગતો માણસ અંદરથી આવો શેતાન હશે...'

'ભવિષ્યમાં કોઈ પણ માબાપ પોતાની બાળકીને શિક્ષકો સાથે પ્રવાસમાં મોકલતાં પહેલાં સો વાર વિચાર કરશે.' શિક્ષકે મૌન બેઠેલા ગિજુભાઈ તરફ જોઈને કહ્યું, 'સહેજ પણ લાજ-શરમ જેવું બચ્યું હોય તો માણસે ડૂબી મરવું જોઈએ.'

'હવે ખબર પડી કે ભ'ઈ સાહેબ ગામ કરતાં ઓછી ફી લઈને રાત્રિ ટ્યૂશન કેમ કરતા'તા' શિક્ષિકાએ કહ્યું, 'બીજા જલસા કરવા મળતા હોય ત્યાં પૈસાની શું વિસાત?'

'બોલવામાં વિવેક રાખો બહેન' અત્યાર સુધી ચૂપ બેઠેલા ગણપતભાઈએ કહ્યું, 'હું ચૂપ બેઠો છું એનો અર્થ એવો નથી કે હું ગુનેગાર છું અને તમે બધા શાહુકાર છો, તમને બધાંને હું સારી રીતે ઓળખું છું.'

'એક તો ચોરી અને ઉપરથી સીનાજોરી?' શિક્ષિકાએ કહ્યું,

'તમે પેલી છોકરીની છેડતી નથી કરી?'

'ના' ગણપતભાઈએ કહ્યું, 'મારી વિરુદ્ધ કોઈએ ષડ્યંત્ર રચ્યું છે.'

'ષડ્યંત્ર?' પેલા શિક્ષકે અટ્ટહાસ્ય કર્યું.

'તમે તો મોટા દેશનેતા ખરાને એટલે મોટો ગરાસ લઈ લેવા તમારી વિરુદ્ધ કોઈએ ષડ્યંત્ર કર્યું હોય...!'

કશોક અવાજ થતાં ગણપતભાઈ સફાળા બેઠા થઈ ગયા. આમતેમ જોયું તો ખ્યાલ આવ્યો કે અડધી રાત વહી ગઈ છે અને પોતે હજુ ઊંઘી શક્યા નથી.

સ્મૃતિઓના ડંખ મારતા સાપ અદશ્ય થઈ ગયા. ક્યારે સવાર પડી ખબરેય ન પડી.

'સાહેબ તમે?' પોલીસ ચોકીમાં દાખલ થતાં જ પોલીસ અધિકારીએ ગણપતભાઈને પગે લગતા કહ્યું, 'કેમ અહીં આવવું પડ્યું?''

'કેમ' સાથે આવેલા પેલા શિક્ષકે કટાક્ષમાં કહ્યું, 'ગિજુભાઈ માણસ નથી? ભૂલ તો દરેકથી થઈ જાય...!'

ઈન્સ્પેક્ટરે સાંભળ્યું ન સાંભળ્યું કરી, છોકરીને લઈ આવેલા વાલીને પૂછ્યું, 'ફરિયાદ નોંધાવવાનું નક્કી કરીને જ આવ્યા છો?'

'જી' છોકરીના બાપે બે હાથ જોડીને કહ્યું, 'ફરિયાદ તો કરેલી જ છે પણ...'

'બોલો....બોલો,' ઈન્સ્પેક્ટરે કહ્યું,

'અટકી કેમ ગયા? પાંચોટિયા સાહેબ મારા ગુરુ છે, પણ અત્યારે હું ફરજ પર છું. તમે ગભરાવ નહીં...ફરિયાદ વિશે જે કંઈ કહેવું હોય તે બેધડક કહો...ડરવાની જરૂર નથી.'

સાહેબ, છોકરીના બાપે ઢીલા અવાજે કહ્યું, 'ફરિયાદ પાછી ખેંચવા આવ્યો છું... પાંચોટિયા સાહેબ તો ભગવાનના માણસ છે... મારી છોકરીની છેડતી જેવો કોઈ બનાવ બન્યો જ નથી, આ તો એમની સ્કૂલના એક શિક્ષક...' આટલું કહીને એણે પેલા શિક્ષક સામે હાથ ધરીને કહ્યું. 'આ સાહેબે અને એક શિક્ષિકા બહેને ભેગાં થઈ મારી છોકરીને એમનાં ગ્રૂપ ટ્યૂશનમાં જોડાઈ જવા પૈસાની લાલચ આપી આખું નાટક ઊભું કર્યું છે.'

'તમારી દીકરીને લઈને આવ્યો છો?' ઈન્સ્પેક્ટરે પૂછ્યું.

બાપ કંઈ બોલે તે પહેલાં તો છોકરી પાંચોટિયા સાહેબના પગ પકડીને રડવા લાગી, 'સાહેબ, મને માફ કરજો... શાહ સાહેબ અને બહેનના કહ્યામાં આવીને મેં...'

ગણપતભાઈએ છોકરીને ઊભી કરી માથે હાથ મૂકીને ભીની આંખે કહ્યું, 'જિંદગીમાં સત્યનો સાથ નહીં છોડતી...'

પોતાની અને વ્યવસાયની પવિત્રતા સિધ્ધ કર્યા પછી ગણપતભાઈએ શાળા જ છોડી દીધી!

*છો ઉછાળી ધૂળ, હવે હરખાવ ના,*
*સત્યનો સૂરજ કદી ઝંખવાય ના.*


# JETHABHAI DOONGARSHI TRANSPORT Co.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

પ્રેરક કથા

# ભગવાન પર ગુસ્સો

ડૉ. આઈ. કે. વીજળીવાલા

આખા દિવસની થકવી નાખતી દોડધામ અને પારાવાર કંટાળા સાથે એક માણસ પોતાના ઘરે પાછો આવ્યો. એને લાગતું હતું કે એ દિવસ જ જાણે એના માટે ખરાબ ઊગ્યો હતો. સવારથી કાંઈકને કાંઈક વિઘ્ન એને નડતું જ રહ્યું હતું. માથું ભારે થઈ ગયું હતું. પગ પણ દુઃખી ગયા હતા.

ઘરે આવીને એ ખુરશીમાં પડ્યો. થોડીવાર પછી દુઃખતા પગને આરામ આપવા એણે ફૂટ-મસાજર નામનું મશીન કાઢ્યું. પગને મસાજ કરવાથી આરામ મળશે એમ માનીને એણે એ શરૂ કર્યું. પરંતુ એ દિવસે જાણે કઠણાઈ દરેક પગલે એની સાથે જ ચાલવાની હોય એમ મશીન શરૂ ન થયું. એ માણસ ઘણું મથ્યો, પરંતુ મશીન તો જાણે ન ચાલવાના સોગંદ લઈને બેઠું હોય એમ ન ઊપડ્યું એટલે ન જ ઊપડ્યું.

કંટાળીને એ માણસે મશીનને પડતું મૂક્યું. પછી આકાશ સામે જોઈને ફરિયાદના સ્વરે કહ્યું, 'વાહ! ભગવાન! આજે મને હેરાન કરવાનું તેં નક્કી જ કરી નાખ્યું લાગે છે, ખરું ને! આજે મારું એક પણ કામ તેં સરખું નથી થવા દીધું. ડગલેને પગલે આજે તો તેં બસ, તકલીફો જ આપી છે. 'પછી વ્યંગ કરતાં બોલ્યો, 'આટલું બધું હેરાન કરવા માટે જ અમે તને દયાળુ કહેતા હોઈશું, બરાબરને!' આટલું કહીને એ ખુરશીમાં લાંબો થયો. આખા દિવસની હાડમારી તેમજ થાકથી એની આંખ ક્યારે મળી ગઈ એની એને ખબર જ ન રહી.

અચાનક એણે જોયું કે ભગવાન ખુદ એની સામે ઊભા હતા. એમનું સ્વરૂપ અદ્‌ભુત હતું. દિવ્ય ચહેરો, અપ્રતિમ સૌંદર્ય તેમજ મંદ-મંદ હાસ્ય! એ પોતાની જગ્યાએથી ઊભો થઈ ગયો. એનાથી હાથ જોડાઈ ગયા. એણે આદત મુજબ હાથ તો જોડ્યા, પરંતુ આખા દિવસની હાડમારીનો ગુસ્સો હજુ એના મનમાંથી નહોતો ઊતર્યો. પોતાનો ગુસ્સો દબાવવાના પ્રયત્નો નિષ્ફળ નીવડતાં એણે ભગવાનને ચિડાયેલા અવાજે જ પૂછી નાખ્યું, 'ભગવાન! હું તમને બે-ચાર સવાલ પૂછવા માંગું છું, તમને વાંધો ન હોય તો પૂછી શકું?'

ભગવાન એમ જ મંદ મંદ હસતા બોલ્યા, 'ચોક્કસ દીકરા! તારે પૂછવા હોય એટલા સવાલો તું પૂછી શકે છે!'

'પણ પ્રભુ! મને વચન આપો કે તમે ખિજાશો નહીં. તો જ પૂછું!'

'હા ભાઈ! હા! વચન આપું છું બસ! બસ નહિ ખીજાઉં.' એકદમ માયાળુ અવાજે ભગવાને કહ્યું.

'તમે મને આજે આખો દિવસ આટલી બધી તકલીફો કેમ આપી? 'પેલા માણસે પૂછી જ નાખ્યું.

'કઈ તકલીફો? તું મને જરા વિગતે જણાવીશ તો હું કંઈક જવાબ આપી શકીશ!' ભગવાને એવા જ માયાળુ અવાજે કહ્યું.

જુઓ પ્રભુ!' પેલાએ વિગતથી બધી ફરિયાદ કરવાનું શરૂ કર્યું. 'મેં ઍલાર્મ મૂકેલો છતાં આજે હું ખૂબ જ મોડો ઊઠ્યો. ઍલાર્મ વાગ્યા પછી એને બંધ કરીને હું ક્યારેય સૂતો નથી, પરંતુ આજે ઍલાર્મ બંધ કરીને હું પાછો સૂઈ ગયો એના કારણે ઊઠવામાં મોડું થઈ ગયું. આજે જ આવું કેમ થયું એની મને સમજણ નથી પડતી. ઝડપથી તૈયાર થઈને નીકળ્યો તો ખરો પણ મારી કાર બગડી! કોઈ વાતે એ સ્ટાર્ટ જ નહોતી થતી. કાર વગર તો હું મારા કામ પર પહોંચી શકું એમ છું જ નહીં, અને હું જ્યાં રહું છું ત્યાં કોઈપણ પ્રકારનાં પબ્લિક ટ્રાન્સપોર્ટની સગવડ જ નથી. એટલે ન છૂટકે મારે પોતાને બોનેટ ખોલીને કારને સમી કરવી પડી. પૂરી ચાલીસ મિનિટ પછી મારી કાર સ્ટાર્ટ થઈ. એ પછી ઑફિસે પણ એવું જ થયું. 'એ માણસે ઑફિસની વાત યાદ કરતાં કહ્યું. વાત કરતી વખતે એની નારાજગી હજુ એમ જ વ્યક્ત થઈ રહી હતી.

'બપોરે જમતી વખતે વેઈટરે મારી રોજની થાળીને બદલે બીજી થાળી આપી દીધી અને એ પણ એક કલાક મોડી. મેં એ થાળીની ના પાડી અને મારી રોજની ફિક્સ થાળી જ માંગી તો એણે કહ્યું કે માર થાળી એના હાથમાંથી પડી ગઈ હતી. એણે માફી પણ માંગી, પરંતુ મારે તો એક કલાક વાટ જોવી જ પડી અને ખાવાનું ભાવ્યું નહીં એ નફામાં! બે-ચાર અગત્યનાં કામ અટકી પડ્યાં. એના લીધે મને આવતી કાલે થોડી વધારે તકલીફ પડવાની અને છેલ્લે હમણાં જ મારું થાક દૂર કરી આપતું ફૂટમસાજર પણ બગડી ગયું. હવે બોલો પ્રભુ! આમ સવારથી લઈને સાંજ સુધી મને હેરાન કરવામાં તમને શું મળ્યું? હું પૂછી શકું કે તમે મને આટલો દુઃખી શું કામ કર્યો? આમ તો તમને કોઈ આવો સવાલ કરી શકે નહીં, પરંતુ જ્યારે તમે મને છૂટ આપી જ છે તો પૂછું છં કે આ બધા પાછળ તમારું શું પ્રયોજન હતું એ કહેશો?'

ભગવાન હસી પડ્યા પછી એકદમ મૃદુ અવાજમાં બોલ્યા, 'દિકરા! આજે સવારે મૃત્યુનો ફરિશ્તો તારા ખાટલા પાસે પહોંચી ગયો હતો. તું ઊઠે કે તરત જ તને જોરદાર હાર્ટએટેક આવે અને એ જ ક્ષણે તમે મોત ઉઠાવી લે એવું નક્કી થયેલું હતું. પરંતુ ગઈકાલે સાજે તે અનાથાશ્રમના કાર્યક્રમમાં મોટું દાન આપ્યું હતું. એના લીધે ત્યાં રહેતાં બાળકોની ઘણી તકલીફો દૂર થઈ ગઈ. અનાથાશ્રમના સંચાલકે કાલે રાત્રે ત્યાં રહેતાં બાળકો પાસે તારી લાંબી ઉંમર માટે પ્રાર્થના કરાવી હતી. બસ! એ દુવાઓના કારણે મારે તારી જિંદગી લંબાવ્યા વિના છૂટકો જ નહોતો. જો તું એ જ ક્ષણે ઊઠે તો તને હાર્ટએટેક આવી જાય, એવું ન બને એટલા માટે મેં તને સૂવડાવી જ રાખ્યો હતો. એ પછી મારા ખાસ દૂત દ્વારા મૃત્યુના ફરિશ્તાને પાછો બોલાવી લીધો હતો!'

'ઓહ! એમ વાત હતી! પરંતુ મને એની ખબર ક્યાંથી હોય?' આશ્ચર્યચકિત થતાં એ માણસે કહ્યું.

'હવે વાત કરીએ તારી કારની! તો મારા મિત્ર! તારા રોજના રૂટ પર એક દારૂડિયો ડ્રાઈવર ટેન્કર લઈને નીકળ્યો હતો. તું જો વહેલો નીકળ્યો હોત તો તારી કાર જરૂર એના ટેન્કર સાથે અથડાઈ જાત. કારણ કે એ ખૂબ જ ખરાબ રીતે ચલાવતો હતો. એટલે એ અકસ્માત ટાળવા મારે તારી કાર તેમજ બીજી ઘણી બધી કારને લગભગ ચાલીસેક મિનિટ માટે રોકી રાખવી પડી હતી.'

પેલો માણસ કાંઈ બોલ્યો નહીં, પરંતુ એના મોં પરના ભાવ કહેતા હતા કે એને હવે થોડીક શરમ આવી રહી હતી.

'અને હા! ભગવાને એવા જ મૃદુ અવાજે આગળ કહ્યું, 'બપોરની રિસેસમાં તને જુદી થાળી મળી શકે એ માટે વેઈટરના હાથમાંથી તારી મૂળ થાળી મારે જ પાડવી પડી હતી. તને કે વેઈટરને ખબર નહોતી પરંતુ એ થાળીના ખોરાકમાં ઝેર ભળી ગયું હતું. ભૂલથી પણ જો એ ભોજન તારા પેટમાં ગયું હોત તો તું અત્યારે ભયંકર ઝાડા-ઊલટી સાથે કોઈક દવાખાનામાં ભરતી થઈને પડ્યો હોત. હું જાણું છું કે હાલ તને માંદગી પોસાય તેમ નથી અને જોબમાં રજા પાડવી પણ તારા માટે બિલકુલ શક્ય નથી. એટલે વેઈટરના હાથમાંથી તારા મનપસંદ ભોજનની થાળી પાડી દેવા સિવાય મારી પાસે બીજો કોઈ વિકલ્પ જ નહોતો!'

સંકોચથી પેલો નીચું જોઈ ગયો. લાગતું હતું કે હવે એને પોતાના વિચારો માટે ખૂબ સંકોચ થઈ રહ્યો હતો.

'આજે સાંજે ઑફિસથી પાછા ફરતી વખતે તારો સેલફોન બંધ થઈ ગયો હતો. બરાબર?' ભગવાને વાત ચાલુ રાખતાં કહ્યું, 'એના કારણે તારા કેટલાંક અગત્યનાં કામ અટવાઈ ગયાં હતાં બરાબર? પરંતુ તને એ વાતની ખબર તો ક્યાંથી હોય કે બરાબર એજ વખતે એક એવો માણસ તને ફોન કરવાનો હતો જેનો ઇરાદો તને બ્લેકમેઈલ કરવાનો હતો!'

'શું વાત કરો છો પ્રભુ! ખરેખર?' પેલાથી વચ્ચે બોલાઈ ગયું.

'હા! એ તને એવી વાતમાં ફસાવવા માગતો હતો કે જે વાતચીત તને કાયદાની ચુંગાલમાં ફસાવી શકે તેમ હતી. તારા ફોનને ટેપ કરવાની તૈયારી સાથે એ બેઠો હતો, પણ તારો ફોન બગડી ગયો એટલે એ માણસ એની ચાલમાં નિષ્ફળ ગયો. હવે કાલે વહેલી સવારે એ વિદેશની લાંબી સફરે જતો રહેવાનો છે અને તારો ફોન કાલ સુધી રીપેર થાય તેમ નથી! એટલે તું બહું જ મોટી જફામાંથી બચી ગયો છે!' ભગવાન એ માણસની આંખોમાં હવે સીધું જ જોઈને બોલ્યા.

એ માણસ ભગવાનની દૃષ્ટિ સહન ન કરી શક્યો. નીચું જોઈ ગયો. એની આંખો ભરાઈ આવી. હવે એને ખબર પડી ગઈ હતી કે એ કેવી કેવી ફરિયાદો કરી રહ્યો હતો!

'અને પેલા તારા ફૂટ મસાજર વિશે વાત કરવાની તો રહી જ ગઈ.' ભગવાને વાતને પૂરી કરવાનું જ નક્કી કર્યું હોય એમ લાગતું હતું.' તારા ફૂટ મસાજરમાં એક વાયર છૂટો થઈ ગયો છે. જો તારું ફૂટ મસાજર શરૂ થયું હોત તો તને શોક લાગત તેમજ તારા આખાય એપાર્ટમેન્ટની લાઈટ જતી રહી હોત અને જો એવું બની જાત તો તું આજે રાતનું તારું બધું અગત્યનું કામ શી રીતે કરી શકત? તારું કામ તો ઠીક, ચોથા માળે રહેતા પેલી એંસી વરસના દાદાની તબિયત ખરાબ છે એમનું શું થાત? એમનું કૃત્રિમ શ્વાસોશ્વાસનું મશીન બંધ થઈ જાત અને એમની જિંદગી જોખમાઈ જાત. એમને હજુ એક વરસ આ ધરતી પર રહેવાનું છે. જો એમનો શ્વાસ અટકી જાત તો? એટલે તમને બંનેને મદદ કરવા માટે જ મેં તારા ફૂટ મસાજરને બંધ કરી દીધું હતું!'

હવે એ માણસ કાંઈપણ કહી શકે એવી સ્થિતિમાં જ નહોતો રહ્યો. માથું નીચું રાખીને એ એટલું જ બોલી શક્યો કે, 'માફ કરજો પ્રભુ! મને લાગે છે કે તમને સમજવામાં મારી મોટી ભૂલ થઈ ગઈ છે. મને લાગે છે કે અમારી બુદ્ધિ તેમજ તર્ક તમારા ભેદની પામી શકે તેટલાં સતેજ નથી હોતાં, એટલે મને ક્ષમા કરજો ભગવાન!'

'મારા દીકરા!' ભગવાન બોલ્યા, 'ક્યારેય મારા પ્લાન માટે શંકા ન કરતો. હંમેશાં એ વિશ્વાસ રાખજે કે તારા જીવન માટેનો મારો ઘડેલો પ્લાન તારા બનાવેલા દરેક પ્લાન કરતા ઘણો વધારે સારો જ હશે!'

એ માણસ નીચું જોઈને હકારમાં માથું હલાવી રહ્યો હતો. એની બંને આંખોમાંથી આંસુની ધાર વહેતી હતી. એને હવે સમજાઈ રહ્યું હતું કે જેને એ આખા દિવસની હાડમારી કહેતો હતો એ હકીકતમાં તો પરમકૃપાળુ પરમાત્માની અપરંપાર કૃપા હતી. એને પારાવાર પસ્તાવો થઈ રહ્યો હતો.

એના મસ્તક પર દિવ્ય તેજ ફેંકીને મંદ મંદ હસી રહેતા ભગવાન પાછા જવા માટે ફર્યા. એજ વખતે પેલો માંડ એટલું બોલી શક્યો કે 'ભગવાન! તમને એક વાત કહી શકું?'

**(અનુસંધાન : જુઓ પાના નં.-33 ઉપર )**

લોકકથા

# કાળજે વાગી ગયું

રાઘવજી માધડ

વાત વાયુવેગે આખા નગરમાં ફેલાઈ ગઈ : 'મહારાજાની ધરપકડ થઈ રહી છે....' હાહાકાર મચી ગયો. લોકો અંગ્રેજ સરકારના છડેચોક છાજિયાં લેવા લાગ્યા 'હાય...અંગરેજ, હાય...અંગરેજ...!'

બ્રિટિશ અફસરના હુકમથી મહારાજા મલ્હારરાવની ધરપકડ કરવા અંગ્રેજ મિલિટરીનો કમાન્ડર આવ્યો હતો. આવતાં પહેલાં તેમને ગાયકવાડી મહેલની આસપાસ સખત ચોકી-પહેરો ગોઠવી દીધો હતો.

મહેલ બહારના શોરબકોરના લીધે વામકુક્ષી કરી રહેલા મહારાજાને વિક્ષેપ પડ્યો. તેમણે ઉસ્માનને બોલાવી બહાર શું બની રહ્યું છે તેની તપાસ કરવા કહ્યું. પણ ઉસ્માન હજુ મહેલ બહાર જઈને જુએ એ પહેલાં એક હજૂરિયો ઉતાવળા પગે આવી, ઉસ્માનને કહે : 'ઉસ્માનખાં, ગોરો અમલદાર મહારાજાને પકડવા આવ્યો છે!'

ઉસ્માન આગ જેમ ભડભડવા લાગ્યો : મહારાજા પાસે જઈને ધૂંઆપૂંઆ થતાં બોલ્યો : 'આપ આજ્ઞા કરો તો, અમલદારને ખતમ કરી નાખીએ!' 'ના...' મહારાજાએ દાંત ભીંસી, ક્રોધ દબાવીને સખ્તાઈથી કહ્યું. તેમના મનમાં ભાવિનું બિહામણું ચિત્ર અંકાઈ ગયું હતું. સામે પડવામાં સાર નહોતો. તેમને આજ્ઞા આપતા કહ્યું : 'કમાન્ડરને આવવા દો!' ખાસ-વિશ્વાસુ અંગરક્ષક ઉસ્માને મન મારીને પણ આજ્ઞાનો અમલ કર્યો. તેમના પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો.

કમાન્ડર રાજમહેલમાં આવ્યો. તેમની પાછળ દબાતા પગલે મહેલના પહેરગીરો પણ પૂરી તૈયારી સાથે આવ્યા. તે મામલો ભરી પીવાના મનસૂબા ઘડી રહ્યા હતા.

કમાન્ડરે મિલિટરી ઢબે મહારાજાને સેલ્યુટ મારી. પછી દુભાતા સ્વરે કહ્યું : 'હું હુકમનું પાલન કરવા આવ્યો છું. આપને ગિરફતાર કરવાનો રેસિડેન્ટ સાહેબનો આ રહ્યો હુકમ... 'પત્ર વાંચીને મહારાજાએ મક્કમતાથી પૂછ્યું : 'તો મારે શું કરવાનું છે?' 'આપને...' કમાન્ડરે કહ્યું : 'અમારી સાથે આવવું પડશે.' મહારાજા સ્વસ્થતાથી બોલ્યા : 'ભલે, હું તૈયાર છું.' આ વેળા ભવ્ય મહેલમાં સન્નાટો છવાઈ ગયો.

'વોટસન' ત્યાં પાછળથી એક ગોરો ને ઊંચો સશસ્ત્રધારી આદમી આગળ આવી કામાન્ડરના હુકમને ઝીલવા સાબદો થયો. 'મહારાજાને ગિરફતાર કરો!' બંદૂકમાંથી છૂટેલી ગોળી જેવા આ આદેશ સાથે વોટસનના હાથ, મહારાજાને પકડવા માટે લાંબા થયા, તે ઘડીએ જ તૈયાર ઊભેલા ઉસ્માનની તલવારનો ઘા પડ્યો. વોટસનનું કાંડું હાથથી અળગું થઈ હેઠું પડ્યું. અણધાર્યા હુમલાથી પળભર તો સૌ ડઘાઈ ગયા, પણ કમાન્ડરે લગીરેય વિલંબ કર્યા વગર પોતાની પિસ્તોલ ઉસ્માનના કપાળે ધરી દીધી. ધડાકો કરે એટલી જ વાર હતી ત્યાં મહારાજાએ વણસી જતી સ્થિતિને સંભાળી લેવાના ઈરાદે, આડા હાથ દઈને કહ્યું : 'સબૂર!' સન્નાટો છવાઈ ગયો. 'કમાન્ડર!' મહારાજાએ કહ્યું : 'હું આવવા તૈયાર છું. આપ આપની ફરજ અદા કરો.'

ત્યાં આગ આગ થઈ ઊઠેલા ઉસ્માન તાડૂકીને બોલ્યો, 'આપ આ શું કરી રહ્યા છો, નામદાર!' ઉસ્માન સામે જોઈ, મહારાજાએ તેને સાનમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ ઉસ્માન શાંત થાય એમ નહોતો : 'આ પરદેશી કૂતરા આપને પકડે અને અમારી નજર સામે... 'ઉસ્માન લાલચોળ થઈ ગયો હતો. તેના અવાજમાં આગ પ્રગટતી હતી. તેનાથી રહેવાતું કે સહેવાતું નહોતું, 'આપ હુકમ કરો એટલે.' તે આગળ બોલી શક્યો નહિ. 'ઉસ્માન શાંત થા...' મહારાજા ગંભીર સાદે બોલ્યા : 'આ ક્રોધ કરવાનો સમય નથી. આ રાજરમત છે. તું ધારે છે એવું નથી. મામલો બીજો છે. વાતાવરણ ઘડીભર સ્થિર અને ગંભીર થઈ ગયું. પણ ઉસ્માનને તો ભડકા બળતા હતા. સહ્યું જાતું નહોતું. તેણે મર્યાદા તોડીને પણ કહ્યું : 'મામલો જે હોય તે, આપ હુકમ કરો એટલે અમે ભરી પીએ!' મહારાજા ઉસ્માનની પીડાને પારખતા હતા પણ લાચાર હતા. છતાંય ટૂંકમાં કહ્યું : 'ખુવારીને રક્તપાત...' તેઓ આગળ ન બોલ્યા પણ સૌ સમજી, સમસમીને ઢીલા પડી, વિલા થઈ ગયા. મહારાજાને માનભેર મહેલમાંથી લઈ ગયા. મહેલમાં મરણ જેવો માહોલ સર્જાઈ ગયો.

આ બાજુ ઉસ્માનની અમ્માને આખી ઘટનાની ખબર પડી. તે દોડતી દોડતી આવી. ઉસ્માનને કહ્યું : 'તું મેરા દૂધ નહીં હૈ!' આગળ કહ્યું : 'માલિકકી ગિરફતારી દેખ કે તેરા જી કૈસે રહા?'

'હું શું કરું, અમ્મા...' અમ્મા કહે : 'ઉન લોગો કો ખતમ કરકે, મર જાના થા...' પછી થૂંકતી હોય એમ બોલી : 'ફટ બાયલા...ચૂડિયાં પહન લે, ચૂડિયાં!' અમ્માનું કહેવું કાળજે વાગી ગયું. તે સીધો બજારમાં ગયો. ચૂડી ખરીદી જમણા હાથે પહેરી લીધી...ને અમ્માના વેણ-કવેણ ખાતર આજીવન પહેરી રાખી. ■

મંથન

# નવા વર્ષને આનંદમય બનાવીએ

ફાધર વર્ગીસ પોલ

એક વર્ષ પસાર કરીને બીજા વર્ષમાં પ્રવેશ કરનાર સૌને નવા વર્ષની ભેટ મળે છે. નવા વર્ષની પ્રથમ પળથી ૩૬૫મા દિવસની છેલ્લી પળ સુધી ઘણા બધા લોકો આપણી વચ્ચેથી હંમેશ માટે વિદાય લેશે. આખરે આપણને દરેક જણને પણ વિદાય લેવાનો એક દિવસ આવશે. આ વાતની ચિંતા કર્યા વિના પણ એને ધ્યાનમાં રાખીને આપણે નવા વર્ષની એકેક પળનો યોગ્ય ઉપયોગ કરીએ અને એને આનંદમય બનાવીએ.

નવા વર્ષમાં પ્રવેશવા સાથે સૌપ્રથમ પસાર થયેલા વર્ષ પર વિહંગાવલોકન કરીએ. છેલ્લા એક વર્ષ દરમિયાન આપણે ઘણા બધા અનુભવોમાંથી પસાર થયા છીએ. એમાં આનંદના અને દુ:ખના પ્રસંગો છે. વિજયના અને પરાજયના પ્રસંગો છે. આશાના અને હતાશાના પ્રસંગો છે. દુનિયાની ટોચ પર હોવાના કે તળિયે હોવાના અનુભવમાંથી આપણે પસાર થયા છીએ. આ બધા અનુભવોમાથી નવા વર્ષને આનંદમય બનાવવા માટે યોગ્ય પ્રેરણા અને માર્ગદર્શન લઈએ. કેવળ આપણા જીવનમાંથી જ નહીં પણ બીજાના જીવનમાંથી તેમજ ઇતિહાસમાંથી પણ જીવનને ઉદાત્ત બનાવનાર ઘણા દાખલાઓ આપણને મળશે.

વર્ષો પહેલાં હું લેટિન ભાષા ભણતો હતો ત્યારે રોમન ઇતિહાસમાં વાંચેલા યુદ્ધવીર જનરલ હાનીબાલ (બી.સી. ૨૪૭-૧૮૩)ની વાત યાદ આવે છે. તેમણે બી.સી. ૨૦૧૬ના યુદ્ધમાં અજેય ગણાતા રોમન સૈન્યને હરાવીને રોમાંચક વિજય મેળવ્યો હતો. ઉત્તર આફ્રિકાના કિનારે આવેલા કારતેજના લોકોમાં નામાંકિત શૂરવીર બનેલા હાનીબાલ અને સાથીદારો રોમન લશ્કર સામે મેળવેલા વિજયમાં ઉન્મત્ત બનીને ખાવાપીવા અને એશઆરામમાં જીવન ગાળવા માંડ્યાં. પરંતુ એ સમય દરમિયાન પરાજયથી નિરાશ થયા વિના રોમન યોદ્ધાઓ નવા યુદ્ધ માટે તૈયારી કરતા હતા. થોડા જ સમયમાં રોમન સૈન્યે નવા જોમજુસ્સાથી કારતેજ સામે યુદ્ધ કર્યું. એક વિજયના ઉન્માદમાં બેદરકાર બનેલા હાનીબાલ અને સૈન્યને જીવ બચાવવા માટે કારતેજથી ભાગી જવું પડ્યું.

રોમન શક્તિથી દૂર ભાગેલા હાનીબાલે પરાજય બાબતે કરેલી વાત ઇતિહાસના પાને નોંધાયેલી છે કે "રોમન સૈન્યને હરાવ્યું હતું ત્યારે હું તે સૈન્યનું ઉન્મૂલન કરી શકતો હતો પણ મેં એમનું નિકંદન કર્યું નથી. હવે એમ કરવાની ઇચ્છા છે પણ એમ હું કરી શકતો નથી." રોમન સૈન્યનો સર્વનાશ કરવાની તક હાનીબાલ અને સાથીદારોને મળી હતી. પણ તે વખતે વિજયના ઉન્મત્તમાં એમ કર્યું નથી. પણ હવે તેઓ સમય વેડફ્યાના પસ્તાવામાં કશુંય કરી શકતા નહોતા.

આપણે આનંદોલ્લાસથી નવા વર્ષમાં પ્રવેશ કરીએ. નવા વર્ષે આપણને મળેલી એકેક પળની કિંમત સમજીને યોગ્ય ઉપયોગ કરવામાં સજાગ રહીએ. અંગ્રેજીમાં કોઈકે કહ્યું છે કે "હંમેશાં સાવધ રહેનાર માણસ માટે જ ઈશ્વરે સ્વતંત્રતા બક્ષી છે." નવા વર્ષમાં આનંદથી પ્રવેશીએ ત્યારે પસાર થયેલા વર્ષ પર નજર ફેરવીએ. એમાંથી યોગ્ય પાઠ લઈએ. વીતેલા વર્ષનાં દુ:ખો અને માઠા અનુભવોમાંથી થાક્યા હાર્યા વિના રોમન સૈન્યની જેમ નવા જોમજુસ્સાથી નવા વર્ષમાં પ્રવેશીએ. જીવનનાં દુ:ખો અને નિષ્ફળતાને સફળતાનું પ્રથમ પગથિયું ગણીને આગળ વધીએ.

નવા વર્ષની એકેક પળ, એકેક મિનિટ, એકેક કલાક, એકેક દિવસ, એકેક અઠવાડિયું અને એકેક મહિના બનીને પસાર થાય ત્યારે એને આનંદમય અને સફળ બનાવવાનો એક ટૂંકો રસ્તો છે. એક જડીબુટ્ટી છે. એ રસ્તો, એ જડીબુટ્ટી જીવનમાંથી ખુદ પોતાને માટે સ્વાર્થપણે આનંદ લૂંટવામાં નથી. એ ટૂંકો રસ્તો હંમેશાં ખુદ પોતાનો વિચાર કરવામાં નથી. પણ એ ટૂંકો રસ્તો, એ જડીબુટ્ટી બીજાનો વિચાર કરવામાં છે, બીજાને માટે જીવવામાં છે. બીજાને માટે પોતાના જીવનને ખર્ચી નાખવામાં છે. આમ બીજાને સુખી અને આનંદમય કરવામાં ખુદ આપણું જીવન સુખી બનશે, આનંદમય બનશે.

આપણે બીજાને માટે જીવીએ, સૌ લોકો બીજાને માટે જીવશે તો આપણી પાસે દુ:ખો ના હોય. જ્યાં દુ:ખ હોય ત્યાં આપણે એ દુ:ખમાં ભાગીદાર બનીએ અને એમાં હમદર્દી બતાવીને દુ:ખને હળવું કરી શકીએ છીએ. આપણે બીજાનો વિચાર કરીએ, બીજાને માટે જીવીએ ત્યારે આપણી વચ્ચે ગરીબાઈ ન હોય, આપણી વચ્ચે સંઘર્ષ ન હોય, આપણી વચ્ચે યુદ્ધ ન હોય. હું અને તમે એકલા ભારતના ૨૫ ટકા લોકોની ગરીબાઈ દૂર ન કરી શકીએ. ગરીબી રેખા નીચે જીવતા લોકોને ગરીબી રેખા ઉપરના કાર્ડ આપવાથી ગરીબી મટી જતી નથી. આવી નિરાશાભરી પરિસ્થિતિમાં આપણા સંપર્કમાં આવતા ગરીબ લોકો સાથે, દાખલા તરીકે શાકભાજી અને ફળ વેચતા ફેરિયાઓ, એક-બે રૂપિયા માટે લડવાને બદલે ખુશીથી યોગ્ય વળતર આપીને આપણી અને બીજાની ખુશી માણીએ. આપણાથી થાય એવી

રીતે ગરીબીની નાબૂદી માટે કામ કરીએ.

એ જ રીતે આપણે એકલા દુનિયાના પટ પરથી સંઘર્ષો ને યુદ્ધો દૂર કરી શકતા નથી. પણ ઓછામાં ઓછું નવા વર્ષે આપણા કુટુંબ, આડોશપાડોશ અને સમાજમાંથી સંઘર્ષ અને વિખવાદને દૂર કરવા પ્રયત્નશીલ રહી શકીએ. કુટુંબમાં શાંતિ સમાધાન માટે, આપણા સંપર્કમાં આવતા સૌ લોકો સાથે સારો સંબંધ બાંધવા માટે પ્રયત્નશીલ રહીને આપણા જીવનને આનંદમય બનાવી શકીએ. બીજાની ટીકાટીપ્પણ કરવાનું મન થાય ત્યારે એમનાં સારાં પાસાંઓ, ઉદાત્ત ગુણોનો વિચાર કરીએ. બીજાની નિંદા કરવાનું મન થાય ત્યારે ખરા દિલથી પ્રશંસાને લાયક વાતો કરીએ. આપણા જીવનનો આનંદ બીજાને પછાડવામાં નથી પણ એને આગળ ધપાવવામાં, એને યોગ્ય રીતે ખુશ કરવામાં છે. પણ આપણે કદી ખુશામતિયા ન બનીએ. ખુશામત કરવાથી કદાચ આપણો સ્વાર્થ સચવાશે પણ લાંબે ગાળે આપણું જીવન આનંદમય ન બનાવી શકીએ.

સ્કોટલૅન્ડ ખાતે ગ્લાસ્કો શહેરના સમયની મોટી ઘડિયાળ (સન ડાયલ) વિશે મેં એગાઉ કોઈ લેખમાં લખ્યું છે. એ મોટી ઘડિયાળ નીચે એક વાક્ય લખેલું છે : “સમય પૂરો થઈ જાય તે પહેલાં સમયનો વિચાર કરજો.” આપણે શાંત ચિત્તે બેસીને થોડી મિનિટ માટે સમયનો વિચાર કરીએ. આપણા જીવન અને આપણા પરિચિતોનાં જીવન અંગે વિચાર કરીએ, ચિંતન-મનન કરીએ. આપણે શું જોઈએ છીએ? ઘણા લોકો સમયનો કોઈ અંત નથી એ રીતે જીવે છે. તેઓ કદી સમયના અંતનો - જીવનના અંતનો - વિચાર કરતા નથી. પણ સમય અને જીવનને કોઈ સંબંધ ન હોય એ રીતે જીવે છે! સમયનો અંત આવે, જીવનનો અંત આવે ત્યારે પસ્તાવાથી દુઃખી થઈને વિદાય લેવી પડે છે.

આપણા જીવનમાં એવું ન બને એ માટે નવા વર્ષની પ્રથમ પળથી સમયનો યોગ્ય ઉપયોગ કરીને આપણા અને બીજાના જીવનને સુખી અને આનંદમય બનાવવા પ્રયત્નશીલ રહીએ. આપણે જાણીએ છીએ તેમ ઘણા લોકો ગત વર્ષ પસાર કરી શક્યા નથી. આપણે નવા વર્ષમાં પ્રવેશ કરતા હોઈએ તો નવા વર્ષમાં આપણા પ્રથમ પગલાથી ભગવાને આપણને બક્ષેલી સમયની કિંમતી ભેટનો યોગ્ય ઉપયોગ કરીએ. એ રીતે જાત પ્રત્યેની જવાબદારી નિભાવવા સાથે બીજાને માટે જીવન ગાળીને આપણા જીવનને સફળ બનાવીએ. બીજાના જીવનને આનંદમય બનાવીને ખુદ આપણા જીવનને આનંદમય બનાવીએ.

અંગ્રેજી કવિ આલ્ફ્રેડ ટેનિસન કહે છે તેમ, “ઘડિયાળના કાંટાને તમે અટકાવી શકો નહીં. પરંતુ હા, તમે પદ્ધતિસરના આયોજનથી સમયનો મહત્તમ ઉપયોગ કરી શકો. સમયનો મહત્તમ ઉપયોગ કરી જાણે છે તે સફળ છે, સુખી છે.” છેલ્લે, રિચર્ડ બ્રેથહેટની વાત યાદ રાખીએ કે, “સમય અને સમુદ્રની ભરતી કોઈની વાટ નથી જોતાં.” આપણે સમય સાચવીશું તો સમય આપણને સાચવશે, આપણું જીવન આનંદમય બનશે. કારણ, જીવન સમયના સદુપયોગથી સફળ બને છે.

મંથન

# કેવા હોવા જોઈએ તમારા માર્ગદર્શક!

દિવ્યેશ વેકરિયા

તમારી પાસે કામ કરવાની શક્તિ અને સાહસ બંને હશે, પણ બની શકે તમે તેને ઓળખી ના શકતા હો! દરેક પાસે સામર્થ્ય તો છે, પણ તેનો શ્રેષ્ઠ ઉપયોગ કેમ કરવો? સાચો માર્ગદર્શક જ સફળતાની સાચી દિશા ચીંધી શકે છે અને મંઝિલે પહોંચાડી શકે છે.

ઝડપી યુગમાં ડગલે ને પગલે આવતી મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો રસ્તો કોણ બતાવી શકે? તમને જેના પર વિશ્વાસ હોય તે માર્ગદર્શક. તમારી પાસે કાર્ય કરવાની શક્તિ છે અને તે દરેક પાસે હોય જ છે. જરૂર છે માત્ર તેને જગાડવાની. તમારી શક્તિ જગાડનાર તમારા માર્ગદર્શક છે. કુરુક્ષેત્રના યુદ્ધમાં બાણોની વર્ષા વરસાવનાર અર્જુન અજોડ શક્તિશાળી ધનુર્ધર હતા. તેમની બહાદુરી અને વીરતા પર ક્યારેય કોઈ શંકા ના કરી શકે, પણ જો તેને કૃષ્ણ જેવા મહાન માર્ગદર્શક ના મળ્યા હોત તો? આ પૃથ્વી પર ત્યારે શું કોઈ અર્જુન જેવો યોદ્ધો નહોતો? હતો, પણ તેને કૃષ્ણ જેવા પથદર્શક નહોતા મળ્યા. કર્ણમાં કેટલી તાકાત હતી એ આપણે નથી જાણતા?

અર્જુન અને કર્ણની શક્તિ એકસમાન હતી, પણ અર્જુન તેને સિદ્ધ કરી શક્યા. કેમ કે તેની પાસે તત્ત્વચિંતક કૃષ્ણ હતા. પણ કર્ણને તેની શક્તિનું મૂલ્ય સમજાવનાર કોઈ ના મળ્યું. તેમ ધરતી પર દરેકનો જન્મ એક એવી પ્રચંડ શક્તિ સાથે થાય છે જે દુનિયાની ધરોહર બદલી શકે છે, પણ તેનામાં રહેલ સામર્થ્ય તેને કોણ બતાવે? તે બતાવનાર મળે તો તે મામા શકુનિ જેવા ના હોવા જોઈએ. સચિન તેંડુલકર તેની દરેક વાતમાં એમ કહે છે આજે હું જે કંઈ પણ છું તે રમાકાંત આચરેકર સરના કારણે છું. જો તે ના હોત તો હું પણ મુંબઈની ગલીઓમાં લાખો માણસોની વચ્ચે ભટકતો હોત. રમાકાંત આચરેકર કોણ છે? તમારા અને મારા માટે એક સામાન્ય માનવી છે, પણ તેણે એક બાળકમાં રહેલી દૃઢ શક્તિને જગાડી અને પીઠબળ પૂરું પાડ્યું.

### ● આદર - સન્માન :

કોઈ મહાન વ્યક્તિનું નામ સાંભળીએ એટલે આપણને તેના પ્રત્યે માન-સન્માન જાગે છે, પણ હકીકત તો એ છે કે આપણે તેમનો એટલે આદર કરીએ છીએ કેમ કે તેઓ તેમના કામનું સન્માન કરતા હતા. જ્યારે તમે તમારી ટીમના માર્ગદર્શક બનો છો ત્યારે તમારે કેવું બનવું છે એ તમારે નક્કી કરવું પડશે. સારા લોકોને બધા આદર આપે. શું કામ? કેમ કે તેઓ બધાને આદર આપે છે. તમારી ટીમના દરેક સભ્ય સાથે આદરથી વાત કરો, તેની સાથે સન્માનપૂર્વક વર્તન કરો. તેને સમજી લો. પછી તમારે ક્યારેય તેની ચિંતા નહીં કરવી પડે. કેમ કે તમે તેના માટે સન્માનનીય છો. જેમ અનુભવ માણસને શ્રેષ્ઠ બનાવે છે અને શ્રેષ્ઠ માણસો સારા માર્ગદર્શક બની શકે છે. તમારા જીવનમાં બનતી નાની નાની વાતો તમને ઘણો બોધ આપે છે. જો તમે તેમાંથી શીખવાનો પ્રયત્ન કરો તો!

### ● સારા માર્ગદર્શક કોણ બની શકે?

બિઝનેસ વર્લ્ડ જેને પોતાના ગુરુ માને છે તે વોરેન બફેટે એક સુંદર વાત ટાંકતાં કહ્યું હતું, 'તમારા કરતાં તમે જ વધુ સારા બની શકો છો.' તેમનું આ વિધાન જો કોઈ સમજીને તેનું અનુકરણ કરે તો તે જ એક પથ બની જાય. તમારી સ્પર્ધા તમારી સાથે કરો. કેમ કે તમારા જેવા તો તમે એક જ છો, તો તમે અન્ય સાથે તમારી સરખામણી કેમ કરી શકો? બીજા તો તમને જાણતાં પણ નથી. જ્યારે આ ખ્યાલ તમે સ્વીકારી લેશો ત્યારે તમને કોણ રોકી શકે? તમારી આદત એવી કેળવો કે તમારી ટીમ આવે તે પહેલાં તમે કામના સ્થળ પર હાજર રહો. તમે તમારી ટીમને જે સમયપાલનનો કોડ આપ્યો છે તેનું તમે પાલન કરો. ટીમ સામે વક્તા બનવા કરતાં શ્રોતા બનવાનો સતત પ્રયાસ કરો. તમારી ટીમમાં રહેલી ઊર્જા કેમ બહાર લાવવી તે તમારી જવાબદારી છે, તમે તેના કામમાં પૂર્ણ સહયોગ કરશો તો તમારો પ્રયત્ન સફળ થયો એમ માનજો. તમારા નિર્ણયમાં તમે અડગ હોવા જોઈએ, તો જ તમે સારા માર્ગદર્શક બની શકશો. એલ એન્ડ ટી કંપનીના ચેરમેન અનિલ નાયક આજે પણ સવારે ૮.૩૦ કલાકે ઑફિસ પહોંચી જાય છે. જેના ચેરમેન આટલા સમયના અને વચનના પ્રબંધક હોય તેની ટીમ હંમેશાં અગ્રેસર રહે છે. એલ એન્ડ ટીની સફળ ગાથામાં આ વાત ખૂબ મહત્ત્વ ધરાવે છે. જે આટલું કરી શકે તે સહેલાઈથી પોતાના કર્મચારીના માર્ગદર્શક બની શકે છે.

### ● આઈકોન બનો, ફોલોઅર્સ નહીં :

અબજો લોકોની સૃષ્ટિમાં આઈકોન બનવા માટે કંઈક અલગ હોવું જરૂરી છે. કહેવાય છે કે એક ટકા લોકો ઈતિહાસ બનાવે છે અને નવ્વાણું ટકા તેને વાંચે છે. પોતાના વિચારોને અલગ

(અનુસંધાન : જુઓ પાના નં.-33 ઉપર )

વિચાર વિમર્શ

# હું કોણ?

ભાનુબેન એન. સાવલા

'હુ' પ્રશ્નચિહ્નમાં છે અને સતત મનમાં રમ્યા કરે છે કે "હું કોણ?" હું સદેહે ઉપસ્થિત તો છે પણ એ આવ્યો ક્યાંથી? શોધતાં શોધતાં થોડો થોડો જવાબ મને આવડ્યો ને મેં એને અક્ષરદેહ આપ્યો.

બધા હું ને પેદા કરવાની એક જડબેસલાક સિસ્ટમ નિયંતાએ ગોઠવી રાખી છે તેમ માતા-પિતાના સુભગ મિલનથી "હું"ની રચના થઈ. તેમાં એક ત્રીજી વ્યક્તિએ પણ ભાગ લીધો. તે દેવ! જે પળે હું ફલિત થયો તે ક્ષણો કેટલી સુંદર હોય. કેટલા પ્રેમાળ તરંગોનો "ઑરા" રચાયો હોય. ત્યારે "હું"નું સર્જન થયું! નાનીસૂની વાત નથી. આ સર્જનમાં દેવનો કરીશ્મા ભળે. દેવને પણ સક્રિય થવું પડે - એની સક્રિયતા વગર આ ઘટના બને જ નહીં. એ પળો કેટલી દિવ્ય હોય. જેમાં ત્રણ ત્રણ જણના સહકારથી "હું"ની ચાદર ગુંથાતી જાય. શરીરરૂપી આ ચાદરને ગુંથવામાં "હું"નો પોતાનો તો કોઈ ફાળો જ નથી.

"હું" સાવ નાજુક કોમળ અંકુર હતો ત્યારે ઈશ્વરે તેનું સંગોપન કરવા માતાની મજબૂત તિજોરી જેવી કૂખમાં મૂક્યો. ફક્ત મૂક્યો નહીં પણ એને અન્ન, પાણી, રક્ત અને પ્રેમ સતત મળતા રહે તેવી ગોઠવણી પણ કરી. મા "હું" ઉપર ધોધમાર પ્રેમ વરસાવતી રહે તેની અનુભૂતિ ગર્ભમાંથી પણ તેને થતી. આ નિરંતર વહાલનો દરિયો એને મળતો રહ્યો તેનો એ સાહેદ છે.

તિજોરીરૂપી કૂખમાં મૂકી દેવ "હું"ને ભૂલી નહોતો ગયો. "હું"નો તાણોવાણો ગુંથવામાં એ વ્યસ્ત જ હતો. આખા જગતની ધુંસરી પોતાની ખાંધે વહેતો દેવ રોજ-રોજ સૂક્ષ્મ તારોથી "હું"નું વીણકામ પણ કરતો જ રહેતો. એના આંખ, કાન, નાક, નકશી, વાન બધા પણ એવો તાણોવાણો કર્યો કે નવ માસમાં શરીરરૂપી ચાદર તૈયાર થઈ ગઈ. દેવ જેવા દેવને પણ નવ નવ માસ લાગ્યા ત્યારે "હું"નો દેહ બન્યો.

હવે "હું"ને પૃથ્વી પર અવતરવાનો સમય થઈ ગયો હતો. જન્મ લેતાં માતાને પ્રસવ પીડા ભોગવવી પડી હતી. માતાને તો તેની સામે પણ વાંધો નહોતો. "હું"નો જન્મ તે માતાને મન શિખરના કળશ જેટલી ઊંચાઈને પામવાનો આનંદ હતો. માતા-પિતા આનંદમાં હોય અને ઘરમાં પણ ઉત્સવ જેવો માહોલ હોય.

સાફ સુથરા થઈ નવા ઝભલામાં ઢબુરાઈને સૂતેલા "હું"ને ક્યાં ખબર હતી કે આ ઝભલું બનાવવામાં એક ખેડૂતથી લઈને જિનકાર, કાપડ વણનાર અને દરજી જેવા કેટલા કર્મકારોએ પરસેવો પાડ્યો હતો. કપાસથી કાપડ અને અંગ ઢાંકવાનું ઝભલું બનાવવામાં કેટલા બધા કર્મીઓની મદદ મળી હતી. "હું" સાવ નાનકડો એટલે ખાવું, પીવું અને ઢબુરાઈને સૂવું. ખોરાક માટે ખેડૂત પર આધાર. કાચા ધાનમાંથી ખોરાકમાં રૂપાંતર થાય તે માટે કુંભાર, સુથાર, લુહાર, ઈંધણ મેળવી આપતા ખાણિયા કે ગેસ સિલિન્ડર પહોંચાડતા કર્મચારીઓ. બધા મચી પડ્યા હતા અને એમ હું મોટો થઈ રહ્યો હતો.

ત્યારબાદ શાળાઓ, કોલેજો, શિક્ષકો, ગુરુજનો, પુસ્તકો, શાસ્ત્રો, કેટલા બધાની મદદથી "હું" ઘડાયો અને ડિગ્રીધારી બની સમાજ સમક્ષ ઉપસ્થિત થયો અને બોલ્યો, "હું છું."

"ભલા માણસ, તું તો છે જ પણ તારા 'હું'ને ઘડવામાં તારો પોતાનો કેટલો ફાળો? અત્યાર સુધી તો બીજાની મદદથી તું "હું" બન્યો છે, તો હવે તારે જાતને સવાલ પૂછવો જોઈએ કે તું શા માટે છે? તેં કંઈ કર્યું જ નથી છતાં તું છે તો તેની પાછળ કંઈક કારણ તો હશે ને? હવે તું તૈયાર થયો છે તો તારે શું કરવાનું છે?

કર્મવાદ એ તારી ઉપસ્થિતિનું કારણ છે એમ માનીને ચાલીએ તો કર્મની ગતિથી જન્મ મરણની આખી સાંકળ રચાય છે. તને તૈયાર કરવામાં જેનો જેનો ફાળો હતો તે બધાનો તું લેણદાર હતો. એ બધાએ પોતાનું લેણું ચૂકવી દીધું. હવે તારો વારો! તને આવડત હોય તે બધી કલા, તારે બીજાને, સમાજને, પંચમહાભૂતને આપવાની છે. નિર્વ્યાજપણે, નિરહંકારી બનીને, પ્રેમપૂર્વક, માનથી, સમાજને, ધરતીને આપવાનું છે.

હું કરું છું! કે મેં કર્યું છે! તેવું માનવું અને બીજાને ઠસાવવું ભૂલ ભરેલું છે. એમ કહેવાથી કર્મનું સાતત્ય ન રહેતાં તેમાં કેવળ છીછરાપણું આવી જાય. જમણાએ કરેલું ડાબો ન જાણે એ સમજ આવે ત્યારે "હું"નું કાર્ય ખરેખરું ગહન બને.

*વિલેપાર્લે, મુંબઈ. ફોન : ૨૬૨૮૩૬૧૧*

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

Aristo™ STAINLESS STEEL

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

ચિંતન

# ક્યાં છે મારો માણસ?

જગત્ મિત્ર

એક વાર મેં રસ્તે જતા જોયું કે બે-ત્રણ કુરકુરિયાં અને એક-બે મોટાં કૂતરાંને એક માણસ રોટલી નાખતો હતો. કુરકુરિયાં રોટલી ખાતા હોય ત્યારે મોટા કૂતરા ડોક ઊંચી કરીને પોતાને રોટલી ક્યારે નંખાશે તેની રાહ જોતા હતા, પણ કુરકુરિયાંને નંખાયેલું ઝૂંટવી લેતા ન હતા.

કહો, આવી ધીરજ માણસમાં છે? જમણવારોમાં થતી પડાપડી જોઈ ચૂકેલા તમારો જવાબ 'ના' હશે.

સિંહ પણ ભૂખ્યો થાય ત્યારે જ શિકાર પાછળ દોડે છે. સાપની પૂંછડી પર પગ પડે તો જ તે ડંખ મારે છે.

એકવીસમી સદીના અતિ આધુનિક ગણાતા માણસમાંથી ધીરજ, સહિષ્ણુતા, દયા, શાંતિ, સંતોષ વગેરે ક્યાં ખોવાતા જાય છે તેનો જવાબ જડવો મુશ્કેલ થયો છે.

આજે સર્વત્ર જોવા મળે છે કે માણસ અધીરો બની રહ્યો છે. ગાડી-બસમાં ચડવા-ઉતરવામાં ઉતાવળ, જમણવારમાં જલદી જમવાનું મેળવવામાં ઉતાવળ, પડાપડી, અરે, વિમાનમાં પણ ચડવા-ઉતરવામાં ઉતાવળ! મોટેરાઓમાં તો ઠીક, પણ બાળકોમાં પણ ઉતાવળ. ફાસ્ટફૂડ ખાવામાં ફેશન ગણતો આજનો માણસ ફાસ્ટ એક્શન કરતો અને જંકફૂડ ખાતો કોમ્પ્યુટર યુગનો માણસ જલદી જાડો થતો જોવા મળે છે.

કોઈ મુશ્કેલ પરિસ્થિતિ આવી પડે ત્યારે આજનો માણસ ઘાંઘો થઈને બૂમાબૂમ કે દોડાદોડી કરી મૂકે છે. માણસમાંથી સહનશક્તિ અને ધીરજ ક્યાં ખોવાઈ ગયા? આજે કોઈપણ ધાર્મિક અનુયાયી કોઈપણ નાનકડી વાતમાં પણ આક્રોશિત થઈ જાય છે. વાતેવાતે ધાર્મિક લાગણી દુભાઈ જતી જોવા મળે છે. વાતેવાતે બધે ધાર્મિક ડખલગીરી થાય છે તેવી બૂમરાણ સાંભળવા મળે છે. સોયની અણી જેટલું પણ કોઈ જતું કરવા તૈયાર નથી! અરે ભાઈ, આવડા મોટા દેશમાં જ્યારે વિવિધ ધર્મો પળાય છે, ત્યારે ક્યાંક ને ક્યાંક નાનું મોટું ઘર્ષણ તો થવાનું જ. ત્યારે થોડી ધીરજ ધરીને, સહનશક્તિ દાખવીને ખુલ્લા દિલે સમાધાન કરવું એ જ ધર્મપાલન અને સાચી માણસાઈ ગણાશે. તો જ આપણે સાચા ભારતીયો ગણાઈશું. એક જ ઘરમાં રહેતા ચાર-પાંચ ભાઈઓ વચ્ચે મતભેદ તો રહેશે જ, પણ મનભેદ ના રહેવા જોઈએ. વાતેવાતે એકબીજાના ખૂન કરવા ના ઉતરી પડાય. સર્વધર્મસમભાવ અને બંધુત્વ કેળવીશું તો જ આપણે અખંડિત અને આઝાદ રહી શકીશું. હું તો કહું છું કે આવા ઘર્ષણ વખતે રાજકીય-ધાર્મિક-બૌદ્ધિક વર્ગે આગળ આવીને બળતામાં ઘી હોમવાને બદલે સમાધાનના માર્ગો શોધવા જોઈએ.

ક્યાંય સમાચારપત્રમાં વાંચ્યું હતું કે માત્ર દસ રૂપિયા માટે ખૂન થઈ ગયું! હાથલારીમાં ખાણીપીણીનો ધંધો કરતા માણસે મફતમાં નાસ્તો ના કરાવતા તેની હત્યા કરી નાખવામાં આવી! વર્તમાનપત્રોનો મોટો ભાગ ખૂન, લૂંટફાટ, બળાત્કાર, છેતરપિંડી વગેરેના સમાચારો રોકી લેતા જોવા મળે છે.

આજથી ૨૫-૩૦ વર્ષ પહેલાં 'ગેંગરેપ' શબ્દ કોઈએ સાંભળ્યો પણ ન હતો, જ્યારે આજે છાશવારે ગેંગરેપ શબ્દ સાકાર થયેલો ઠેર ઠેર જોવા મળે છે! માણસમાં આટલી કામુકતા અને જાતીય પ્રબળતા કેમ ઉથલા મારી રહી છે? આ માટે કયા તત્ત્વો, કઈ પરિસ્થિતિઓ અને કેવા ખાણી-પીણી અને રહેણીકરણી જવાબદાર છે, એ શોધવાની અને એને ડામવાની તાતી જરૂર છે. કાયદાઓ પણ કડક બનાવવા પડશે. સામાન્ય લોકો તો ઠીક પણ ધાર્મિક ગણાતા લોકો દ્વારા પણ બળાત્કારો - વ્યભિચારો થાય ત્યારે મહાપ્રલય થયેલો ગણાવો જોઈએ. પૃથ્વી પર પ્રલયો સર્જાશે તેવી આગાહીઓ થતી આવી છે. તે શું આવા જ સ્વરૂપની હશે?

આજે માણસ જેમ જેમ સુધરતો જાય છે, તેમ તેમ તે બીજાનું અણહકનું પડાવી લેતો જાય છે. એમ કરે એ જ બુદ્ધિમાન ગણાવા લાગ્યો છે અને એ જ મોટું દુર્ભાગ્ય પણ છે. ઈર્ષ્યા, અદેખાઈ, અન્યાય અને અનીતિ વગેરે હવે રોકેટ ગતિએ વધવા લાગ્યા છે. તો પછી વિપુલ માત્રામાં યોજાતી ધર્મકથાઓ, પગપાળા તીર્થાટનો, ઠેર ઠેર બંધાતા ધાર્મિક સ્થાનો, મોટા મોટા વિશ્વવિદ્યાલયો એ બધાને સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય કરનારી વ્યર્થ પ્રવૃત્તિઓ જ ગણવી પડશે ને?

મારી અલ્પમતિ પ્રમાણે કહેવાનું મન થાય છે કે માણસ દયા, પ્રેમ, સહિષ્ણુતા, સંપ, સંતોષ, ધીરજ, ઉદારતા, ક્ષમા, શાંતિ, નિર્મોહતા જેવા આધ્યાત્મિક ગુણોને ભૂલીને લોભ, ક્રોધ, મોહ, વિષયવાસના, વ્યસન, ઉતાવળ, અનીતિ અને અન્યાય જેવા દુર્ગુણો શીખવતા ભૌતિકવાદની પૂંઠે પડ્યા છે તે કારણે જ આવી સમસ્યાઓ ઉદ્‌ભવી છે.

આ સમયે કવિપંક્તિઓ યાદ આવે છે : "દીવો લઈને શોધું હું તો ક્યાં છે મારો માણસ? કોઈ બતાવો, ક્યાં છે મારો માણસ?"

હવે એ સમય આવી ગયો છે કે આ સમસ્યાઓના નિવારણ માટે યુદ્ધના ધોરણે કામ લેવામાં આવે.

*હસ્નાપુર, ફલુ, તા. વિજાપુર,*
*જિ. મહેસાણા-૩૮૨ ૮૭૦.*

સમાજ ચિંતન

## સંબંધોના સથવારે

# સમસ્યા સૌની

ઇલા કે. શાહ

ભર્યાભાદર્યા, બહોળા કુટુંબમાં રહેતા વસુકાકા કોઈપણ પરિસ્થિતિમાં મુખ પર ગ્લાનિનાં ભાવ આવવા દેતા નથી. ક્યારે પણ તેમને મળો કે જુઓ તેઓ પ્રસન્નતાનાં ભાવ સાથે જ ફરતા દેખાશે.

વસુકાકા તેમના મિત્ર મંડળમાં હોય કે પછી પાડોશીને ત્યાં, કદી પણ દુઃખના રોદણાં રડતાં નિહાળ્યા નથી.

તેઓને ભીષણ મોંઘવારીની ભીંસમાં રહેવાનું અને કમાવાનું કોઇપણ સાધન નથી. તેમણે એક દિવસ દીકરાને કહ્યું, 'દીકરા, તું એન્જિનિયર થયો પણ ક્યાંય નોકરી મળતી નથી, તો બીજું કોઈ નાનું મોટું કામ શોધી લે ને?'

દીકરાએ કહ્યું, 'બાપુજી, પ્રયત્ન તો ચાલુ જ છે. કેટલી જગ્યાએ ઈન્ટરવ્યુ આપ્યાં પણ ક્યાંય સફળતા મળતી નથી, શું કરું?'

'જો દીકરા, કાલે મારા મિત્ર વિક્રમભાઈને ત્યાં જઈ આવજે, કદાચ મેળ પડી જશે.'

'સારું, જઈ આવીશ.' દીકરાએ કહ્યું. બીજે દિવસે કહ્યા મુજબ તે નીકળ્યો પણ કમનસીબે તેને એક્સિડન્ટ થયો. તેના એક પગમાં ફ્રેક્ચર થઈ ગયું. ડૉક્ટરે છ માસનો આરામ ફરમાવ્યો. આ તો બળતામાં ઘી હોમાયું તેવી વાત થઈ. હવે શું કરવાનું?

પરંતુ વસુકાકા તો યથાવત્ જ રહ્યાં. તેમના મિત્ર વાડીકાકાને આ વાતની જાણ થઈ. તેથી ખબર પૂછવા આવ્યા. તેમને એમ હતું તે વાતાવરણ ગમગીન હશે. સૌ ચિંતાથી ઘેરાઈને બેઠાં હશે. પણ ઉલટું જ જોવાયું. વસુકાકાના ચહેરા પર સ્મિતની લકીરો દોરાયેલી હતી.

તુરત જ પ્રશ્ન કર્યો, 'વસુભાઈ, આટલી મોંઘવારીમાં કમાણી નથી ને ઉપાધિનો પાર નથી તો પણ તમે ઉદાસ નથી કે રોદણાં પણ રડતાં નથી? તો કારણ શું?'

'અરે, લે કર વાત. એમાં દુઃખી થવા જેવી શી વાત બની છે? મારો દીકરો બચી ગયો તે આનંદની વાત નથી? છ મહિનામાં તો પાછો બેઠો થઈ જશે.' વસુકાકા બોલ્યા.

'વાહ ભાઈ, કહેવું પડે!'

'ભાઈ, શા માટે નાહકના દુઃખી થવું? જે વસ્તુ ક્ષણભંગુર છે, જે વસ્તુ અસ્થિર છે તેનો શોક શા માટે કરવો? તમે દિલગીરી વ્યક્ત કરો એટલે અમે બધા પાછાં દુઃખી થઈ જઈએ. પણ તેનાં કરતાં પ્રભુએ અન્ય આનંદના પ્રસંગો પ્રદાન કર્યા છે તેનું સ્મરણ શા માટે ન કરીએ?' માત્ર ઈશ્વરને જ યાદ કરવા જોઈએ. દુનિયા દુઃખના સમયે એ અસર દિલગીરીમાં વ્યક્ત કરી ચાલી જશે, જ્યારે પ્રભુ હંમેશનો સંબંધ રાખી સાથે રહેશે. એનાં નિઃસ્વાર્થ સંબંધનો સથવારો મળી રહે પછી શું જોવાનું? ખરું ને? વસુકાકાએ સમજાવ્યું.

ઓ...હો...! તમે તો ફિલસૂફીની વાતોની ઝડી વરસાવી. બાકી આ મોંઘવારીમાં કઈ રીતે જીવાય?

'આપણે અસહ્ય મોંઘવારી સામે લડત લડવી જોઈએ. તેને નાથવાના પ્રયત્ન કરવા જોઈએ. આજે આ મોંઘુ થયું, કાલે પેલું, આજે દૂધના ભાવો તો કાલે શાકનાં ભાવ વધે, તો સરકારને ગાળો દેવાથી કાંઈ વળવાનું છે ખરું? હાય હાય! આવી કારમી મોંઘવારીમાં કઈ રીતે જીવાય? એવાં રોદણાં રડવાથી શું ફાયદો થશે? આવી પરિસ્થિતિમાં ગુસ્સે થયા વગર, પ્રસન્ન ચિત્ત રાખી, હળવાશથી પ્રશ્નને ઉકેલવા જોઈએ.' વસુકાકાએ સમજ આપી.

'તમે તો શૂન્યમાંથી સર્જન કર્યું છે તે હું ક્યાં નથી જાણતો?' વાડીકાકા બોલ્યા.

'હા ભાઈ, તે દિવસો પણ ગયા. આ મારા દીકરા જેટલો હતો ત્યારે નાના-મોટાં કેટલાયે કામો કરતો. એક સાંધતા તેર તૂટે તેવી પરિસ્થિતિ હતી. પેપરો (છાપાં) વેચનારો ફેરિયો બનેલો. સવારે વહેલો ઊઠી સાઇકલ પર દરેકનાં ઘરે ટાઇમસર પેપર પહોંચાડતો. પેપરનું કામ પતે એટલે કેટલાંય પરિવારોમાં શાકભાજી પહોંચાડતો. વળી તે દરમ્યાન મળતાં સમયમાં નાનાં બાળકોને સ્કૂલે પહોંચાડવાનો અને એમ કરી થોડી આવક ઊભી કરી હું કુટુંબમાં મદદરૂપ થતો.' વસુકાકાએ પહેલાંની વાતો પર પ્રકાશ પાડ્યો.

'આજકાલ નાના-મોટા ફાલતું કામ કરવાની આજના યુવાનવર્ગની હા હોતી નથી. તેઓ શરમ અનુભવે છે.' વાડીકાકા બોલ્યા.

'એમાં શરમ શાની? પૂ. ગાંધીબાપુ શ્રમનું ગૌરવ સૌને સમજાવતાં. તેઓ દરેક કામ જાતે કરતા. ટોઇલેટ - બાથરૂમ પણ જાતે સાફ કરતા. રાષ્ટ્રપિતા જો કામ કરવામાં શરમ ન અનુભવે તો આપણે વળી કોણ?' વસુકાકાએ કહ્યું.

'અરે, ગયા અઠવાડિયે મારા ઘર પાસેથી એક વૃદ્ધ માણસ પસાર થતો હતો. અમારા ફ્લેટ પાસે પાર્ક કરેલી ગાડીઓ સામે જોયા કરતો હતો.

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૬ ઉપર )

પંચતંત્ર

# અનુભવ

રાજન પટણી

રામનગરમાં ગુણીલાલ નામનો એક વેપારી રહેતો હતો. તેણે દુકાનમાં ખૂબ વેપાર કર્યો. ખૂબ ધન પણ કમાઈ લીધું. તેને ચાર દીકરા હતા. ધીરસિંહ...રામસિંહ, વિજયસિંહ અને ચોથો વિનયસિંહ.

ગુણીલાલના આ ચારે દીકરાને પિતાના વેપારમાં કોઈ રસ નહોતો. ત્રણ મોટાભાઈ તો કામચોર પણ હતા. કદી કામમાં પિતાને મદદ કરતા નહીં. સૌથી નાનો પુત્ર વિનયસિંહ બહુ નેક, ભોળો અને આજ્ઞાકારી હોવાને કારણે પિતાની સાથે જ રહેતો હતો. પરંતુ વેપારના દાવ-પેચ તે જાણતો નહોતો.

ગુણીલાલ હવે ઘરડો થઈ ગયો હતો. તેથી વેપાર ધંધો પુત્રો પર છોડીને તે પૂજા પાઠમાં લાગી ગયો.

વિનયસિંહ તો પિતાની સેવા કરવામાં અને હરવા ફરવામાં જ રહેતો હતો. જેમતેમ વેપાર ત્રણે ભાઈઓએ સંભાળી લીધો, પરંતુ તેમના આળસને કારણે વેપારમાં હવે પહેલાં જેવી કમાણી થતી નહોતી. નુકસાન થતું તો તે એક-બીજાનો વાંક કાઢતા. ઘરમાં તેમની પત્નીઓ પણ અંદરો-અંદર ઝઘડતી રહેતી.

ગુણીલાલ જાણી-બુઝીને આ બધી વાતોથી દૂર દૂર જ રહેતો હતો. ધીમે-ધીમે તે બીમાર રહેવા લાગ્યો હતો. તેના ત્રણે મોટા દીકરા તેનું જરા પણ ધ્યાન રાખતા નહોતા. વિનયસિંહ જ પિતાની સેવા કરતો હતો.

એક વાર ગુણીલાલ ખૂબ જ બીમાર થઈ ગયો. વિનયસિંહ પિતાના માટે બાજુના શહેરમાંથી દવા લેવા ગયો.

તેની પાછળ ત્રણે ભાઈઓએ નિર્ણય કર્યો, 'હવે આપણે જુદા પડી જઈએ છીએ અને પોત-પોતાના ભાગનો વેપાર સંભાળીશું.'

અને તેમણે પંચોને બોલાવ્યા. ખોટેખોટી પિતાની સંમતિની વાત કહીને બધી મિલ્કત ત્રણ ભાગમાં વહેંચવાનું કહ્યું.

ત્યારે પંચના માણસો આશ્ચર્ય પામીને બોલ્યા, 'તમે તો ચાર ભાઈ છો પછી ત્રણ ભાગ શા માટે?'

'વિનયસિંહને વેપારમાં કોઈ જ લેવા-દેવા નથી.' મોટો ભાઈ ધીરસિંહ બોલ્યો, 'આખા ઘરમાં તેને બસ પિતાજીથી જ મતલબ છે તે માટે તેના હિસ્સામાં પિતાજી જ લખી નાખો.'

ગુણીલાલ ચૂપચાપ આ બધું સાંભળી રહ્યો હતો. આ ત્રણે હવે મારાથી પીછો છોડાવા માગે છે. આ વિનયના ભોળપણનો ફાયદો ઉઠાવી રહ્યા છે.

પંચ નવાઈમાં ડૂબી ગયું. ભાગલાના સમયે પિતાને પણ મિલકતની સાથે વહેંચવા માટે મૂકવો. આવું કદી તેમણે જોયું નહોતું. પરંતુ ગુણીલાલે તેમને ઈશારો કરી દીધો હતો તેથી તે ચૂપ જ રહ્યા.

જ્યારે વિનયસિંહ દવા લઈને પાછો આવ્યો તો ધીરસિંહ બોલ્યો : 'વિનય! બધી મિલકતનો અમે ભાગ પાડી લીધો છે.' તારા ભાગમાં પિતાજી આવ્યા છે. હવે હવેલી અને ધનદોલત પર તારો કોઈ અધિકાર નથી. તું પિતાજીને લઈને ચીકુના બગીચાવાળા ઘરમાં ચાલ્યો જા, તારો હિસ્સો તે જ છે.

'મોટાભાઈ...! આપે આ ઠીક કર્યું, જે મારા ભાગમાં પિતાજીને આપી દીધા. તે જ મારા માટે તો મૂલ્યવાન છે.'

વિનયસિંહ તેના પિતા ગુણીલાલની સાથે બગીચાવાળા ઘરમાં રહેવા ચાલ્યો ગયો. આ બે ઓરડીનું ઘર ગુણીલાલે તેના નોકરના માટે બનાવ્યું હતું.

વિનયસિંહ હવે બગીચામાંથી ચીકુ તોડીને તેને શહેરમાં વેચવા જતો. જે પૈસા મળતા તેમાં પોતાનું અને પિતાનું પેટ ભરતો.

એક દિવસ ગુણીલાલે પોતાના ગળામાંથી સોનાનો દોરો ઉતારીને વિનયસિંહને આપી દીધો અને કહ્યું, 'બેટા આને વેચી આવ.'

'શા માટે પિતાજી?'

'મારી ઈચ્છા પ્રમાણે કર.'

વિનયસિંહે સોનાનો હાર વેચીને તેના પિતાજીને આપી દીધા.

ગુણીલાલ બોલ્યો, 'બેટા! આ પૈસામાંથી જેટલા ચણા ખરીદી શકાય તેટલા ખરીદી લે. તે મંડીમાં ગયો અને ચાણીની ગુણો ખરીદવા લાગ્યો. તે સમયે ચણાનો ભાવ મંદો રહ્યો હતો. ત્રણે મોટાભાઈ પણ મંડીમાં જ હતા.'

વિનયસિંહને ચણા ખરીદતો જોઈને તે તેની મશ્કરી કરવા લાગ્યા. ત્રણે ભાઈ મંડીમાં ચોખા ખરીદી રહ્યા હતા, કેમ કે ચોખાના ભાવ વધી રહ્યા હતા.

ગુણીલાલે વેપારમાં ફરી રસ લેવા માંડ્યો. તેને ખબર હતી કે નજીકના ભવિષ્યમાં ચણા તેજ અને ચોખા મંદા થવાના છે.

અને થયું પણ એમ જ.

ચણાના ભાવ એકાએક ખૂબ વધી ગયા. પાક સારો થવાથી મંડીમાં ચોખાની નવી ફસલ આવી ગઈ. જેનાથી ચોખાના ભાવ ગગડીને નીચે આવી ગયા.

ગુણીલાલે વિનયસિંહને ચણા વેચવાનું કહ્યું. આ સોદામાં વિનયસિંહને ત્રણ ગણો ફાયદો થયો.

ત્યાં ત્રણે ભાઈઓની ચોખામાં રોકેલી ભારે રકમ નુકસાનમાં આવી ગઈ હતી.

ગુણીલાલ વિનયસિંહને જ્યાં પૈસા રોકવાનું કહેતો ત્યાં જ મૂડી રોકાણ કરતો, તેનાથી તે ખૂબ જ નફો કમાતો. બજારમાં ગુણીલાલની શાખ હતી તેથી વિનયસિંહનો વેપાર વધતો ગયો. તેના પિતાની વેપારી સૂઝ-બૂઝ તેને રસ્તો બતાવી રહી હતી.

ત્રણે ભાઈ નકામા અને આળસુ તો હતા જ. તેમનામાં વેપારી બુદ્ધિની પણ ખોટ હતી. તે જ્યાં પૈસા રોકતા ત્યાં જ નુકસાન ખાતા હતા. બે-ત્રણ વર્ષોમાં તે બધો વેપાર ચોપટ કરીને બેસી ગયા.

આ બાજુ વિનયસિંહની સાથે પિતાનો અનુભવ તથા આશીર્વાદ હતા. તે સાથે તેની ઈમાનદારીના કારણે તે સૌનો માનીતો થઈ ગયો હતો.

ગુણીલાલ પથારીમાં પડ્યા પડ્યા જ તેને સલાહ આપ્યા કરતો હતો. ટૂંક સયમાં જ વિનયસિંહની ગણતરી પ્રખ્યાત વેપારીઓમાં થવા લાગી.

વેપાર નષ્ટ થઈ ગયા પછી ત્રણે ભાઈઓને ખબર પડી કે વેપારમાં અનુભવ અને દાવપેચ ધન દોલત કરતાં વધીને છે. તેમને પોતાની ભૂલ સમજાઈ ગઈ.

જે પિતાને તેમણે નકામો અને ઘરડો સમજીને ઘરમાંથી કાઢી મૂક્યો હતો, તેની જ બુદ્ધિથી વિનયસિંહે અઢળક ધનની કમાણી કરી હતી. હવે તેમને પિતાના અનુભવનું મૂલ્ય સમજાયું તો તે ગુણીલાલને લેવા માટે આવ્યા.

ત્યારે ગુણીલાલે કહ્યું, 'કહો, મારી યાદ કેમ આવી ગઈ? હું તો તે જ છું નકામો-ઘરડો, પછી હવે મને શા માટે લેવા આવ્યા છો?'

'પિતાજી! અમે મૂર્ખ હતા. આ વાત ભૂલી ગયા હતા કે મા-બાપ કદી ઘરડાં નથી થતાં. દરેક કામમાં અનુભવ બહુ જરૂરી છે, આપ અમને માફ કરી દો.'

ગુણીલાલે તેમને માફ કર્યા. પણ તેમની સાથે ગયો નહીં.

ત્રણે ભાઈ હાથ મસળતા એક જ વાત વિચારતા રહી ગયા હતા કે પિતાજીનો ભાગ પાડીને તેમણે નુકસાનનો વેપાર કર્યો હતો, પરંતુ હવે ભલા શું થઈ શકે તેમ હતું?

તે નિરાશ થઈને ત્યાંથી પાછા ફર્યા. ■

## સંબંધોના સથવારે : સમસ્યા સૌની

(અનુસંધાન : પાના નં.-૪૪ ઉપરથી ચાલુ )

મેં પૂછ્યું કે ગાડી ગમી ગઈ કે શું? ત્યારે તે વૃધ્ધે આંખમાં આંસુ સાથે કહ્યું, 'ભાઈ, વાંધો ન હોય તો આ ગાડી ધોઈને સાફ કરી આપું. આવી મોટર અમારા નસીબમાં ક્યાંથી હોય?' વાડીકાકા વાત કરતા હતા. પછી મેં પૂછ્યું એટલે કે વાડીકાકાએ પેલા ભાઈને પૂછ્યું કે તમારા ઘેર દીકરા નથી? તમે આવાં કામ શા માટે કરો છો? ત્યારે તેણે જવાબ આપ્યો કે જ્યારે મંદીનું મોજું ફરી વળ્યું ત્યારથી શરૂઆત થઈ. અમારી કંપનીના કર્મચારીઓને છૂટા કરવા માંડ્યા. મારી પણ નોકરી ગઈ. ત્રણ સંતાનોનો પિતા હોવા છતાં કારમી મોંઘવારીને પહોંચી વળવા અમે સહપરિવાર કોઈપણ નાના-મોટાં કામ કરી જીવન નિર્વાહ માટે પ્રયત્ન કરી લઈએ છીએ.

તેનો જવાબ સાંભળી મને આપણી સમસ્યાનો ઉકેલ જડી ગયો. તેને મેં ગાડી ધોવાનું કામ સોંપ્યું. ને વળી પાછી પૂછ્યું કે તમને આમાંથી પૂરતાં પૈસા ન મળે તો શું કરો? તેણે હસતાં જ જવાબ આપ્યો કે આ સમસ્યાથી મારા દીકરાઓને શ્રમ અને પૈસાનું મૂલ્ય સમજાયું છે અને મને કુટુંબ સાથે સમય વ્યતીત કરી, સાથે કામ કરવાનો મોકો મળ્યો છે. સાથે કામ કરી આનંદથી નવું શિક્ષણ પ્રાપ્ત કરવા મળે છે.

તેણે કહ્યું કે હું નસીબદાર માણસ છું મારે કોઈની સાથે સોદાબાજી કરવી પડતી નથી. અને તેણે મહેનતથી વધુ પૈસાની રકમ ન સ્વીકારીને હસતા વદને ચાલ્યો ગયો.

વાડીકાકાની વાત પૂરી થઈ અને તુરત જ વસુકાકા બોલ્યા, હું મારા દીકરાને એ જ સમજાવું છું કે કોઈપણ કામ કરવામાં નાનમ અનુભવવી નહીં. એન્જિનિયર થયો હોવા છતાં ક્યાંય નોકરી નથી, પણ રાહ થોડી જોવાય? આવા નાના-મોટાં કામ કરી લેવામાં. મારી તબિયત સારી છે તો સીઝનલ ધંધા કરીને તેને મદદમાં લઈશ. કેરીની સીઝનમાં કેરી, અથાણા, વળી મસાલા વગેરેનો નાના પાયે ઉદ્યોગ કરીશ. મને લાગે છે કે તમે જે વાત કરી, જે સત્ય ઘટના કહી તે પ્રમાણે તેવા માણસો સાથે સંબંધ રાખવા જેવો છે.'

વસુકાકાનો દીકરો આ વાતો પલંગ પર સૂતાં સૂતાં સાંભળતો હતો. તેનામાં નવું જોમ આવ્યું. તે બોલ્યો, 'બાપુજી, નોકરી નહીં મળે તો હું જરૂર આ રીતે કામ કરી આપને મદદરૂપ થઈશ. પ્રયત્નો ચાલુ રાખીશ. આ મારો મિત્ર હમણાં ખૂબ ઠંડી પડી ત્યારે ગરમ કપડાંનું વેચાણ કરી આવ્યો. સારો નફો મેળવ્યો. તમારાં વિચારો સરસ છે. સમસ્યાઓથી નાસીપાસ નહીં થવાનું, પણ તેની સામે પડકાર ફેંકવાનો, ખરું ને?'

'શાબાશ, દીકરા! ઉંચી ઈમારત જેવો મહેલ જોઈ આપણી ઝુંપડી તોડી ન નંખાય. હમ કિસી સે કમ નહીં એમ કહી કાયર બન્યા વગર, ડર્યા વગર, શરમ અનુભવ્યા વગર કોઈપણ નાના-મોટાં કામ કરવા તૈયાર થઈ જજે.' વસુકાકા ખુશ થયા. વાડીકાકા પરિસ્થિતિને પામી ગયા. ■

લઘુ કથા

# એક નાનકડી વાત

ડૉ. સુધીર ચી. મોદી

એક નાનકડી વાત જીવનનું સંભારણું બની જાય છે. તે યાદ આવતાં, જીવન જીવવાની ફિલસૂફી સમજાઈ ગયેલી લાગે છે.

આજથી લગભગ ૧૭ વર્ષ પહેલાંની વાત છે. અમે બધા અમારા મિત્ર રમાકાંતભાઈને ત્યાં ભેગા થયા હતા. રમાકાંતભાઈ જૈન કુટુંબના. કુટુંબના બધા સભ્યોએ જૈન ધર્મ જીવનમાં ઉતારેલો લાગે. કુટુંબનો કાપડનો બિઝનેસ. પરંતુ રમાકાંતભાઈ સિવિલ એન્જિનિયર થયેલા. તેથી કન્સ્ટ્રક્શનનું પોતાનું આગવું કામ કરતા હતા. તેમનો ગૌરવર્ણ, મોટું કપાળ, સરસ નાક અને સપ્રમાણ શરીર પર શાંત ચહેરો આગવી છાપ ઊભી કરે. તેમના ચહેરા પર ઉદ્વેગ કે કપાળ પર કરચલીઓ જોવા ના મળે. પર્યુષણ પૂરાં થાય ત્યારે પારણા કરવા સવારે બધા મિત્રોને કુટુંબ સાથે બોલાવે. તેમના ઘરમાં પારણાં અમારા બધા માટે પણ ઉત્સવ બની જાય. તેમને ઘણા વર્ષોથી ડાયાબિટીસ હતો. અમુક રોગ વારસામાં આવતા હોય છે, તે પ્રમાણે આ ડાયાબિટીસ પણ તેમને હતો. ડાયાબિટીસના કારણે આંખના પડદા પર અસર થવા લાગી હતી તેમજ બંને કિડની બગડવા લાગી.

તે દિવસે અમે બધા બેઠા હતા અને એક ભાઈ મળવા આવ્યા. તેને મીઠો આવકાર આપ્યો અને તે ભાઈની સાથે સરસ રીતે વાત કરી. તેની બધી વાત શાંતિથી સાંભળી અને કહ્યું પણ ખરું કે ચિંતા ના કરશો, બધું બરોબર થઈ જશે. તેમના ગયા બાદ એક મિત્રે કહ્યું : રમાકાંતભાઈ, તમે તો ખરા છો! ગયા વર્ષે આ જ ભાઈ તમારી સાથે કેટલું ખરાબ વર્તન કરી ગયા હતા તેમજ જેમ તેમ બોલી ગયા હતા. છતાં પણ આજે તમે તેમની સાથે આટલી સારી રીતે વાત કરી. તમારી જગ્યાએ હું હોઉં તો આવું ના કરી શકું. રમાકાંતભાઈ બોલ્યા : જુઓ, તે સમયે તેના સંજોગો ખરાબ હશે એટલે અકળાઈને તેવું વર્તન કર્યું હશે. તે વ્યક્તિ કાયમ ખરાબ હોય તેમ આપણે કેમ માની લેવું? તેના માટે કાયમ ખરાબ વિચારવું ના જોઈએ. ખરું ને!

આ નાનકડી વાતમાં આ માણસે જીવનની કેવી સુંદર ફિલસૂફી સમજાવી દીધી. તે તો ખરું પણ તે પ્રમાણે પોતે જીવન જીવે છે પણ ખરા! મને તુરત જ વિચાર આવ્યો કે ગાદીપતિ મહારાજોના પ્રવચનો સાંભળવા કરતાં આવા માણસનો સત્સંગ કરીએ તો જરૂર જીવનમાં કાંઈક પામીએ.

પૂ. શ્રી મોટાએ રચેલી આરતીની પંક્તિઓ યાદ આવી :

*"સર્વે મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ*
*છો અપમાન થયાં હો, ત્યાંયે ભાવ બઢો."*

---

## સ્વાઇન ફ્લુ

**(અનુસંધાન : પાના નં.-૪૮ ઉપરથી ચાલુ )**

છે. તેનો ચેપ રોગી પાસેથી તેની ખાંસી અને છીંકના માધ્યમ દ્વારા અન્ય તંદુરસ્ત વ્યક્તિઓને ફેલાતો હોય છે. સ્વાઇન ફ્લુ ડુક્કરનું માંસ ખાવાથી થતો નથી. રોગના શરૂઆતનાં પાંચ દિવસના ગાળા દરમ્યાન દર્દીનો ચેપ અન્ય વ્યક્તિઓને ફેલાવાનો સંભવ સૌથી વધારે રહે છે.

સ્વાઇન ફ્લુ શરદીના વિષાણુઓ ઘરના રાચરચીલા ઉપરાંત ટેલિફોન, નળની ચકલી, બારી-બારણાનાં હાથા, કોમ્પ્યુટરના કી-બોર્ડ સહિત ઘર અને ઑફિસ સહિત ઠેકઠેકાણે બાઝેલા હોય છે, ત્યારે ધ્યાન રાખી હાથની સફાઈ રાખવી. સ્વાઇન ફ્લુનો ઉપદ્રવ ચાલતો હોય ત્યારે એકાએક તાવ, ખાંસી અને સ્નાયુમાં કળતર થવા જેવા સંભવિત ચિહ્નો ધરાવનાર દર્દીઓને પોતાના કામકાજનાં સ્થળ અને જાહેર માધ્યમોથી દૂર રહેવું હિતાવહ છે. આવા લક્ષણો ધરાવનાર દર્દીઓએ ડૉક્ટરને મળીને પોતાનાં રોગનું વેળાસર નિદાન કરાવવાનો આગ્રહ રાખવો જોઈએ. રોગના ઉપદ્રવ દરમ્યાન જાહેર સમારંભો અને ભીડથી દૂર રહેવાનો વિકલ્પ પણ અપનાવવો જોઈએ. કેન્દ્ર સરકાર આ રોગ માટે અમેરિકા પાસેથી ૫૦૦૦ રસી ઉપલબ્ધ કરી શકી છે અને બીજી ૧૦૦૦ રસીનો ઓર્ડર આપેલ છે.

*('આપણું સ્વાસ્થ્ય' મેગેઝીન જૂન-૨૦૦૯ના અંકમાંથી)*

*એ-૬૦૧, 'સમૃદ્ધિ', માર્વે રોડ,*
*મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૪.*

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

સ્વાસ્થ્ય

# સ્વાઇન ફ્લુ

વલ્લભજી હીરજી 'કેવલ'

માણસજાતને કેટલાક રોગોની ભેટ પ્રાણી અને પક્ષીઓના જગત પાસેથી મળતી હોય છે. આવા રોગોને તબીબી ભાષામાં ઝુનોસિસ કહેવામાં આવે છે. સ્વાઇન ફ્લુ આ પ્રકારના રોગોમાંથી જ એક છે. એને સ્વાઇન ઇન્ફ્લુએન્ઝા અથવા હૉગ ફ્લુ અથવા પિગ ફ્લુ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ રોગ સ્વાઇન ઇન્ફ્લુએન્ઝા વાઇરસ (SIV) નામથી ઓળખાતા અમુક વિષાણુઓથી થાય છે. તે સામાન્ય રીતે ડુક્કરોને અસર કરતા હોય છે. યુનાઇટેડ સ્ટેટ્સના અમુક પ્રાંતો ઉપરાંત મેક્સિકો, દક્ષિણ અમેરિકા, ઇંગ્લેન્ડ, સ્વીડન, ઇટાલી, ચીન, જાપાન, કેન્યા અને એશિયાના અમુક દેશોમાં સ્વાઇન ફ્લુ અવારનવાર ઉપદ્રવના રૂપમાં માથું ઊંચકતો હોય છે. હાલમાં જ તેના કેસો મેક્સિકો અને દુનિયાના ૧૭૮ દેશોમાં જોવા મળ્યા છે. જેણે તબીબોની ઊંઘ હરામ કરી દીધી છે. ઇ.સ. ૧૯૧૮થી આજ સુધીમાં તેના લગભગ ૫૦ જેટલા ઉપદ્રવો નોંધવામાં આવેલા છે. સ્વાઇન ફ્લુના લક્ષણો ફ્લુની અન્ય બીમારી જેવાં જ હોય છે.

હમણાં સ્વાઇન ફ્લુનો જે ઉપદ્રવ નોંધાયો છે તે ઇન્ફ્લુએન્ઝા એ વાઇરસનો એક પેટા પ્રકાર એચ વન એન વન (H1N1) નામથી ઓળખાય છે. આ વાઇરસ સ્વાઇન ઇન્ફ્લુએન્ઝાના સામાન્ય વાઇરસને ઘણા મળતા આવે છે.

- **ઇન્ફ્લુએન્ઝા વાઇરસ :**

ઇન્ફ્લુએન્ઝા એ શરદી - ખાંસીનો એક ચેપ છે જે આપણા ઉપલા શ્વસનતંત્રના અવયવોને અસર કરતો હોય છે. આ વાઇરસના ત્રણ પ્રકારો છે. પહેલા બે પ્રકારો સામાન્ય રીતે ડુક્કરોને અસર કરતાં જોવા મળ્યા છે. ઇન્ફ્લુએન્ઝા વાઇરસના ઘણા પેટા પ્રકારો છે, જે આવી રીતે ઓળખાય છે H1N1, H1N2, H3N2 અને H2N3. આમાંથી મેક્સિકોમાં હાલમાં થયેલો ઉપદ્રવ H1N1 પ્રકારના વાઇરસથી થયેલો જણાય છે. ડુક્કરો આ વિષાણુઓના નિવાસસ્થાન તરીકે કામ કરતા રહ્યા છે.

સ્વાઇન ફ્લુનો ઉપદ્રવ માણસજાતને ઘણો ભારે પડી જાય છે. માંસાહારી દેશોમાં ડુક્કરોની વસતિમાં સ્વાઇન ફ્લુનો ઉપદ્રવ ફાટી નીકળવાથી તેમનું માંસ નકામું જાય છે. અમેરિકાના વૈજ્ઞાનિકોએ તેની સામે રક્ષણ પૂરું પાડવા માટે નવી રસી પણ શોધી કાઢેલી. માણસોમાં આ રોગનો ચેપ બે રીતે લાગુ પડતો હોય છે. એક, ચેપનો ભોગ બનેલા ડુક્કરો પાસેથી તેમના સંપર્કમાં આવતી અન્ય વ્યક્તિઓને. માણસથી માણસને તેનો ચેપ હવાના સૂક્ષ્મ રજકણો દ્વારા તો ફેલાય છે ઉપરાંત ફ્લુના ચિહ્નો ધરાવનાર વ્યક્તિઓ વારંવાર પોતાના નાકને અડે ત્યારે તેનો ચેપ તેમના હાથને અને તે દ્વારા તેઓ જ્યાં જ્યાં પણ સ્પર્શે તે સઘળી રોજ-બ-રોજના વપરાશની નિર્જીવ ચીજવસ્તુઓ પર લાગી જાય છે. આવી ચીજોને અજાણતા અડકનાર અન્ય લોકો તેના ચેપનો ભોગ બની બેસે છે.

માણસોમાં સ્વાઇન ફ્લુના લક્ષણો અન્ય પ્રકારના ફ્લુનાં ચિહ્નો જેવા જ હોય છે. તે આ પ્રમાણે છે : તાવ, ખાંસી, ગળામાં દુખાવો થવો, શરીરમાં દુખાવો, શિરદર્દ, ઠંડી લાગવી અને થાક - અશક્તિનો અનુભવ થવો. આ ઉપરાંત તેના દર્દીઓને ઝાડા અને ઉલટીની તકલીફ પણ થતી હોય છે. નિદાન માટે ડુક્કરો અને માનવ દર્દીઓના નાક અને ગળાના અંદરના ભાગેથી મેળવેલા પ્રવાહીના નમૂનાનું લેબોરેટરી પરીક્ષણ કરવામાં આવે છે.

- **સારવાર :**

આ રોગ વિષાણુઓના ચેપથી ફેલાય છે. તે શરદીના અન્ય રોગ જેવો છે. સ્વાઇન ફ્લુની સારવારમાં અમુક વિષાણુ પ્રતિરોધક દવાઓ ઉપયોગી છે. અમેરિકાનું ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન સેન્ટર આ રોગની સારવારમાં ઓસ્ટેલ્ટામિવિર અથવા ઝાનામિવર નામની એન્ટી વાઇરસ દવાઓ આપવાની ભલામણ કરે છે. રોગના ચિહ્નો જણાય તેના બે દિવસની અંદર જ જો આ દવાઓ ચાલુ કરી દેવામાં આવે તો તે ધાર્યું પરિણામ આપે છે. આ દવાઓ ઉપરાંત તેની સારવારમાં દર્દીને પૌષ્ટીક આહાર અને પુષ્કળ પ્રવાહી આપવાથી તેની હાલતમાં ઝડપથી સુધારો થાય છે.

- **સ્વાઇન ફ્લુનું નિવારણ :**

આ રોગના નિવારણનાં ત્રણ પાસાઓ છે. ડુક્કરોમાં રોગ થતો અટકાવવો, માણસોને તેનો શિકાર થતા રોકવા અને મનુષ્યથી મનુષ્યની અંદર રોગનો પ્રસાર થતો રોકવો.

ડુક્કરોને આ રોગનો ભોગ બનતા અટકાવવા માટે સ્વાઇન ફ્લુ વિરોધી રસી પણ અમેરિકામાં ઉપલબ્ધ છે. મનુષ્યોથી મનુષ્યોને રોગનો ચેપ ફેલાતો અટકાવવાનું પણ એટલું જ મહત્ત્વનું

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૭ ઉપર )

સ્વાસ્થ્ય

# ચિત્તભ્રમની બીમારી : સારવાર (૨)

ડૉ. મણિલાલ ગડા
ડૉ. દિપ્તી શાહ (ગડા)

ગયા લેખમાં આપણે ચિત્તભ્રમની બીમારીની સારવાર વિશે જાણ્યું. જેમાં (૧) દવાઓ દ્વારા સારવાર તથા (૨) બિહેવિયર થેરાપી દ્વારા સારવાર વિશે ઉંડાણમાં માહિતી મેળવી.

સારવારની અન્ય પદ્ધતિઓ વિશે આ અંકમાં જાણકારી મેળવીએ.

**૩. કુટુંબીજનોની ભૂમિકા (Role of Care Takers) :**

ચિત્તભ્રમ બીમારીના દર્દી પ્રત્યેનું નકારાત્મક વલણ તથા કટુવચનો ચિત્તભ્રમની બીમારીની સારવારમાં આડખીલી બને છે તથા બીમારીનું પ્રમાણ વધારે છે.

"દર્દી આળસુ થઈ ગયો છે, તેને કામ કરવું નથી." "એ ઢોંગ કરે છે, નાટક કરે છે, કોઈ બીમારી નથી." વગેરે દર્દી માટે કટુવચનો છે. મનોવૈજ્ઞાનિક સત્ય એ છે કે આ ચિત્તભ્રમની બીમારીના લક્ષણો છે તથા આ લક્ષણો પર દર્દીનો કાબૂ હોતો નથી.

જેમ ડાયાબિટીસના દર્દીને મીઠાઈ આપવાથી નુકસાન થાય છે (હેતુ સારો હોવા છતાં) તેમ ચિત્તભ્રમની બીમારીથી પીડાતા દર્દી માટે કટુવચનો તથા નકારાત્મક વલણ નુકસાન કરે છે અને સારવારમાં અવરોધ સર્જે છે.

ચિત્તભ્રમની બીમારીથી પીડાતા દર્દીના સ્વજનો અને કુટુંબીજનોએ દર્દીને સહાનુભૂતિપૂર્વક સમજવાની કોશિશ કરવી જોઈએ (empathy). દર્દીના ગમા અણગમા, અપેક્ષાઓને ધ્યાનમાં રાખી, એ પ્રમાણેની વર્તણૂંક કરવી જોઈએ તથા વાણીમાં સંયમ કેળવવો જોઈએ. સ્વજનોના મનમાં શું છે એના કરતાં દર્દી સ્વજનોની વર્તણૂંક - વાણીનું કેવી રીતે અર્થઘટન કરે છે એ મહત્ત્વનું છે. સ્વજનોએ સમજણપૂર્વક યોગ્ય પ્રયત્નો કરવા જોઈએ જેથી દર્દી હકારાત્મક અર્થઘટન કરે તથા સારવારમાં યોગ્ય સાથ અને સહકાર આપે.

ચિત્તભ્રમની બીમારીના દર્દીને હંમેશાં મહેસુસ થવું જોઈએ કે સ્વજનોને દર્દી પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ છે. દર્દીને થવું જોઈએ કે ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ સ્વજનોનો સાથ અને સહકાર મળી રહેશે. આવી સકારાત્મક લાગણીને લીધે દર્દી જલ્દી સારો થાય છે. બીમારીનો ઉથલો થવાની શક્યતા આથી ખૂબ ઘટી જાય છે.

કોઈપણ વસ્તુનો અતિરેક નુકસાનકર્તા છે. તેવી જ રીતે વધારે પડતી લાગણી તથા વધારે પડતી સહાનુભૂતિ દર્દીને પાંગળો બનાવે છે અને સારવારમાં બાધારૂપ બને છે. સ્વજનોએ દર્દીને ધીમે ધીમે પોતાની જવાબદારી સંભાળી લેતા કરવું જોઈએ. સ્વજનોએ મક્કમ વલણ અપનાવી, દર્દીને પોતાની જવાબદારી સ્વીકારતા કરવું અગત્યનું છે. સારવારનો હેતુ હોય છે કે દર્દી પૂર્વવત પ્રમાણે પોતાનું કામ કરતો થાય, પોતાની જવાબદારી સ્વીકારી પોતાના પગ પર ઊભો રહે. નીચેનો કેસ એનું ઉદાહરણ છે.

● **કેસ સ્ટડી :**

૪૦ વર્ષના રમેશને ચિત્તભ્રમની બીમારી થયેલ. વિચારો, વર્તણૂંક, વાણી, લાગણી, કાર્યશક્તિ, એકાગ્રતાને લગતા લક્ષણો હતા. છએક મહિના ભુવા તથા બીજી વિધિઓ કરવામાં વેડફી નાખ્યા. સમય, પૈસાની બરબાદી થઈ. બીમારીનું પ્રમાણ વધી ગયું. ત્યારબાદ લેખક પાસે લઈ આવ્યા. સારવારના એકાદ મહિનામાં જ ફરક જણાયો. ત્રણ મહિનાની સારવારમાં ઘણો જ ફરક પડ્યો.

રમેશ બીમાર પડ્યો એ પહેલાં પોતાનો ધંધો સારી રીતે સંભાળતો હતો. પિતાજીના મૃત્યુ બાદ એકલે હાથે ધંધો સંભાળ્યો હતો. દાયકામાં ધંધામાં સારી પ્રગતિ કરી હતી. બંને નાના ભાઈઓને પણ આ ધંધામાં સાથે રાખી સ્થિર કર્યા હતા. કુટુંબની જવાબદારીઓ પણ સાથે સાથે યોગ્ય રીતે નિભાવતો હતો.

રમેશની બીમારી દરમ્યાન વચેટ ભાઈએ ધંધાની જવાબદારી સ્વીકારી લીધી હતી. ધંધો પૂર્વવત વ્યવસ્થિત ચાલવા લાગ્યો. પરિવારજનોને એમ લાગતું હતું કે રમેશ પર ધંધાનું તથા કુટુંબની વધારે પડતી જવાબદાર હતી તથા વધારે પડતું ટેન્શન હતું એટલે

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com ● www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

રમેશને ચિત્તભ્રમની બીમારી થયેલ. આથી બીમારી કાબૂમાં આવ્યા બાદ પણ રમેશને ધંધાની જવાબદારી આપી નહીં. ધંધા વિશેના બધા નિર્ણયો ભાઈ લેતો હતો. રમેશ ધંધા પર જતો પરંતુ ત્યાં સમય પસાર કરવા સિવાય બીજું કાંઈ કામ રહેતું નહીં. આની રમેશના મન પર નકારાત્મક અસર થવા લાગી. દુકાન પર જવાનું રમેશનું અનિયમિત થઈ ગયું. એકલો અટૂલો રહેવા લાગ્યો. વિચારોની દુનિયામાં રમેશ ખોવાઈ જતો. બીમારીનો ઉથલો થયો. સારવારમાં દવાનું પ્રમાણ વધારવું પડ્યું. ધીમે ધીમે ફરીથી સુધારો થવા માંડ્યો.

સારવાર દરમ્યાન કાઉન્સેલિંગમાં રમેશે જણાવ્યું કે મારા પર હવે કોઈ જવાબદારી નથી, કામ નથી, પ્રવૃત્તિ નથી. સમય પસાર થતો નથી. લેખકે વચેટ ભાઈને બોલાવીને રમેશને ધંધામાં જવાબદારી આપવા પર ભાર મૂક્યો તથા આગળની સારવાર માટે જવાબદારી અગત્યની છે એમ સમજાવ્યું.

આ દરમ્યાન બિલ્ડિંગની સોસાયટીમાં રમેશને સેક્રેટરી બનાવ્યો. રમેશ નિયમિતપણે સેક્રેટરીનું કામ કરવા લાગ્યો. આ દરમ્યાન મ્યુનિસિપાલિટીની ઑફિસમાં અધિકારી જોડે ટેક્ષ તથા પાણીના બિલ બાબત યોગ્ય રજૂઆત કરી. આથી બિલમાં લગભગ પચાસેક હજારનો સોસાયટીને ફાયદો થયો. સોસાયટીમાં રમેશનું માન વધી ગયું. રમેશના આત્મવિશ્વાસમાં વધારો થયો.

ધંધામાં પણ રમેશ પર જવાબદારી આવવા લાગી. ભાઈ ધીરે ધીરે જવાબદારી વધારતો ગયો તથા રમેશ એ પ્રમાણે વ્યવસ્થિત રીતે જવાબદારી સંભાળતો થયો.

સારવાર બાદ રમેશ પૂર્વવત ગુણવત્તાભર્યું જીવન (Quality life) જીવવા લાગ્યો.

### ૪. શોક ટ્રીટમેન્ટ

**(Electro Convulsive Therapy – ECT) :**

(અ) જ્યારે ચિત્તભ્રમ બીમારીનું પ્રમાણ વધારે હોય (severe), (બ) ઉશ્કેરાટ, ગુસ્સો વધારે હોય. જેને લીધે દર્દીને કે બીજાને નુકસાન થવાની શક્યતા હોય. (ક) દર્દીએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોય ત્યારે દવાઓની સાથે શોક ટ્રીટમેન્ટ અપાય છે.

શોક ટ્રીટમેન્ટમાં એનેસ્થેશિયા આપી (દર્દીને બેહોશ કરી) ફક્ત ૯૦થી ૧૦૦ વોલ્ટનો કરંટ ફક્ત એક કે બે સેકન્ડ માટે જ અપાય છે (ભારતમાં ઘર માટે વપરાતી વીજળી ૨૩૦ વોલ્ટની હોય છે.) શોક ટ્રીટમેન્ટ આપતી વખતે દર્દીને કોઈપણ પ્રકારની તકલીફ થતી નથી. દર્દીને દુખાવો કે પીડા નથી થતી. શોક ટ્રીટમેન્ટ માટે દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂરત નથી. ટ્રીટમેન્ટ આપ્યા બાદ એકથી બે કલાકમાં દર્દી ઘરે જઈ શકે છે.

શોક ટ્રીટમેન્ટ સલામત, બિનહાનિકારક તથા વૈજ્ઞાનિક પધ્ધતિની સારવાર છે. સામાન્ય રીતે દર્દીને ૬થી ૧૦ ટ્રીટમેન્ટ અપાય છે. શોક ટ્રીટમેન્ટ અસર ઝડપથી (દિવસોમાં) થાય છે જ્યારે બીજી સારવારની પધ્ધતિની અસર થતાં ઘણો સમય (અઠવાડિયા કે મહિનાઓ) લાગે છે.

લોકોમાં શોક ટ્રીટમેન્ટ વિશે ઘણીબધી ગેરસમજ છે, ખોટી ભ્રામક માન્યતાઓ છે. મગજના સી.ટી. સ્કેન (C.T. Scan), એમ.આર.આઈ. સ્કેન (MRS Scan) તથા પેટ સ્કેન (PET Scan) જેવી આધુનિક તપાસ અને સંશોધન દ્વારા સાબિત થયેલ છે કે –

૧. મગજ (Brain)ને નુકસાન થતું નથી.
૨. મગજ (Brain) નબળું પડતું નથી.
૩. યાદશક્તિ ઓછી થતી નથી.

કોઈક જ કિસ્સામાં તાત્પુરતી યાદશક્તિ (recent memory) ઓછી થાય છે, જે થોડા દિવસોમાં પાછી આવી જાય છે.

### ● સારાંશ :

૧. ચિત્તભ્રમ માનસિક તથા શારીરિક બીમારી છે.
૨. ચિત્તભ્રમ બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં રચના, કદ, રસાયણોમાં ફેરફાર થાય છે.
૩. આને લીધે (અ) વિચાર, (બ) વાણી, (ક) વર્તણૂંક, (ડ) ભાવના, (ઇ) કાર્યશક્તિ, (એફ) એકાગ્રતા, (એચ) ગ્રહણશક્તિ પર વિપરીત અસર થાય છે.
૪. ચિત્તભ્રમ બીમારીની સારવારમાં દવાઓ પ્રાથમિક અને મુખ્ય ઘટક છે.
૫. પૂરક ચિકિત્સા તરીકે (અ) કાઉન્સેલિંગ, (બ) બિહેવિયર થેરાપી, (ક) કુટુંબીજનોનો યોગ્ય સાથ અને સહકાર અગત્યના છે.
૬. મનોચિકિત્સકની સલાહ પ્રમાણે યોગ્ય લાંબાગાળાની સારવાર કરવી જરૂરી છે.
૭. ઉપરોક્ત સર્વેના પરિણામ સ્વરૂપ દર્દી ગુણવત્તાભર્યું જીવન (Quality Life) જીવી શકે છે. જેમાં ધંધાકીય જવાબદારી, કૌટુંબિક જવાબદારી તથા સામાજિક જવાબદારી લઈ દર્દી નોર્મલ જીવન જીવી શકે છે. ■

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

હાસ્ય

# હૃદય ઉપર મર્મ-ઘાતી હુમલો

ડૉ. નલિની ગણાત્રા

હૃદય એક મર્મસ્થાન છે અને હું એક મર્મ લેખક છું. એટલે હૃદય ઉપર મર્મઘાતી હુમલો કરવાનો મને કાયદેસર અધિકાર છે અને મારી ખાસિયત એ છે કે હું ફરજ ભલે રજ જેટલી પણ ન બજાવી શકું, પણ અધિકાર તો એક પૈસાનો પણ જતો ન કરું! હૃદય એક સિન્સિયર અવયવ છે. પણ હૃદયની વાત હું સિન્સિયરલી કરું તો – કાર્ડિયોલોજિસ્ટ સિવાય કોઈનેય રસ ન પડે. અને હું રહી વાચકભૂખી લેખક! એટલે મજબૂરીથી મર્મઘાતી હુમલો જ કરીશ.

શરીરના બધા અવયવોમાં હૃદયની ભારે બોલબાલા છે. એ નેતા અવયવ છે. એટલે જ સિક્યુરિટી તરીકે એને છાતીનું મજબૂત પાંજરું ફાળવવામાં આવ્યું છે. આવી ચુસ્ત સિક્યુરિટીને કારણે જ એ સ્થૂળ રીતે જલદીથી ઈન્જર્ડ નથી થતું; પરંતુ સૂક્ષ્મ રીતે ઇમોશનલી એ વારંવાર હર્ટ થઈ જાય છે. તેથી એને હાર્ટ કહે છે. કેટલાકનું હાર્ટ હાર્ડ પણ હોય છે. આવા 'હાર્ડવેર' પોતાને હૃદય છે એવો અણસાર આવવા દેતા નથી. એમને ઍટેકની રેડ પડે ત્યારે જ એ 'મિલ્કત' જાહેર થાય છે!

હાર્ટ ઍટેક એ જૅકપોટ જેવો છે. આ ઍટેકજૅક જેને લાગે એની આસપાસ લોકો ઓ..હો..હો... કરતાંકને ઊમટે છે. કેટલાક તો એ જોવા આવે છે કે આને એવો કેવો ઍટેક આવ્યો કે મૂઓ બચી ગયો?! જો કે એક બાબત મેં નોંધી છે કે ઍટેક આવ્યા પછી મૂળચંદ ઓળખાય નહીં એવો સીધો થઈ જાય છે. હૃદય એ શરીરનું 'પ્રધાન' અવયવ છે. એટલે એને ત્રણ ઍટેકની સવલત અપાઈ છે. મતલબ પહેલો ઍટેક અધકચરો આવે તો હાર્ટને ઍટેકના બીજા બે રી-ટેક મળે છે. 'પ્રધાન'ને આવા વધારાના લાભ આપવા પડે એ તો!! સામાન્ય રીતે હાર્ટનાં ત્રણ ઍટેકનો રિવાજ છે. એમાં પ્રાયઃ ત્રીજો ઍટેક 'બૂમ' ઓરકેસ્ટ્રા સાથે 'ધૂમ' મચાવી માણસને દૂર દૂર ફગાવી દે છે. જો કે કેટલાક તગડાઓને ત્રણથી વધુ ઍટેક પણ આવતા હોય છે. એક સાસુ મેડમને સાત ઍટેક આવી ગયા છે!!! આ દિલધડક કહાની નથી, પરંતુ એમની વહુઓએ દુઃખી દિલે કહેલી સત્ય ઘટના છે. સદરહુ સાસુ અણનમ 'ખેલાડી' છે. મતલબ 'ખેલાડી' પણ છે. અને હજુ સુધી અણનમ પણ છે. ઍટેકની પીડા સાસુને પોતાને થાય છે પરંતુ એમનાં ઍટેક ફેઈલ્યોરની પીડા એમની વહુઓને થાય છે. સાસુ અડીખમ છે. જ્યારે સાસુને વંદન કરી કરીને વહુઓ અકાળે કેડેથી વળી ગઈ છે. જેણે સાત સાત ઍટેકને સાઈડટ્રેક કર્યા હોય એવી સજ્જડ સાસુ, માસૂમ વહુઓને બ્રેક (રાહત) શાની આપે? ક્યાંય પણ કોઈના પણ હાર્ટ ઍટેકની વાત નીકળે તો આ સાસુબહેનની વહુઓ પોતાની સાસુનાં સાત ઍટેકની વાર્તા માંડે જ! અને ત્યારે એ વહુઓના ચહેરા પર હાવભાવને બદલે 'હાઉ' (બીક) ભાવ સોજાની જેમ ઊપસી આવે!

ઍટેકને આઈ.સી.યુ.માં ખસેડી હવે હેલ્ધી હાર્ટની વાત કરીએ. હૃદય એક છે. યુવાનીમાં બે થાય છે. એને ઍટેક ત્રણ આવે છે – અને એમાં ખાનાં ચાર હોય છે. આમ હૃદયને જબરદસ્ત સીક્વન્સવાળી બાજી મળી છે. એટલે જ હૃદય પાસે બધા હારી જાય છે. હૃદયનાં ચાર ખાનાં વચ્ચે બારણાં (વાલ્વ) આવેલાં છે. જે સ્ટોપરના ઓશિયાળા નથી હોતા. કારણકે એને 'સીમ સીમ ખુલ જા અને સીમ સીમ બંધ હો જા'નો જાદુઈ ચિરાગ મળેલો છે. અત્યારની 'ઑટો ક્લોઝર' સિસ્ટમનો આઈડિયા એન્જિનિયરોએ આ હૃદય પાસેથી જ ચોરેલો છે. હૃદયનાં આ બે બારણાં બગડે તો રિપેરિંગ માટે કડિયા - મિસ્ત્રી પાસે નહીં પણ કાર્ડિયોલોજિસ્ટ પાસે દોડવું પડે છે. દર્દીએ નહીં દોડવાનું, એને લઈ જનારે દોડવાનું!! આખરે... હૃદયનાં દ્વાર છે ભઈલા... જે તે રિપેર ન કરી શકે.

હૃદય ડેમેજ થાય તો કૃત્રિમ હૃદય બેસાડાય છે, પણ એમાં કુદરતી હાજત અને કૃત્રિમ હાજત (હરડે હાજત) જેટલો તફાવત રહે છે. એટલે જ કહું છું હૃદયને સાચવી લેજો બાપલિયા! હૃદયને સાચવવું એટલે પડે કે હૃદય એક છે અને સુખદુઃખની લાગણી - અનુભૂતિ બધાને એકસરખી જ થાય છે. માન આપો તો મૂળચંદ અને મહાત્મા બંને મૂછમાં મલકાય છે અને અપમાન કરો તો અમથાલાલ અને અમીરચંદ બેયનાં દિલમાં અપસેટ સર્જાય છે!!

GIRISH © 2567 5418 • MUKESH © 2568 5279

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

હાથ, પગ, કાન, કિડની, ફેફસાં વગેરે અવયવો ઈશ્વરે પહેલેથી જ બે એટલે કે સ્પેરવ્હીલ સાથે આપ્યા છે. જ્યારે હૃદય એક જ આપ્યું છે. એનું કારણ એ છે કે પ્રેમમાં પડવાથી હૃદય એકનાં બે થાય છે. જ્યારે પ્રેમમાં પડવાથી કિડની, ફેફસાં વગેરે અવયવોમાં કોઈ વધારો થતો નથી. વળી હૃદય એ તો મા છે અને મા એક જ હોય. રિશ્તેમેં મૈં તેરા બાપ લગતા હૂં... એવું કહીને બાપ તો કેટલાય ઊગી નીકળે છે પણ 'રિશ્તેમેં મૈં તેરી મા લગતી હૂં...' એવો ડાયલોગ છતે કાને આજ સુધી આપણને સાંભળવા નથી મળ્યો.

અરે, લુખ્ખાઓ એવી દાદાગીરી કરતા હોય છે કે, તેરા જડબા તોડ ડાલૂંગા... કાન કે નીચે એક ખીંચ દૂંગા... બાલ ઉખાડકે વીગ બના દૂંગા... ખોપડી તોડકે ખીંટીપે લટકા દૂંગા... આંખ ખીંચકે ચક્ષુદાન કર દૂંગા... ટાંટિયા તોડકે ટોઈંગમેં ચડા દૂંગા... (ટાંટિયા-પગ એ કુદરતી વાહન જ ને?) વગેરે. અને કોઈ ગુજ્જુને ગુસ્સો આવ્યો તો આવેશમાં એવી ધમકીયે આપી દે કે, 'તારા હાથ તોડીને તારા હાથમાં આપી દઈશ!' હવે તમે જ કહો, હાથ તોડીને હાથમાં કેવી રીતે અપાય? પણ કહેવાનો મતલબ કે આવું કહીને આપણને તકલાદી પુરવાર કરવાવાળા ઘણા મળી આવે. પણ હૃદયની વાત આવે તો લલ્લુલુખ્ખો મોળો પડી જાય. 'મેરા બસ ચલે તો દિલ ચીરકે દીખા દૂં...' એવું ગાઈને દિલ ચીરવાની બાબતમાં બેબસી નોંધાવી દે. કારણ કે હૃદય એ મા છે. 'ભીને સૂઈ માએ, સૂકે સુવાડ્યા આપને...'ની જેમ હૃદય પણ 'અશુદ્ધ લોહી લઈ તમારું, શુદ્ધ કરી પાછું આપ્યું' એવું હાલરડું ગાય છે. બીજું કે પોતે બનાવેલી બધી રસોઈ મા ઝાપટી જતી નથી. એ પોતે ખપ પૂરતું જ ખાય છે અને બાકીનું કુટુંબના સભ્યોને પીરસી દે છે એમ હૃદય પોતાના નિર્વાહ પૂરતું લોહી રાખી બાકીનું બધા અવયવોને પહોંચાડી દે છે.

આમ હૃદય ઉદારદિલ છે, પરંતુ એના રસ્તામાં એટલે કે શિરા - ધમનીમાં કોઈ આડું આવે તો... 'મારે કાં માંદો કરે'ના ધોરણે 'ક્રિષ્ના' પાસે મોકલી દે કે પછી ક્રિષ્ના (હાર્ટ કેર હૉસ્પિટલ)માં ધકેલી દે.

જોયુંને, હૃદય એક છે પણ કામ બે કરી જાણે છે. પ્રેમના ગુલ પણ ખીલવે અને ગુલાંટ પણ ખવડાવે. હૃદય ચાલુ છે ત્યાં સુધી રામ રામ બોલી લો. એ બંધ પડશે પછી 'રામ બોલો ભ'ઈ રામ...'

- **છમ્મવડું :**

હૃદયની લે-વેચમાં દસ્તાવેજની કડાકૂટ નથી હોતી.

## આંજો કાગર

સવિનય જયભારત (જય નર્મદે કચ્છને કરે નવપલ્લવિત) સહ જણાવવાનું કે જોડણી દોષ વગરના સ્વચ્છ - સુઘડ 'મંગલ મંદિર'માં 'છોરાંવછોઈ' તળપદી ભાષામાં જમાવટ કરે છે તથા અન્ય વિભાગ પણ સુંદર વાંચન સામગ્રી પૂરા પાડે છે. બાલુડેંજી ગાલિયું વગર થોડું સૂનું લાગ્યું. સંવેદનમાં 'નાનાણું' ખરેખર સંવેદનાના તાર ઝણઝણાવી ગયું.

ચાતક નજરે વરસાદની ઝંખનામાં નર્મદા નીરનાં વધામણા સાથે જય કચ્છ... જય જય ગરવી ગુજરાત.

*દિનેશ એમ. જોશી - માંડવી, કચ્છ*

*મનના રેશમી પડદા ઉપર અનેક જાતનાં ચિત્રો આકાર લેતાં હોય. પણ જ્યાં સુધી ચિત્રકાર હાથમાં પીંછી લઈને મહેનત કરતો નથી ત્યાં સુધી એ કલાકારની કોઈ કિંમત કરતું નથી.*

પંચગની હવાફેર
પ્રકૃતિના સાન્નિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવાફેર કરવા પધારો.
શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
રાજલક્ષ્મી આરોગ્યધામ
મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709

Estd. 1955
Laxmichand Dharshi
Container Transportation & Handling
Govt. Contractors ● Erection Job
Owners & Suppliers
Crane ● Top Lifter ● Forklift ● Trailor ● Truck ● Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
H.O. : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
L. D. Yard (Jasai, JNPT) : 6522 3399

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263
જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન



# બાબુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફ્લેટમેં ભોંયતળિયે રેંતાં સે શામુ અને અનજી ઘરવાળીજો રોજ ઝઘડો થીયેતો અને અજ તા શામુજી ઘરવાળી શામુકે ધક્કા મારેને બાર છડે આવઈ સે કુરો કારણ આય સે તપાસ ત કર...

બચુડો : (તપાસ કે ને ચેં) અધા, શામુજી ઘરવાળીકે ચેઈન ખપઈ તે ને તેંલા રોજ ઝઘડો થ્યોતે. અતરે શામુ કંટાળેને ચેઈન ગેને આવ્યો. પણ શામુ અનમેં માઠાઈ કે ને સોન ક ચાંદીજી ચેઈન ન ગેને આવ્યો પણ સાઈકલજી ચેન ગેને આવ્યો. અતરે અનજી ઘરવાળી ધક્કા મારેને અનકે ઘરબારા છડે આવઈ.

## ખિલજા મ ભલા

છોકરો : (પિતાને) કાળી મરઘી અને ધોળી મરઘીમાં વધારે હોંશિયાર કોણ?

પિતા : ખબર નથી.

છોકરો : એ તો સાવ સહેલું છે. કાળી મરઘી ધોળા ઈંડા મૂકી શકે છે પણ ધોળી મુરઘી કાળા ઈંડા નથી મૂકી શકતી. એટલે કાળી મરઘી વધારે હોંશિયાર કહેવાય.

☺ ☺ ☺ ☺ ☺

ઘરડો માણસ : કેમ, કેવી ગરજ પડી? એ તો ગરજે ગધેડાને પણ બાપા કહેવા પડે.

યુવાન : આ બાપા, ગરજ પડી ત્યારે જ તમારી આગળ આવ્યો છું.

☺ ☺ ☺ ☺ ☺

મગનલાલ: અલ્યા પર્વ, તું પ્રામાણિક લાગે છે. મારી તો દસ રૂપિયાની નોટ ખોવાઈ હતી અને તું છૂટ્ટા પૈસા આપે છે...

પર્વ : હા, એની મને ખબર છે. પણ તમે મને નોટ જડવા બદલ બક્ષીસ આપી શકો એ માટે વટાવીને પરચુરણ લઈ આવ્યો છું.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : ઍફિલ ટાવર કરતા વધુ ઊંચું કૂદી શકે એવું કયું પ્રાણી છે?

આદિત્ય : સર, કોઈ પણ પ્રાણી આ ટાવર કરતાં ઊંચું કૂદી શકે છે કારણકે ટાવર તો જરા પણ કૂદી શકતું નથી.

☺ ☺ ☺ ☺ ☺

જજ સાહેબ: (છૂટાછેડા લેવા આવનાર પતિને) તમારો સંસાર કેટલા વર્ષ ચાલ્યો?

પતિ : સાહેબ, દસ વર્ષ.

જજ : તો એ તમારી પત્નીનો સદ્‌ગુણ કહેવાય.

પતિ : ના સાહેબ, એ મારી સહનશક્તિ હતી.

☺ ☺ ☺ ☺ ☺

છગન : અરે મગન, આપણે બેઠા છીએ એ હોડીમાં તો કાણું પડ્યું છે અને એમાં પાણી ભરાઈ રહ્યું છે. જો આ ચાલુ રહેશે તો હોડી ડૂબશે અને આપણે પણ ડૂબીશું.

મગન : છો ડૂબતી... હોડી ક્યાં આપણી છે. વળી એણે તો બેસવા માટે આપણી પાસેથી ડબલ પૈસા લીધા છે.

☺ ☺ ☺ ☺ ☺

લલ્લુ : અરે ભાઈ, આ ટાઈ કેટલાની છે?

બલ્લુ : બસ્સો રૂપિયાની.

લલ્લુ : બસ્સો રૂપિયામાં તો બુટ આવી જાય.

બલ્લુ : તો ગળે લટકાવીને ફરો.

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : યાર ચીન્ટુ, આજે તો હું પરીક્ષામાં બહુ બધી કાપલીઓ લઈ ગયો હતો પણ તેનો સહેજ પણ ઉપયોગ કર્યો નહીં.

ચીન્ટુ : શાબ્બાસ. તું ખરેખર પ્રામાણિક થઈ ગયો છે.

મોન્ટુ : ના, સાવ એવું નથી કારણકે કાપલીઓ હું વિજ્ઞાનની લઈ ગયો હતો અને પરીક્ષા ઈતિહાસની હતી.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : (ગર્વથી) આજે હું જે કાંઈ છું તે મારી બુધ્ધિબળનો પ્રભાવ છે.

પત્ની : સારું થયું તમે જાતે જ ખુલાસો કર્યો. હું તો આના માટે ઈશ્વરની કૃપા ગણતી હતી.

☺ ☺ ☺ ☺ ☺

મગનલાલ: અરે બાકી બધું તો ઠીક પણ તમારો મકાન માલિક કેવો છે?

છગનલાલ: આમ તો સારો માણસ છે. પણ એની જિજ્ઞાસાવૃત્તિ નાના બાળક જેવી છે. જ્યારે ને ત્યારે પૂછ્યા કરે છે, તમારું આઠ મહિનાનું ચડેલું ભાડું ક્યારે આપશો?

☺ ☺ ☺ ☺ ☺

રમીલાબેન : આજકાલ શાકભાજીવાળા પણ બહુ ચગ્યા છે.

મોનાબેન : કેમ, શાકભાજી બરાબર નથી લાવતા?

રમીલાબેન : ના, ના... એવું નથી. પણ દરેક ફ્લેટ અને બંગલા પાસે લારી ઊભી રાખી બૂમો પાડે છે.... 'છે કોઈ માઈનો લાલ, જે લે ટમેટા લાલ લાલ...?'

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

ભારતીય સંસ્કૃતિના મૂલ્યો અને આધ્યાત્મિક વારસા વિશે ગયા અંકમાં અવગત થયા. હવે થોડુંક વધારે જાણીએ.

(ગતાંકથી ચાલુ)

**★ હિંદુ સંસ્કૃતિના ચાર પુરુષાર્થ**

| | |
|---|---|
| ૧. ધર્મ | ૩. કામ |
| ૨. અર્થ | ૪. મોક્ષ |

**★ હિંદુ સંસ્કૃતિના ચાર આશ્રમ**

| | |
|---|---|
| ૧. બ્રહ્મચર્યાશ્રમ | ૩. વાનપ્રસ્થાશ્રમ |
| ૨. ગૃહસ્થાશ્રમ | ૪. સંન્યાસાશ્રમ |

**★ હિંદુ સંસ્કૃતિની મૂલ્યવાન પરંપરાઓ**

| | |
|---|---|
| ૧. યજ્ઞ | ૧૧. દાન |
| ૨. પૂજન | ૧૨. ભૂમિપૂજન - શિલાન્યાસ |
| ૩. સંધ્યા | ૧૩. સુતક |
| ૪. શ્રાદ્ધ | ૧૪. તિલક |
| ૫. તર્પણ | ૧૫. માળા |
| ૬. યજ્ઞોપવિત | ૧૬. ચાંદલો-ચૂડી-સિંદૂર |
| ૭. સૂર્યને અર્ઘ્ય | ૧૭. નૈવેદ્ય |
| ૮. તીર્થયાત્રા | ૧૮. દેવદર્શન - આરતી |
| ૯. ગોદાન | ૧૯. અન્નદાન - અન્નક્ષેત્ર |
| ૧૦. ગોરક્ષા-ગોપોષણ | |

**★ ચાર વેદ**

| | |
|---|---|
| ૧. ઋગ્વેદ | ૩. અથર્વવેદ |
| ૨. સામવેદ | ૪. યજુર્વેદ |

***ભારતીય તત્ત્વજ્ઞાનની આધારશિલા કહેવાય તેમાં ત્રણ ગ્રંથોનો સમાવેશ થાય છે.***

૧. ઉપનિષદો
૨. બ્રહ્મસુત્ર
૩. શ્રીમદ્ ભગવદ્ ગીતા

**★ છ શાસ્ત્ર**

| | |
|---|---|
| ૧. વેદાંગ | ૪. વ્યાકરણ |
| ૨. સાંખ્ય | ૫. યોગ |
| ૩. નિરૂક્ત | ૬. છંદ |

**★ સાત નદીઓ**

| | |
|---|---|
| ૧. ગંગા | ૫. નર્મદા |
| ૨. યમુના | ૬. સિંધુ |
| ૩. ગોદાવરી | ૭. કાવેરી |
| ૪. સરસ્વતી | |

**★ પંચામૃત**

| | |
|---|---|
| ૧. દૂધ | ૪. મધ |
| ૨. દહીં | ૫. ખાંડ |
| ૩. ઘી | |

**★ પંચ તત્ત્વ**

| | |
|---|---|
| ૧. પૃથ્વી | ૪. આકાશ |
| ૨. જળ | ૫. અગ્નિ |
| ૩. વાયુ | |

| ★ ત્રણ ગુણ | ★ ત્રણ દોષ |
|---|---|
| ૧. સત્ત્વ | ૧. વાત |
| ૨. રજ | ૨. પિત્ત |
| ૩. તમસ | ૩. કફ |

| ★ ત્રણ લોક | ★ ત્રણ દેવ |
|---|---|
| ૧. આકાશ | ૧. બ્રહ્મા |
| ૨. મૃત્યુ લોક | ૨. વિષ્ણુ |
| ૩. પાતાળ | ૩. મહેશ |

**★ સાત સાગર**

| | |
|---|---|
| ૧. ક્ષીર સાગર | ૫. મધુ સાગર |
| ૨. દૂધ સાગર | ૬. મદિરા સાગર |
| ૩. ઘૃત સાગર | ૭. લડુ સાગર |
| ૪. પથાન સાગર | |

| ★ ત્રણ જીવ | ★ ત્રણ વાયુ |
|---|---|
| ૧. જલચર | ૧. શીતલ |
| ૨. નભચર (ખેચર) | ૨. મંદ |
| ૩. થલચર | ૩. સુગંધ |

**★ ચાર વર્ણ**

| | |
|---|---|
| ૧. બ્રાહ્મણ | ૩. વૈશ્ય |
| ૨. ક્ષત્રિય | ૪. ક્ષુદ્ર |


**★ ચાર શત્રુ**

| | |
|---|---|
| ૧. કામ | ૩. મોહ |
| ૨. ક્રોધ | ૪. લોભ |

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૮ ઉપર )

## NanoNine™ શબ્દ રમત-૧૩૨

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૦-૯-૨૦૧૭)*

### આડી ચાવીઓ

૧. નિકમ હરામ, બેઈમાન (૩)
૩. સમત્વ, સરખાપણું (૩)
૬. ________ દિવસ સાસુના તો એક દિવસ વહુનો (૧)
૭. હાર, પંક્તિ, અલગાર (૩)
૮. કસબ, કસબી માલ (૨)
૯. દોજખ (૩)
૧૨. ________ રોટી ખાઓ, પ્રભુ કે ગુણ ગાઓ (૨)
૧૩. ________ના રમકડાં, મારા રામે રમતા રાખ્યા રે (૨)
૧૫. કારીગરી, કળા (૪)
૧૭. ધર્મ (અ) (૪)
૧૯. મનોહર (૪)
૨૨. એક પંથ ને ________ કાજ (૨)
૨૩. ________ સ્ત્રી માત-બહેન સમાન (૨)
૨૪. ________ મસાલા, એક તેજાનો (૨)
૨૬. એક ઈંચ જેટલું માપ (૨)
૨૮. માથું આપે તે ________ (૨)
૨૯. કાજ, કામ (૨)
૩૦. ન દેખાય તેવી બારીક ફાંટ (૨)
૩૧. દૂધની મલાઈ (૨)
૩૩. ધાતુને લાગેલો મેલ, સોનાને ________ લાગે નહીં (૨)
૩૪. એક મ્યાનમાં ________ તલવાર ન રહે (૧)
૩૬. એક સરખા રસવાળું (૪)
૪૦. બીજો ભવ (૪)
૪૩. આ ઝાડના મૂળિયાનું અથાણું બને (૪)
૪૫. સાધુ (૨)
૪૬. ________નું ગજ ને વાતનું વતેસર (૨)
૪૭. રૂપાનું (૩)
૪૯. રાંધેલા ચોખા (૨)
૫૦. સુરતનું ________ ને કાશીનું મરણ (૩)
૫૧. મા તે મા બીજા બધા વગડાના ________ (૧)
૫૨. નિર્ભય (૩)
૫૩. પાછું આપવું તે (૩)

### ઊભી ચાવીઓ

૧. તાલ વગરનું (૩)
૨. લંકાની લાડી ને ઘોઘાનો ________ (૨)
૪. અંતઃકરણ, દિલ, ઈચ્છા, મરજી (૨)
૫. ________મહેતા કા ઉલ્ટા ચશ્મા (૩)
૭. કદવાળું (૪)
૮. ઘા (૩)
૧૦. કબૂલાત, ઠરાવ (૩)
૧૧. રવિવાર (૪)
૧૪. પ્રીતિ, ભાવના, પ્રેમ, વહાલ (૨)
૧૬. રાજાની પત્ની (૨)
૧૮. સારે ________ સે અચ્છા, હિંદુસ્તાન હમારા (૨)
૨૦. મંદ હાસ્ય (૪)
૨૧. મૃત્યુનો દેવ (૨)
૨૩. છાપાનો લખનાર, જર્નાલિસ્ટ (૪)
૨૫. રસમ, રિવાજ (૨)
૨૭. પુત્ર (૨)
૩૨. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૩૩. શક્તિ, વગ, કૌવત (૪)
૩૫. ________ ફાટ્યું ત્યાં થીગડું ક્યાં દેવું (૨)
૩૭. પહેલવાન, કુસ્તીબાજ (૨)
૩૮. જ્ઞાન, સુઝ, અક્કલ, ડહાપણ (૪)
૩૯. ________, અકબર, એન્થોની (૩)
૪૧. જ્યાં ન પહોંચે ________, ત્યાં પહોંચે કવિ (૨)
૪૨. ઋતુરાજ, ચૈત્ર વૈશાખની ઋતુ (૩)
૪૪. રાત્રિ, નિશા (૩)
૪૬. ખેલ, ક્રિડા (૩)
૪૮. ________નું ફડ કરવું (૨)
૫૦. ________, જમીન ને જોરું – ત્રણે કજિયાના છોરું (૨)

*જો શક્તિનો વ્યવસ્થિત અને એકધારો ઉપયોગ થાય તો ઓછામાં ઓછી શક્તિએ વધુમાં વધુ પરિણામ મળી શકે છે. એક જ જગ્યા ઉપર પડતી પાણીની ધારા ધીમે ધીમે પથ્થરને પણ ઘસી નાખે છે.*

## NanoNine™ શબ્દ રમત-૧૩૧નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
